३२८८

# गूजराती पांचमी चोपडीना अर्थ.

આ ચોપડીમાં છોકરાઓને વ્યાકરણનું જ્ઞાન સારી પેઠે થાય તેને માટે પાઠમાં આવેલો દરએક શબ્દ વ્યાકરણમાં કયા વર્ગનો ગણાય છે તે શબ્દની સાથે લખી જણાવ્યું છે. અને તેની સમજવાની નિશાની ટુંકામાં નીચે મુજબ કરી છે તે પ્રમાણે વાંચીને સમજવું.

(ના) નામ.
(સ) સર્વનામ.
(વિ) વિશેષણ.
(ક્રિ) ક્રિયાપદ.
(અ) અવ્યય.
(કૃ) કૃદંત.

### પાઠ ૧લો.

ખરૂં (વિ) સાચું.
છાતી (ના) હિમ્મત.
તોબરો (ના) ઠોબરો.
દફતર (ના) જોસ્તાન. (પાકીટમાં ચોપડીઓ વગેરે ઘાલેલું તે)
બડબડતો (કૃ) બકતો
મિજાજ (ના) તોર.
છેડતી (કૃ) અડકતી.
ચુપ (વિ) મુગા.
ગુસ્સો (ના) રીસ.
બનતું (કૃ) હળી મળીને રેહેવાતું.
હિસાબ (ના) દાખલા.
સ્લેટ (ના) પથ્થર પાટી.
વાજબી (વિ) બરાબર.
ગેરવાજબી (વિ) ખોટું.
સમજણ (ના) અક્કલ.
કારણ (ના) સબબ.
જવાબ (ના) ઉત્તર.

### પાઠ ૨જો.

વાળું (ના) રાતનું ભોજન.
રોષ (ના) ગુસ્સો.
ઉતર્યો (ક્રિ) નરમ પડયો.
મીઠા (વિ) નરમાસ ભરેલા.
વચન (ના) શબ્દ.
લેહે (ના) ધ્યાન.
વખતસર (અ) બરાબર વખતે.
ખોટું (વિ) ખરાબ.
છેતર્યા (ક્રિ) ઠગાવ્યા.
ભુંડું (વિ) માઠું.
પાડ (ના) ઉપકાર.
વાંક (ના) તકસીર.
અટકાવ્યો (ક્રિ) ખાળ્યો.
વર્ગ (ના) કલાસ.
પક્કી (વિ) ખરેખરી.
ખાતરી (ના) પતીજ.
પરીક્ષા (ના) તપાસ.
ઠરાવ્યું (ક્રિ) નક્કી કીધું.
મદદ (ના) સહાય.
માઠું (વિ) ખરાબ.
ભૂલ (ના) ચૂક.
ભલા (વિ) સારા.
હમેશાં (અ) રોજ.

### પાઠ ૩જો.

યત્ન (ના) મેહેનત.
સુધારો (ના) સારી હા-

લતમાં આવવું તે.
હાંસી (ના) મજાક.
દુર્ગુણ (ના) નઠારા આચરણ, ખરાબ ગુણ.
ચાલ (ના) રીતભાત.
ગમતી (કૃ) પસંદ પડતી
જલદી (અ) તરત.
ફાયદો (ના) નફો.
છુટી (ના રજા.
કેડે (અ) પછી.
ડાહ્યા (વિ) શાણો.
દુનિઆ (ના) પૃથ્વી.
ભોળો (વિ) કપટી નહીં તે.
મશ્કરી (ના) મજાક.
ખીજવતાં (ક્રિ) ચીડવતાં.
વહાલો (વિ) પ્યારો.
ગુણ (ના) ફાયદો.
કદાપિ (અ) કદાચ.
આખરે (અ) છેવટે.
ચાહે (ક્રિ) પસંદ કરે.
કંકાસ (ના) કજીઓ.
ટેવ (ના) આદત; ખો.

**પાઠ ૪થો.**

પક્ષી (ના) પાંખવાળા પશુ.
પશુ (ના) ચોપગાં જાનવર.
વાળ (ના) બાલ.
રૂવાં (ના) ઝીણા ઝીણા બાલ.
બરડો (ના) પીઠ.
કરોડ (ના) બરડાની વચમાંનું હાડકું.
પ્રાણ (ના) જીવ.
અવતરે (ક્રિ) જન્મે.
સેવે (ક્રિ) હુંફાળા રાખે
ગર (ના) માવો.
પોલાં (વિ) પોકલ.
શ્વાસ (ના) દમ.
છિદ્રો (ના) કાણાં.
ફેર (ના) તફાવત.
અણીઆળી (વિ) અણીવાળી.
કઠણ (વિ) મજબૂત.
ગીધ (ના) લોહી માંસ ખાનારૂં મોટું પક્ષી.
લક્કડખોદ (ના) એક જાતનું પક્ષી.
સંધાઇ (કૃ) જોડાઈ.
મથાળે (ના) ઉપલા ભાગ ઉપર.
ચિત્ર (ના) નમુનો; છબી.

**પાઠ ૫મો.**

સિંધવ (ના) એક જાતનો ખાર.
ડોળચી (ના) ચામડાનો કે ધાતુનો મોટો ડોળ.
ઝુંમર (ના) કાચના પ્યાલાનું ઝાડ.
અછત (ના) તાણ; ખોટ.
ઉત્પન્ન (વિ) પેદા.
સુરંગ (ના) પથ્થરમાં લાંબા ખાડા ખોદી માંહે દારૂ ભરી ફોડે છે તે.
ચોસલાં (ના) ચોડા કકડા.
છૂટાં (વિ) જુદાં નોખાં.
ઠેકાણે (અ) બદલે.
ઓગાળીને (કૃ) રસ કરીને.
મૂર્તિઓ (ના) નાનાં પૂતળા.
ઉપયોગી (વિ) કામની.
ઉપકાર (ના) પાડ.
ફિક્કું (વિ) તુરૂં, બેસ્વાદ.
અથાણાં (ના) આથણાં.
દુર્બળ (વિ) ખરાબ.

**પાઠ ૬ઠો.**

ડીશીઓ (ના) અણીવાળા ફણગા.
પાનખર (ના) ઝાડનાં પાતરાં ખરી જાય તે મોસમ.

ઋતુ (ના) મોસમ; રત.
પાંદડાં (ના) પાતરાં.
તપાસ (ના) તજવીજ.
કુંપળ (ના) ફણગો
ત્યારકેડે (અ) ત્યાર પછી.
ચાકુ (ના) ચપ્પુ; છરી.
ભાગ (ના) કકડા.

### પાઠ ૭મો.

હુંફાળી (વિ) ગરમ.
ચોટી (કૃ) વળગી.
ટાઢ (ના) ઠંડ.
જાળવે (ક્રિ) સાચવે
હુંફ (ના) ગરમી.
ધાબળી (ના) ઊનનું લૂગડું.
અસલ (અ) આગળ.
ઓળખે (ક્રિ) જાણે.
આકાર (ના) ઘાટ.
સુંદર (વિ) સારાં.
કરમાઇને (કૃ) ચીમળાઇને.
જગતકર્ત્તા (ના) જગતનો બનાવનાર ઈશ્વર.

### પાઠ ૮મો.

સુરત (ના) ગુજરાતમાં તાપી નદી ઊપર મોટું શેહેર છે.
સબબ (ના) કારણ.
ખાતી (ના) વખાર; કોઠી.
માજી (વિ) આગલો; આગળ થઇ ગયલો.
મૂખ (ના) મોહું.
મૈલ (ના) પોણો ગાઊ.
અંતરે (અ) છેટે.
પેહેલાં (અ) આગળ.
નામીચું (વિ) પંકાયલું.
વેપાર (ના) રોજગાર.
આફતો (ના) અડચણો.
હાલત (ના) સ્થિતિ.
સરખી (વિ) જેવી.
મથક (ના) મુખ્યઠેકાણું.
નબળો (વિ) લુલો.
કોતવાલ (ના) મોટો ફોજદાર
બહાદુર (વિ) જોરાવર.
સરકાર(ના) હાકેમ.
રજા (ના) પરવાનગી.
અડચણો (ના) હરકતો.
મટાડવાને (કૃ) દૂર કરવાને.
કિલ્લો (ના) સરકારી લશ્કર વગેરે રાખવાને મુકામ.
આસપાસ (અ) ચોતરફ.
ખાઇ (ના) ઊંડી ખાડી.
ઉપાડી (કૃ) ઊંચકી.
કલેક્ટર (ના) જીલ્લાની જમાબંધી તપાસીને એકઠી કરનાર.
માજિસ્ત્રેટ (ના) ફોજદારી કામ કરનાર અધિકારી.
આસિસ્ટંટો (ના) મદદગારો.
કામદારો ( ના ) કામના કરનારા.
કચેરી (ના) દરબાર.
કોઠી (ના) ખાતી; વખાર
વલંદા (ના) ડચ લોકો.
બંદર (ના) નદી કે દરીઆ કાંઠે આવેલું શેહેર.
વલંદાવાડ (ના) ડચ લોકો રેહે તે શેરી.
ફિરંગી (ના) પોરટુગાલ દેશના લોકો.

### પાઠ ૯મો.

અમલદાર (ના) હકુમત કરનાર.
દરિઆ મેહેલ (ના) મેહેલનું નામ છે.
રેલવે (ના) લોઢાની સડકનો બાંધેલો રસ્તો.
યુરોપીઅન (ના) અંગ્રેજ; યુરોપના રેહેવાસી.
ફુરજો (ના) માલ ઉતારવા

ચઢાવવા સારૂ બાં-
ધેલો ઘાટ.
ફુરજો (ના) માંડવી; વા-
હાણમાં આવતા
માલ વગેરેપર જ-
કાત લેવાનું ઠેકાણું.
મુગલાઈ (વિ) મોગલ
લોકોની.
ઇમારતો (ના) સારી ઉં-
ચી બાંધણીનાં મકાનો
મુખ્ય (વિ) મોટું.
મરામત (ના) સમારવું.
દેખાવ (ના) શોભા.
શરિઆમ (વિ) ધોરી.
સોંઘા (વિ) સાધરા.
મ્યુનિસિપાલ (વિ) શેહેર
સુધારાનું.
ખાતું (ના) કારખાનું.
કમિટી.
સ્ટેશન (ના) આગ ગાડી
એ ચડવાનું કે ત્યાં
થી ઉતારવાનું ઠેકાણું.
સડક (ના) બાંધેલો સી-
ધો રસ્તો.
બરોબર (અ) ખચિત.
વખાણવા (ક્રિ) તારીફ ક
રવા.
લાયક (વિ) ઘટારત.
મકાન (ના) ઘર; મુકામ

ઉંચ (વિ) ઉંચા, ( વા-
ણીઆ બ્રાહ્મણ).
વરણ (ના) જાત.
વોહોરા (ના) હોરા લોક.
સરસ (વિ) સારા.
લક્કડ (ના) લાકડા.
દેશાવર (ના) પરદેશ.
કમી (વિ) ઓછું.
નિરૂપયોગી(વિ) નકામા
બારકસો(ના) મોટા વા-
હાણો.
આગગાડી (ના) દેવતાને
પાણીના જોરથી ચા-
લતી ગાડી.
વાસો (ના) મુકામ.
રેશમ (ના) હીર.
ભારે (વિ) કિમતી.
મુલ (ના) કિમ્મત.
મારફત (અ) હસ્તક.

**પાઠ ૧૦મો.**

અંબા(ના)એક સોની ક-
રીને મોટો કવિ થઈ-
ગયો.
છપ્પા (ના) છ લીટીની
કવિતા.
સ્વપ્ન (ના) ઊંઘમાં આ-
વતો ખોટો વિચાર.
માયા (ના) હેત.
ઇશ્વરસિધ (ના) સઘળી
વસ્તુ; ( પૈસા વગેરે-
થી મનની ઇચ્છા
પૂરી થાયછે તે.)
માલવું (ક્રિ) સુખ
કરવું.
પાત્ર (વિ) લાયક.
કૂખ (ના) બગલ આ-
ગળની જગ્યા.
પલક (ના) પલ; લેહેજો.
વના (ના) સાબેલા.
મદિરા (ના) દારૂ.
નિરધાર (અ) નક્કી.
પીટીજવું (ક્રિ) જતા
રેહેવું.
ફના (વિ) નાશ.
રંક (વિ) ગરીબ.
મિથ્યા(વિ) ફોકટ.
મહિમા (ના) લીલા.
મર્કટ (ના) વાંદરો.
અહાર (ના) ભક્ષ.
આળસ (ના) સુસ્ત.
રસ (ના) અરસ; મજા.
અધિકું (વિ) વધારે.
અંગે (ના) શરીરે.
અકલે (ના) બુદ્ધિએ.
હીણો (વિ) નબળો.
કારજ (ના) કામ.
સરે (ક્રિ) થાય.
જન (ના) માણસ.

વશ ( વિ ) આધીન.
ભક્ષ ( ના ) શિકાર.
ઠાલી ( વિ ) ખાલી.
ભણતર(ના) ભણવાનુ.
સુખીઆં ( વિ ) સુખી આરાં.
દુખીઆં(વિ)દુખીઆરાં.
દીસે ( ક્રિ ) જણાય.
ધન ( ના ) પૈસો.

તન ( ના ) શરીર.
લજ્જા ( ના ) આબરૂ; શરમ.
રાય(ના)રાજા.
ધણી(ના)માલિક.
ફુર્જેત(વિ)બેફુરમત.
ઓછું પાત્ર (વિ) હલકુ-માણસ.
અદકું(વિ)વધારે.

વઢકણી ( વિ ) લડકણી
મારકણો(વિ)મસ્તાનો.
સાંઢ ( ના ) ગોધો
ચોમાસું(ના) વરસાદની મોસમ.
કરડકણો ( વિ ) કરડી ખાનારો.
હડકવા (ના) હડકાયું.
બીએ=ડરે.

## ( કવિતાની સમજુંતી ). ( ૧ ).

**એક અફીણ** ને બીજી **સુરતી** એ બેમાં એવો ચરસ છે, કે જેમ જેમ માણસના ખપમાં તે વધારે આવેછે તેમ તેમ શરીરે ને બુદ્ધિએ તે નબળો થતો જાયછે; માટે જો એ બંને વાના તે છોડી દે તો તેનું કામ થાય, નહીં તો **અખો** ભગત ( સ્વામી ) કહેછે કે કોઇ દિવસ એથી તેના જાનને નુકસાન પોહોંચે છે. ( ૧ ).

જેમ કોઇ માણસ ઊંઘી ગયો, તે સ્વમામાં વશ થઇને એમ જાણે કે હું બહુ ખાઉંછું; પણ ખાય શું, ખાય ખાયને પેટમાં ભૂખ ને દુખ તો ખાલીની ખાલીજ રહે, એમજ **અખો સ્વામી** નક્કી કહે છે કે ભણીને તેને ઉપ્યોગમાં નહિ લાવવું તેવુંજ નકામુંછે.(૨). આ પૃથ્વીપર સુખીઆરાં દુખીઆરાં ઘણાં માલમ પડે છે, પણ જોશો તો તે બધા માયામાંજ લપટાયલા છે; હવે સુખી હોય તે જરા વારમાં દુખી થઇ જાયછે, અને માયાપુંજી ઇજત આબરૂ જતી રહેછે; તેમ ગરીબ હોય તે જો પૈસાદાર બને છે, તે **અખો સ્વામી** કહેછે કે એ બધી માયાનીજ લીલા સમજવી. ( ૩ ).

પલક વારમાં પૈસો ટકો ( જે જોઇએ તે ) આવી મળેછે, ને જીવ જાણેકે એ બધાનો માલીક હુ છુઉં ( હું ભોગવીશ ; જેમ વરઘોડામાં ઘણા સાએલા મળેછે, તે જરા વારમાં સૌ સૌને ઠેકાણે થઈ જાયછે ; ખાતાં જેમ ખાંડ અને ચાલતાં રેત ફજેત કરેછે તે બાફક માયા પણ ફજેત કરેછે એમ **અખો** ભગત કહેછે. ( ખાંડ બહુ ખાધી હોય તો તેથી લોહી બગડીને ગરમી ફૂટેછે, અને રેતાળ જમીન ઉપર ચાલવાથી એટલો થાક લાગે છે કે અધવચ બેસી જવું પડેછે. (૪).

હલકું માણસ તે વધારે ભણ્યો, ને લડકણી બાઇડીને છોકરો અવતર્યો : મસ્તાનો ગોધો ને ચોમાસામાં નફકરો ફર્યો ( લીલું ઘાસ ખાઇને મતબાલો બન્યો ); ને કરડકણા કૂતરાને હડખાયું લાગ્યું તેમજ વાંદરો એ જયારે દારૂ પીએ, ત્યારે **અખો** સ્વામી કહેછે કે એ પાંચોથી નહીં બીહીતાં હોય તો બમણાબીએ ( ૫ ).

## પાઠ ૧૧મો.

મગર (ના) નદી કે દરીઆમાં રેહેનારૂં મોટું જાનવર.
અદભૂત (વિ) અજાએબ.
તાપ ( ના ) ગરમી.
ગરોળી (ના) ધીલોડી
વેંત (ના) બીલ્લસ.
ભીંગડાં (ના) જાડા પડ.
ફાડ ( ના ) ચીરો
તીખા (વિ) અણીવાળા.
મગરી-(ના) મગરની માદા.
સેવાય (ક્રિ) હૂંફાળાયાય.
મિસર(ના) આફ્રીકા ખંડમાં શેહેર છે.
ઇકન્યૂમન (ના) ઝીણાં જીવડાં.
ખોળી (કૃ) શોધી.
ખબરદાર (વિ) હોંશીઆર.
પૂજા ( ના ) સેવા.
માર્ગ ( ના ) રસ્તો.
સેંકડો (વિ) હજારો, સો.

## પાઠ ૧૨ મો.

ભગત (ના) ભક્તિ કરનારો માણસ.
વ્યાધી (ના) રોગ.
સ્થિર (વિ) હાલે ચાલે નહીં તે.
સડેલ (વિ) કોહેલો.
તલપ (ના) ડાકું.
ઘસડી (કૃ) તાણી.
મુડદાં (ના) મરી ગયલ માણસ.
દુર્ગંધ (ના) ખરાબ વાસ
મરકી (ના) મરવાનો રોગ.
મૂરખ (વિ) બેવકૂફ.

ખુશબોદાર (વિ) સુગંધવાળા.
ભાતભાતના (વિ) તરેહતરેહના.
પ્રસાદ (ના) ચોખ્ખું ખાવાનું; નઇવેદ.
ધરાવતા (ક્રિ) ખાવાને મુકતા.
ભોજન (ના) જંબાનું.
મસ્ત (વિ) જબરા.
પાળ (ના) કોરણ.
જાળવવા (ક્રિ) સાચવી રાખવા.
ભરણપોષણ (ના) ગુજરાન.

## પાઠ ૧૩ મો.

બરછી (ના) ભાલાજેવું હથિઆર.
રંદો (ના) લાકડાં સાફ કરવાનું હથિઆર.
આરી (ના) વેહેરવાનું દાંતાવાળું હથિઆર.
ઓજાર (ના) હથિઆર.
સખત (વિ) મજબુત.
સાધારણ (વિ) રોજવપરાતા.
ગજવેલ (ના) પોલાદ.
પોલાદ (ના) ખરૂં લોઢું.
મેર (ના) બાજુ.

ભઠ્ઠી (ના) દેવતાનો મોટો ચુલો.
ટાઢી (વિ) ઠંડી.
ઉઘાડેછે (ક્રિ) ખુલ્લી કરેછે.

## પાઠ ૧૪ મો.

સ્થિતિસ્થાપક. (વિ) કંઇચીજને વાળીએકે મરડીએ તોપણ તે પાછી હતી તેવી થઇ જાય એવો પદાર્થમાં જે ગુણ તે.
તપાવીને (કૃ) ગરમ કરીને.
ઘેરો આસમાની (વિ) ભૂરો.
શામળો (વિ) કાળો.
ઓપ (ના) ચળકાટ.
ટીપીને (કૃ) લાંબુ કરીને
બરડ (વિ) સેહેલથીભાંગી જાય તે.
પદાર્થ (ના) ચીજ; વસ્તુ

## પાઠ ૧૫ મો.

બંધીવાન (ના) કેદી.
ઇતરાજી (ના) ગેર મેહેરબાની.
ઓસાર (ના) પોહોળાઇ
વિશ્વાસ (ના) ભરોસો.
સમાગમ (ના) સોબત

દારોગો (ના) કેદખાનાનો ઊપરી.
બાકું (ના) મોટુ કાણું.
પારીસ (ના) ફ્રાન્સનુ મોટું શેહેર.
બંદીખાનું (ના) કેદખાનું.
કોદ (વિ) પરેજ.
કેદી (ના) બંધીવાન.
કોટડી (ના) નાની ઓરડી.
સોબત (ના) સંગત.
અકળાયો (ક્રિ) ગભરાયો.
ફાટ (ના) ચીરો.
બાપજી કરીને=ઘણા હેતથી.

## પાઠ ૧૬ મો.

ડોળ (ના) ભપકો.
હિમાયતી (ના) વાળી હિમ્મત આપનાર.
સ્વાદ (વિ) સેહેજતદાર.
હળી (કૃ) મળી.
દેખાયો (ક્રિ) જણાયો.
જુગ્તી (ના) તદબીર.
મોકળે મને=બીક વગર; ખુલ્લે દીલ્લે.
ધશીને (કૃ) દોડીને.
પાધરી (અ) તુરતજ.
ખેંચાખેંચ (ના) તાણા

તાણુ.
રાવ (ના) ફરીઆદ, દાદ
ટેકીને (કૃ) ટેકો દઈને.
મનસુબો (ના) વિચાર.
માદા (ના) અદરી.
લાજ (ના) શરમ.
કુદકો (ના) છલંગ.
રમુજ (ના) ગમત.
વીસરી (કૃ) ભૂલી.

## પાઠ ૧૭ મો.

સૂગ (ના) ઓકારી.
એકાંત (વિ) એખલા.
સારાંશ (ના) ટુંકી મતલબ; ટુંક સાર.
નર્યા (વિ) બીલકુલ.
રીઝવવું (ક્રિ) ખુશ કરવું.
હાડછેડ (ના) તિરસ્કાર.
વિજોગ (ના) જૂદા પડવું.
હીજરાવું (ક્રિ) દુભાવું. દલગીર રેહેવું.
રહેતે રહેતે (અ) ધીમે ધીમે.
અઠવાડીઉં (ના) સાત દહાડા.
પખવાડીઉં (ના) પંદર દહાડા.
રકાબી (ના) નાની થાળી.
ગંદી (વિ) ગોબ્રી.
પીરસીને (કૃ) મૂકીને.
ગમત (ના) રમૂઝ.
ટાઢક (ના) ઠંડક.
મરજી (ના) ઇચ્છા.
સંસાર (ના) દુનિઆ.
નિરાંત (ના) ચેન.
મોજ (ના) મઝા.
ઝાઝા (વિ) ઘણા.
વેગળેની (અ) આઘેની
પોકેપોક (વિ) મોટે સાદે
રોયો (ક્રિ) રડયો.
સોબતી (ના) સાથી.
વાસ (ના) રેહેઠાણ.

## પાઠ ૧૮ મો.

સામાન (ના) ચીજો.
હથિઆર (ના) ઓજાર
વર્ણન (ના) વિસ્તાર.
પાસું (ના) બાજુ.
લાલચોળ (વિ) રાતું રાતું.
લાટો (ના) ધાતુનો દાબવાનો સીકંજો.
કારખાનાં (ના) જૂદાં જૂદાં હુન્નરનાં ઠેકાણાં
ગાળે (ક્રિ) રસ કરે.
સંભાળ (ના) ખબરદારી
જરૂર (ના) અગત્ય.
મૂલ (ના) કિમ્મત.
ઓપદાર (વિ) ચળકતી.

## પાઠ ૧૯ મો.

સરાણ (ના) હથીઆરો ને ધાર કાઢવાનું ગોળ ચક્કર.
છીણી (ના) ધાતુ કાપવાનું હથિઆર.
રેતરડો (ના) કાનસ.
કરવત (ના) વેહેરી કાઢવાનું હથિઆર.
કટારી (ના) કટાર; ઘોચીને મારવાનું હથિઆર.
પાળીઓ (ના) ચપ્પુઓ
ગણતરી (ના) હિસાબ.
કારીગરી (ના) કાસબ.
ચળકતું (વિ) તેજકરતું.
કોશ (ના) નરાજ.

## પાઠ ૨૦ મો.

ભરૂચ (ના) ગુજરાતમાં નર્મદા નદી ઊપર શેહેરછે.
મરામત (ના) સમારવું
પનો (ના) પોહોળાઈ.
નર્મદા (ના) રેવા નદી.
આજુબાજુ (અ) આસેપાસે.
કોશ (ના) ગાઊ.

રળિયામણું (વિ) શો ભાવંતું.
મજબૂત (વિ) જોરાવર.
પાઘડીપને (ના) પાઘડીના પના જેવું, એટલે પાઘડી લંબાણમાં ઘણીને પોહોળાણમાં ટુંકી તેવું.
ઘેરાવો (ના) ફરતો ઘેર
શુમારે (અ) આસરે.
મુશ્કેલી (ના) અડચણ.
ઢોળાવ (ના) ઢોળવો; ઊંચો ઢળતો ટેકરો
સાહુકાર (ના) પૈસાવાળો આબરૂદાર ગ્રહસ્થ.
હવેલી (ના) ઊંચી બાંધણીનું ઘર.
જાસ્તી (વિ) વધારે.
પ્રથમ (અ) પેહેલાં.
દાંડા (ના) તળીઆં.

## પાઠ ૨૧મો.

લોઢવું (ક્રિ) કપાસમાંથી કપાસીઆ તથા રૂ જુદું પાડવું તે.
અદાલત (ના) ઇનસાફ કરવાનું ઠેકાણું.
અવસ્થા (ના) હાલત.
મ્યુનિસિપાલ (વિ) શેહેર સુધારાની.
કમિટી (ના) ખાતું; મંડળી.
સુતરાઊ(વિ)સૂતરનું.
કાપડ (ના) કપડ.
રોજી (ના) રોજગાર.
વિલાયતી (વિ) વિલાયતમાં બનેલું.
વણકર (ના) સાળવી
લાચાર (વિ) ગરીબ.
વરાળના(ના) બાફ.
કંપની (ના) ભાગીદારોની મંડળી.
ઠામઠામ (ના) બધે ઠેકાણે.
સસ્તાં (વિ) સોંઘાં.
ઘટારત(વિ) લાયક..
એકીવારે (વિ) ઘણાં; જથાબંધ.

## પાઠ ૨૨મો.

રમૂજી (વિ) ખુશ લાગે એવી.
વિદ્વાન (ના) ભણેલો માણસ; પંડિત.
પેડું(ના) પેટ આગળની જગો.
અચરજ (ના) નવાઇ.
વાળવું(ક્રિ) મરડવું.
પોત (ના) કુમાસ.
નાજુક (વિ) કોમળ.
ઘટ (વિ) જબરી.
પતંગીઊં (ના) ઉડતું જીવડું.
ચકચકીત(વિ) ચળકતી.
પોષણ (ના) ગુજરાન.
રેશમ (ના) હીર.
કોહેલી (વિ) સળેલી.

## પાઠ ૨૩મો.

દયા (ના) મેહેર.
મદાંધ (વિ) અહંકારમાં આંધળા.
ઇશ (ના) પ્રભુ.
અવયવ (ના) શરીરના ભાગો.
ઉદાર (વિ) સખી.
ચર્ણ (ના) પગ.
પ્રયત્ન (ના) મેહેનત.
પીડા (ના) દુઃખ.
પીડાય (ક્રિ) દુઃખી થાય.
પિંડ (ના) આત્મા.
બાપડો (વિ) બિચારો.
જીવ (ના) પ્રાણી.
રચ્યા (ક્રિ) બનાવ્યા.
લગાર (વિ) જરાક.
અધિક (વિ) વધારે.
બીક (ના) ડર.
ઉર (ના) દિલ.
ધરો (ક્રિ) પકડો.
ધોબ (અ) ધસીને.

ધારીને (કૃ) તાકીને.
ખુશી (વિ) મગન-
મિત્ર (ના) દોસ્તદાર.
ઘાત (ના) હત્યા; મારવું
વિશેષ (વિ) વધારે.
વર્ણવો (ક્રિ) વિસ્તારો.
વખાણીને (કૃ) ચડાવીને.
બનાવનાર (ના) પેદા કરનાર.

મળેલ (કૃ) મળેલો.
પ્યાર (ના) હેત.
દીધેલ (કૃ) દીધેલા.
ગજુ (ના) શક્તિ.
ભાર (ના) બોજો.
વેદના (ના) દુઃખ.
ક્રૂર (વિ) ઘાતકી.
કર્મ (ના) કામ.
પિછાણીને (કૃ) જાણીને.

અધર્મ (વિ) ખોટું.
જંતુ (ના) જીવડાં.
પાય (ના) પગ.
પરોવી (કૃ) ઘોચી.
ખેલ (ના) રમત.
ખોડીને (કૃ) ખોડો કરીને.
નિશાન (ના) એંધાણું.
વિનાશ (ના) નાશ.

## ( કવિતાની સમજુતી ). (૨).

જુઓ કે દુઃખે કરીને જેમ આપણા શરીરનો **આત્મા** દુઃખી થાય છે; તેમજ બિચારા પ્રાણી ( પશુ )ને દુઃખી કર્યાથી તે પણ દુઃખી થાય છેઃ—તમે અહંકારથી આંધળા ( છાકેલા ) થઇને જરૂર તે પશુ જાણીને તેને મારતા નહીં;—અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો, ને પ્રાણીને દુઃખ ના દેઓ. (૧)

જુઓ કે **ઇશ્વરે** આપણા શરીરના સઘળા ભાગો બનાવ્યા છે; અને તમો હજારો ઉપાય કરશો પણ તેમાંનો એક પણ ભાગ તમારાથી બનવાનો નથી;—તે માટે વિચાર કરી મનમાં જરા વધારે ડર લાવીને;—અરે ભાઇઓ મનમાં જરા૦ (૨)

બિચારાં પશુને અનાથ જાણીને ધસીને તેનો પગ ના પકડો; કે તેને પગ ના મારો;—ને કોઇ જીવ કે પશુને મારીને ખચિત્ત તમે મનમાં ખુશી થશો નહીં; મારવાની વાત વખાણીને તેને ઘણી લાંબી ચરચાવો નહીં; અરે ભાઇઓ મનમા જરા૦ (૩).

આપણો ને તેનો (પશુ) નો બનાવનાર એકજ **ઇશ્વર** છે; તેમ તેની ઉદારતાનો પ્યાર તેને પણ મળેલો છે; **પરમેશ્વરનું**

આપેલું સુખ ભોગવીને મજેથી તે હર્યા ફર્યા કરેછે;—અરે ભાઇઓ મનમાં જરા૦ (૪)

પશુના બળ ઉપરાંત બોજો ભરીને તેને કેમ માર મારીએ ને તે બિચારાને જે દુઃખ થાયછે તેનો મનમાં જરા વિચાર કરીએ;—કંઇ પણ ઘાતકી કામ પાપનું જાણીને તે કરો નહીં; અરે ભાઇઓ મનમાં જરા૦ (૫).

જીવડાના પગ પાંખ તોડી જે ખોટું અધર્મ કામ કરે; તે તેનો પગ ખોડો કરી શૂળમાં ઘોચી ખરાબ કામ બનાવે, પછી નિશાન મૂકી તીર મારીને તેનો નાશ કરે; અરે ભાઇઓ મનમાં જરા મેહેર લાવો૦ (૬).

**પાઠ ૨૪મો.**

હિંદુસ્તાન (ના) એશિયા ખંડની દક્ષિણે દેશ છે.
ત્રણ ખૂણીઆ (વિ) ત્રણ ખૂણા જેવો.
અગ્નિ (ના) દક્ષિણ ને પૂર્વ વચ્ચેની દિશા.
નૈઋત્ય(ના) દક્ષિણ ને પશ્ચિમ વચ્ચેની દિશા.
કોણ (ના) ખૂણો.
હદ (ના) મર્યાદા.
મુસાફરો (ના) દેશે દેશ ફરનારા.
વિકટ (વિ) ભયંકર.
ડુંગરા (ના) મોટા ઊંચા ટેકરા.
પાહાડી (વિ) ડુંગરા ડુંગરીવાળા.
લડવૈયા (વિ) લડાઇખોર.
સદા (અ) રોજ.
બરફ (ના) ટાઢથી ઠરી ગયલું પાણી.
ઝાડી (ના) ઝાડ એક બીજા સાથે આવીને ગુફા જેવું બનેલું તે.
ઝાંખરાં (ના) કાંટાવાળી શૂળો.
રસાળ (વિ) ફળદ્રૂપ.
મેદાન (ના) મોટી ખૂલ્લી જગો.
ફળાદી=ફળ વગેરે.
પૂર (ના) પાણીનું ચઢતું.
જળ (ના) પાણી.
ડાંગર (ના) ભાત.
ક્યારડો (ના) ખાડો.
નાવડાં (ના) હોડકાં.
સીમાડો (ના) હદ.
અસલી (વિ) જુના.

**પાઠ ૨૫મો.**

કરિઆણું (ના) વસાણું.
કાચું (વ) સરસ.
કસ (ના) રસ.
ભાલોડું (ના) ભાલો.
તળેટી (ના) તળીઉં.
નીપજ(ના) પાક; પેદાશ.
લલચાઇ (ક્રૂ) લોભાઇ.
પર મુલક (ના) પારકો.

દેશ.
ચિત્તા (ના) વાઘ જેવું જાનવર.
નીપજેછે (ક્રિ) પાકેછે.
વનસ્પતિ (ના) લીલોતરી.
નાતો (ના) જાતો.
તડ (ના) કકડા; ભાગ.
બાઇડીઓ(ના)બઇરીઓ.
ચાલ (ના) ધારો.

**પાઠ ૨૬મો.**

ઇતિહાસ (ના) તવારીખ; આગલા રાજાઓની વારતા.
પદવી (ના) ઓહ્દા.
હકુમત (ના) હાકમી.
વહીવટદાર (ના) વહીવટ કરનાર.
વજે (ના) કર,
જકાત (ના) દાણુ.
વસવાયાં (ના) આવીને વસેલા (સુથાર, દરજી ધોબી વગેરે.)
વેઠ (ના) વૈતરું; મજુરી.
કુળ (ના) વંશ.
કાયદા (ના) ધારા.
જથા (ના) ટોળા.
વ્યવહાર (ના) આપલેનો સંબંધ.
બળવાન (ના)જોરાવર.
શૂરા (વિ) બાહાદુર.
શૂર (ના) બાહાદુરી.
સંબંધી (અ) વિશે.
સલાહ (ના) વિચાર.
બંદોબસ્ત(ના)ગોઠવણ.
ઉતરતા (વિ) હલકા.
અધિકારી (ના) ઓહ્દેદાર.
વસૂલ (ક્રિ) જમે.
પ્રજા (ના) રૈયત.
ઇનસાફ (ના) ચુકાદો.
ખુન (ના) હથિઆરવતી કે ઝેર દીધાથી કોઇને મારી નાખવું તે.
શૂળી(ના) ફાંશી.
કાંડાં (ના) હાથના પોંહોંચાં.
ગુન્હો (ના) તકસીર
માલ મિલ્કત (ના) આલમતા.
ધર્મદાન (ના) ખેરાત.
નરક (ના) જાહનમ.
ઇનસાફી (વિ) વાજબી રાહે ચાલનારા.
વિદ્યાવાન (વિ) ભણેલા.

**પાઠ ૨૭મો.**

સાજવાળા (ના) સામાન વાળા.
પડાવ (ના) મુકામ.
હાકેમ (ના) સરકાર.
દોલત (ના) પૈસો.
વારતેહવારે (ના) સ.રે ટાણે.
કસબી (વિ) હુનરવાળા.
રાજદરબારે (ના) રાજ સભાએ
સોનેરી (વિ) સોનાના.
ડોલી (કૃ) ઝુલી.
રથ (ના) પૈડાં વાળી ગાડી.
પીછાળાં (વિ) પીછાંવાળાં.
મોહ (ના) મોહિણી.
ફોજ (ના) લશ્કર.
આથમણા (વિ) પશ્ચિમ તરફના.
હુમલો (ના) ચઢાઇ.
એકદમ (અ) તરત.
શાણી (વિ) ડાહી.
મોટાઇ (ના)માન; શોભા
કળા (ના) યુક્તિ.
રાજ્યનીતિ (ના) બરાબર રીતસર રાજ ચલાવવું તે.

**પાઠ ૨૮મો.**

ફેલાવો (ના) પથરાઈ જવું તે.

છેવાડે (અ) આધે.
ખેતી (ના) જમીન ખેડવાનું કામ.
ગુજરાન (ના) ગુજારો.
ઝટ (અ) તરત.
બળ (ના) જોર.
કેડો (ના) પીછો; પુઠ.
ગ્રંથો (ના) ચોપડીઓ
કૃષ્ણ (ના) ભગવાન.
દ્વારિકા (ના) ગુજરાતની પશ્ચિમે જાત્રાનું ધામ છે.
રાજધાની (ના) રાજ ગાદીનું શેહેર.
બુદ્ધ (ના) એક જાતનો ધર્મ.
મહિમા (ના) મોટાઇ; પ્રતાપ.

**પાઠ ૨૯ મો.**

પરાક્રમી (વિ) ભારે કામના કરનારા.
અજીત (વિ) કોઇથી જીતાય નહીં તે.
ગાંજયે (કૃ) હાર્યો.
સંવત (ના) વિક્રમનો સન.
દૈવગતિ (ના) ઇશ્વરી શક્તિ.
શાક (ના) વરસ; સન.
વિક્રમાજીત=વિક્રમ કોઇથી જીતાય નહીં તે
ખંડિએર (ના) ઘર અમલા પડી ગયલા તેની ખુલી જમીન.
લગોલગ (અ) પાસેજ.
ધરતી (ના) જમીન.
વસ્યા (કૃ) રહ્યા.
સંસ્થાનો (ના) રાજાઓના વસાવેલા નાના ખંડિઆ મુલક.
કૃતઇઆ (ના) રાજ્યની ગાદી પર બેઠેલો મોટો ભાઇ.
કન્યા (ના) કુંવારી છોકરી.
સમય (ના) વખત.
જંગલી (વિ) વગર સુધરેલો.
ગણતી (ના) લેખું; હિસાબ.
દૈવયોગ (ના) ઇશ્વરીબનાવ.

**પાઠ ૩૦ મો.**

વૈભવ (ના) સુખ.
કવિતારૂપ (ના) પદ્યમાં-
નાટક (ના) નાચવા વગેરેના ખેલનો તમાશો
દેવસ્થાન (ના) દેહેરા; મંદીર.
બંધન (ના) અટકાવ; કાયદો.
નાચ (ના) નૃત્ય.
કીર્તિ (ના) આબરૂ; પંકાવું તે.
દેશાદેશ (ના) બધેમુલક.
ફેલાઇ (ક્રિ) પથરાઇ.
ડાહપણ (ના) ચતુરાઇ.
કસબી (વિ) હુન્નરવાળા-
મનુ (ના) હિંદુ શાસ્ત્રનો કાયદા બાંધનારો.
મહાભારત (ના) જેમાં ભારથનીકથાછે તે ચોપડી.
રામાયણ (ના) જેમાં રામની કથાછે તે ચોપડી.
પુસ્તક (ના) ચોપડી.
પૈસાદાર (વિ) તાલેવંત.
સદ્ગુણ (ના) સારાઆચરણ.
શોભા (ના) દેખાવ.
પાડાપડોશી (ના) પાસેના ઘરના રેહેનારા.
દાનત (ના) નજર; નિષ્ઠા.
સાફ (વિ) પાક, ચોખ્ખી.
વાસવાની (કૃ) દેવાની.

લેખપત્ર (ના) કાગળપર દસ્તાવેજ.
પરાયો (વિ) પારકો.
તકાવવું (ક્રિ) ધારી રહેવું.
કરજ (ના) દેવું.
જમણવાર (ના) વરો; ખરચ.
વાવરી (કૃ) ખરચી.
સ્ત્રીઓ(ના) બાયડીઓ.
છૂટ (ના) રજા.

**પાઠ ૩૧મો.**

નુકસાન (ના) હાણી
નાતો (ના) જાતો.
ઉદ્યમ (ના) વેપાર.
અટકાવ (ના) અડચણ.
સ્થાવર (વિ) જમીનને લગતી; જે ખસે અથવા ઉપડે નહીં એવી મિલકતનું નામ.
મિલ્કત (ના) માલમતા.
વારસો (ના) વારસને જે મિલ્કત મળેછે તે.
વહેંચી(કૃ) ભાગ પાડી.
મિલ્કતદાર(વિ) મિલ્કત વાળો.
હિસ્સા (ના) ભાગ.
વંશના (ના) કુટુંબના.
અવસ્થા (ના) હાલત.

તવંગર (વિ) પૈસાદાર.
હિંમત(ના) છાતી.
દોલત (ના) માલમતા; પૈસો વગેરે.
રોકાવું (ક્રિ) ઘેરાવું.
શોધ (ના) તપાસ
પરવાર (ના) ફુરસદ.
કળા (ના) હુન્નર.
ખબરદાર (વિ) હોંશિઆર.
મોટાઇ (ના) ભપકો.
દાખલ (ક્રિ) સામેલ.

**પાઠ ૩૨મો.**

અગર (ના) મીઠું પાકે છે તે જગ્યા.
લૂણ (ના) મીઠું.
ગચીઆં (ના) મોટા ઢેફલા.
પાહાણા (ના) પથરા.
જગતકર્ત્તા (ના) જગતને પેદા કરનાર, ઇશ્વર.
બેતૃતીયાંશ (વિ) ત્રણ ભાગ કરેલા તેમાંના બે ભાગ.
મહાસાગર (ના) મોટા સમુદ્ર (પૃથ્વીપર એવા પાંચ છે).
ભંડાર (ના) વખાર.
અમરું (રિ) મુશીબત.

ઝરણુ (ના) ધીમે ધીમે પાણી વહે તે.
કકડીને (કૃ) સખત.
ક્યારડો (ના) ખાડો.
મેલ (ના) કચરો.
પારદર્શક(વિ) જેમાંથી આરપાર જોવાય તે.
છાંટી (કૃ) ઓલવી.
વખારો (ના) માલ ભરવાનું ઠેકાણું.

**પાઠ ૩૩મો.**

તીર્થ (ના) નદી કાંઠાની પવિત્ર જગ્યા.
ધોધવા (ના) મોટા ધોધ
સરોવર (ના) મોટું તળાવ.
સ્થિર (વિ) હાલે ચાલે નહીં તે.
ઘેરાવો (ના) ફરતો ઘેર.
ઉગમણુ (ના) પૂર્વ દિશા.
ઝરો(ના) પાણી વેહેવાનું ઠેકાણું.
કુંડ (ના) છોથી બાંધી લીધેલું નાના તળાવ જેવું.
ફૂટ (ના) સુથારી અડધો ગજ.
ભય (ના) બીક.
ઈમારત (ના) ઊંચી બાં-

ધણીનાં ઘર.
ખંડેર (ના) પડી ગયલી જમીન, અમલા વગેરે.
થર (ના) પડ.
દર વરસે=એકેક વરસ.
પેદાશ (ના) ઊપજ.

**પાઠ ૩૪મો.**

ભલાઇ (ના) સાલસાઇ.
ધમકી (ના) ધુરકી.
બળાત્કાર (ના) જોર જુલમ.
ઉમંગ (ના) ઉમેદ.
કઠોર (વિ) વજ્જર.
અણગમો (ના) નાખુશી
માએનો (ના) અર્થ.
બરોબરીઆ (ના) સરખા.
એકાદું (વિ) એક, કોઇ પણ.
જોરજુલમ (ના) જબરાઈ; જબર જસ્તી.
ઇચ્છા (ના) મરજી.
નાખુશી (ના) દલગીરી
મન (ના) દિલ; ચિત્ત.
વેર(ના) અદાવત; ખાર.
જોઇએ તેવું (વિ) મનને ગમે તેવું.
ફેર (ના) તફાવત.
રૂપ (ના) આકાર.
વિનતિ (ના) નરમાશથી કેહેવું તે.
અસર (ના) લાગણી.
નરમાશ (ના) નમનતાઇ.
દુખાય (ક્રિ) દુભાય.

**પાઠ ૩૫મો.**

સુવાક્ય (ના) સારું વચન.
કુવાક્ય (ના) નઠારું વચન.
સ્નેહ(ના) હેત; પ્રીત.
સદૈવ (અ) હમેશાં.
વાધે (ક્રિ) થાય.
ક્લેશ (ના) કંકાસ.
હમેશ (અ) રોજ.
લાધે (ક્રિ) થાય.
વિવેક (ના) સલુકાઈ.
યાર (અ) ઓ; ઓભાઈ:
ઉચાર (ક્રિ) બોલ.
વાણી (ના) વેણ; શબ્દ.
વિશ્વ (ના) જગત.
કીર્ત્તિ (ના) આબરૂ.
પડેથડે (ક્રિ) પડતી થાય.
હતી થાય.
પ્રજા (ના) રૈયત.
ઘૂડ (વિ) ઘૂવડ પક્ષી.
બુરી (વિ) ખરાબ.
બુરાઇ (ના) વેર.
રાજકુમાર (ના) રાજાનો છોકરો.
અમુલ્ય (વિ) જેની કિમ્મત થઇ શકે નહીં તે.
માનવી (ના) માણસ.
વેણ (ના) શબ્દ, સુકન.
મૂક્યું (ક્રિ) બોલ્યો.
વિમાસશો(ક્રિ) પસ્તાશો
હાણી (ના) નુકસાનઃ
છરા (ના) એક જાતનો ચપ્પુ.
છેક (ના) કાણું; છિદ્ર.
સૂઝે (ક્રિ) જણાય.
રૂઝે (ક્રિ) આરામ થાય.
ભડકો (ના) મોટો અવાજ.
હડાકો (ના) અવાજ.
વદો (ક્રિ) બોલો.
વણશે (ક્રિ) બગડશે.
ભારતોલ (ના) ભારવક્કર
જન (ના) માણસ.

## (કવિતાની સમજુતી). (૩).

**સારૂં વાક્ય** બોલવાથી સદાકાળ હેત પ્રીત વધે; નઠારૂં વાક્ય બોલવાથી નિરંતર કજીઆ કંકાસ થયા કરે; માટે અરે ભાઈ મનમાં જરા સબુરાઇ આણીને જે શબ્દ બોલો તે વિચારીને બોલો૦ (૧).

**સારૂં વાક્ય** બોલવાથી બધી દુનિઆ વખાણે; નઠારૂં વાક્ય બોલવાથી કોઇ આપણી આબરૂ જાણે નહીં: માણસની પડતી ચડતી (પૈસાની) થાયછે તે જીભ વડેજ; માટે જે શબ્દ બોલો૦ (૨).

જુઓ કે રૈયત પોપટ ઘેર પાળેછે; ને મ.ળામાં ચેનથી ઘુડ પક્ષી સૂઈ શકતું નથી (લોકો તેને પથરા મારેછે); બોલવાનું કારણ એવુંજ સમજીને, જે શબ્દ બોલો૦ (૩).

ભાઇ તું સારા બોલીને લોકોમાં નેકી ( કીર્તિ ) મેળવ કેમકે નઠારી જીભે લોકો નઠારા શબ્દ પણ બોલેછે, પછી ગરીબ હોય કે રાજાના છોકરાની રાણી હોય પણ જે શબ્દ બોલો૦ (૪).

સારૂંવેણ બોલવાથી દૂધનું દહીં, ઘી સૌ થશે એટલે ( કોઈ કામ નહીં કરતું હશે તે કરશે ) ; ને જેની કિમ્મત ઘણી બેસતી હશે તે સેહેજમાં આવશે; નઠારૂં વચન બોલવાથી કોઇ પળી ભાર પણ પાણી પાય નહીં (બારણે ઉભો ન રાખે), માટે જે શબ્દ બોલો૦ (૫).

અરે માણસ મોહેડેથી જે શબ્દ બોલ્યા; તે જેમ થુંકેલું ફરીથી ગળાતું નથી તેમ (બોલેલું ફરાતું નથી); પછી એવું નુકસાન વેઠીને પસ્તાશો: માટે જે શબ્દ બોલો૦ (૬)

છરીથી કપાયલું હોય તેનો ઇલાજ માલમ પડે; પણ નઠારાં વાક્યના કાપને કદી રૂઝ આવે નહીં ( તે બોલ મનમાંથી ખસે નહીં); કાચની કોડી કાણી હોય તે કદી સંધાતી નથી; માટે જે શબ્દ બોલો૦ (૭)

સારો કે નઠારો તોપનો ભડાકો. તે હવામાં જોસ્સાથી દોડયો જાય છે; હવે બોલો તેને કેમ ખેંચીને અટકાવી રાખી શકાય;માટે જે શબ્દ બોલો૦(૮)

તમે વિચારી શબ્દ બોલો, તમારું કામ કદી બગડશે નહીં; દુનિઆમાં ભાર વક્કર,તો સારા લોકો રાખેછે,એમ **દલપતરામ કવિ કહેછે.**(૯).

## પાઠ ૩૬મો.

વાદ (ના) તકરાર.
વટેમાર્ગુ (ના) રસ્તે જતા મુસાફર; પંથી.
બળ (ના) જોર
જબરો (વિ) જોરાવર.
તપી ગયા (ક્રિ) ગુસ્સે થઇ ગયા.
ધામ (વિ) ટંડ.
અજમાવ્યો (ક્રિ) વાપર્યો; ચલાવ્યો.
ફિનરાવે (ક્રિ) ફરકાવે
બળવાન (વિ) જોરાવર.
વાવાઝોડું (ના) પવનનું જોરથી વાવું.
લપેટતો (ક્રિ) વિટાળતો.
વળગ્યું (ક્રિ) ફાળગ્યું.
ખસેડી (કૃ) આઘા કરી.
તપ્યો (ક્રિ) ગરમ થયો.
બફારો (ના) પસીનો
અંતે (અ) છેવટે; આખરે.
સહેવાયો (ક્રિ) ખમાયો.
છાયા (ના) છાંયો.
આકળા (વિ) બાવરા.
જોડી કાઢેલી (કૃ) બના-ર. વરનો.
શીખામણ (ના) બોધ.
મારફાડ (ના) સપાટાઇ; જોર કરવું તે.

## પાઠ ૩૭મો.

અંગજ્ઞાન (ના) પોતાની મેળે જ શીખવું તે.
તર્કશક્તિ (ના) વિચાર બળ
મઢી (ના) ઝુંપડી; છાપરી.
ગફાગ (ના) નાનું દર
સમજાશે (ક્રિ) ધ્યાનમાં આવશે
લાડુ (ના) લાડવો.
ગળ્યો (વિ) મીઠો.
ટેકો (ના) આધાર; મજબુતી.
ભાર (ના) બોજો.
જંગલી (વિ) બેવકુફ.
મેળવી (કૃ) સરખાવી.
કડાકૂટ (ના) ખટપટ.
ગુમાવે (ક્રિ) ગુજારે.
ભેદ (ના) તફાવત; જુદાઇ.
ખોરાક (ના) હમેશા ખાવાનો પદાર્થ.
સંઘરવા (કૃ) એકઠું કરવા.
કોઠાર (ના) અનાજ ભરી મુકવાનો ખજાનો.
ખીસર (ના) એક જાતના સસલાં.
ધાન (ના) અનાજ.
સંઘરો (ના) રાખી મુકેલું તે.

## પાઠ ૩૮મો.

સોચના (ના) ફિકર.
વાદવિવાદ (ના) ચકચાળ, ગાળાગાળ.
વૈદું (ના) વૈદનો બંધો
પ્રેરણા (ના) અંગજ્ઞાન.
ઉદાસ (વિ) દલગીર.
મંડાણ=મરણઆકારનું
તકરાર (ના) વાંધો; ટંટો.
મંડળી (ના) ટોળી.
વૈદ (ના) વૈદું કરનાર.
મંદવાડ (ના) બીમારી.
ઓસડ (ના) દવા.
ગુંચવણ (ના) ગુંચવાડો.
ફીકર (ના) ખતા.
નકામી (વિ) ફોકટ.
વધારો (ના) ઉમેરો.
મનુષ્ય (ના) માણસ.
કસર (ના) ખામી.

કમ (વિ) ઓછી.
તર્ક (ના) ખ્યાલ.
ઝુંડા (ના) નાનીઝુલો.
ધીરજ (ના) હિમ્મત.
ઉદ્યોગ (ના) મેહેનત.
બીલ (ના) બુટ્ટારાસોંકા.
મેહેલ (ના) રાજાનોરેહેવાનો મુકામ.
ભક્તિ=ઇશ્વરનું ભજન.
ઉતરતી (વિ) હલકી.
પંક્તિ (ના) જાતિ; વર્ગ.
ઉત્તમ (વિ) મોટા.

## પાઠ ૩૯મો.

મગજ (ના) ખોપરીની અંદરનો ભાગ.
ફોરેમેલી (કૃ) પડતીમેલી.
રચના (ના) ગોઠવણ.
વચ્ચોવચ ( ના ) વચગાળે.
હુશિયાર ( વિ ) હોંશીઆર.
ફરોળિયો (ના) જળામાં રેહેનાર જીવડા.
ચોપગાં (ના) ચારપગવાળાં પશુ.
નહોર(ના) નખોરીઆં.
માફક (વિ) અનુકુળ.
કૃપાળુ (વિ) દયાળુ.
ડોક (ના) ગરદન
સરજ્યા(ક્રિ)પેદા કીધાં
ગરજ=જરૂર; ખપ
પાર (ના) છેડો, છેવટ.

## પાઠ ૪૦મો.

અચરજ(ના)નવાઇ.
ચોખ્ખા (વિ) સાફ.
સીલ (ના) પાણીમાંસાથી ફુક બાઝે તે.
સુંવાળા(વિ) નરમ;સીસા,
લટકતા (કૃ) ટીંગાતા.
માદા (ના) બચ્ચેરી.
ગાંઠો (ના)ગારતાનુંઘાસ
હરતી (ક્રિ) ફરતી.
રક્ષણ (ના) સેહેલને.
વાસાં (વિ) સુનાં; છુટાં.
નર (ના) મરદ
બચાવ (ના) રક્ષણ.
કુકડા (ના) મરઘા.

## પાઠ ૪૧મો.

ગુણ (ના) પાઠ
પારણું ( ના ) બાળકને સુવાનું નેતર કે બાંધી ભરેલું ઝુલતું ખોરડું.
પારવું (ક્રિ) સાંધું.
કડ્ડુ (વિ) કડવું.
ખાણું (ના) ખાવાનું
ક્ષમા (ના) માફ.
કૃતિ (ના) આકાર.
પુત્ર (ના) છોકરો.
કેફ (અ) બળ.
મહા (વિ) મોટાં; ઘણી.
કૃતવાળા=આકારવાળાં.
દયાળી (વિ) મેહેરવાળી
સુકામાં=ભુખ્યા જગામાં.
પરે (અ)પેઠે, જેમ.
તજેજ (ક્રિ) છોડે; મુકે.
બત્તી (ના) બાઝી.
પ્રેમ (ના) હેત, વહાલ.
યુક્તિ(ના) હીકમત.
ટળે (ક્રિ) દુર થાય.
રૂડું (વિ) સારૂં.

# ( કવિતાની સમજુતી ). (૪).

જ્યારે કે હું નાનો **છોકરો** હતો ને પારણામાં સુતો હતો; ત્યારે મને બહુ રડવું આવતું તે વખતે મને કોણ છાનું રાખતું? તે વખતે મને દુઃખી જોઇને બીજું દુઃખી કોણ થતું? મારી ઘણી વાહાલી દયા

જાગનારી મા તુંજ, (૧).

મા પોતે બીનામાં ( ભૂતરમા ) સુએ ને મને સુકામાં સુવાડે, ને હું દુઃખ પામું તો પોતે સ્વાદ છોડી દેતી; મને સુખ થાય તેને વાસ્તે કેટલું કષ્ટ કોણ ખાતું? મારી ઘણી વાહાલી૦ (૨)

મને હાલીએ ગાઈને મારા ગાલ ઉપર બાઝી કોણ લેતું, ને તરતનું માતાનું ગનાતેલ કે ત્યાંતનું તેય ને. હે મા તું પોતે ન ખાય ને મને કોણ ખવાડતું? મને હાલરડાંમાં મીઠાં ગીત કોણ ગાતું? મારી ઘણી વાહાલી૦ (૩).

હું જે પડું કે વાગે તો મલાઈથી ખમા ખમા કહીને તારી આખમાંથી આંસુના પડતાં પછી મને પોતાના સ્થાનમાંથી કોણ દૂર પાળતું? મારી ઘણી વાહાલી૦ (૪).

મને **પરમેશ્વરની** પ્રાર્થના કરતાં શિખવાની ટેવ કોણ પાડતું? જેથી કરીને તાપ ને પાપ નસાઈ જાય ને મારો ઉદ્ધાર થાય, એક ચિત્ત મનમાં ફિકર રાખી મારું ભલું કોણ ચાહતું? મારી ઘણી વાહાલી૦ (૫).

| **પાઠ ૪૨ મો.** | નિત (અ) રોજ. | વાળવા=બદલો આપવા. |
|---|---|---|
| જગ (ના) ચાળું | દાસ (ના) ચાકર. | જોગ (ના) તક; લાગ. |
| ગણીત (ના) હિસાબનું શાસ્ત્ર | ભાડું (ના) બદલો. | નિત્ય (અ) રોજ. |
| | દીલ (ના) ઉદર. | પારણું (ના) હીંડોળો. |
| ચાકરી (ના) ખિદમત. | આનંદ (ના) સંતોષ | ગીગી (ક) ખુશી થઈ. |
| આકરી (વિ) કપરી. | દાતા=દાતાર, આપનાર. | સર્વે (વિ) સઘળું. |
| અમુલી (વિ) જેની કિમત થઈ શકે નહીં તે | માતા(ના) મા. | શરણ (ના) ઠેકાણું. |
| | સમો (ના) વખત | રચ્યા (ક્રિ) બનાવ્યાં. |

## (કવિતાની સમજુતી). (૫).

હજી તારું **હેત** તેવું ને તેવું જ છે, જેમકે માછલી ને પાણીને હેત

મણું છે ( પાણી વગર માછલીને જરાએ ચાલે નહીં ) તેવું; તે હિસાબની રીતથી ગણવા જાઉંછું તો પણ તેનો પાર આવતો નથી? મારી ઘણી વાહાલી૦ (૬).

અરે મા મેં તારી પાસે જે આ સખત ઘણીજ કિમતી ચાકરી કરાવી એ બધું તારૂં કરેલું હું શું ભુલી જઈશ. તારો આખી જીંદગાની સુધી ચાકર થઈને એના બદલો વાળી આપીશ. મારી ઘણી વાહાલી૦ (૭).

હે મોટા **પ્રભુ**! સંતોષ આપનાર, મારી મા જેવી મને કાયદે (આભાર) કરે તેવી; તે બદલો વાળવાને મને હમેશાં તું વખત આપજે. મારી ઘણી વાહાલી૦ (૮)

આટલા આઠ છંદ શીખ ને સાંભળ, ને પછી તેને હેત કરી રાજ મોહોડે રાખ; તો **ઈશ્વર** ખુશી થઈ સઘળે ઠેકાણે તેને કુશળ રાખે. એ સારો છંદ **કવિ દલપતરામે** બનાવ્યો છે. (૯).

**પાઠ ૪૩ મો.**

ચીનાઈ (વિ) ચીની.
ચીની-ચીનાઈ મટોડીના
ચકમક (ના) એક જાતનો પથ્થર જેમાંથી દેવતા નીકળે છે તે.
ઓગાળીને (ક્રિ) ગરમ કરીને
કંદીલ=કાચનું ફાનસ.
બિલોરી (ના) હાંડીની જાતનો કાચ.
ઝુમ્મો (ના) ઝુમખો.
પલાળતા (ક્રિ) ભીનાળતા
બારીક(વિ)ઝીણા રૂપનો
ઝળકતા(વિ)ચળકતાં જેવા-
ઓપેલા (વિ) સાફ, પાલીસ
ચાક (ના) ગોળ ચક્કર
ઉજવાળેલી (ક્રિ) ગુર્દાને સાફ કરેલી.
ચતુરાઈ(ના) હોંશિયારી.

**પાઠ ૪૪ મો.**

સંઘાડો (ના) ચુડા રમકડા વગેરે ઉતારવાનું ગોળ હથિઆર.
ડોળીઆં (ના) ખોખાં.
બરાદી (ના) લાકડાંની ચીજ સંઘાડા પર ઉતારનારો માણસ.
નાળચાં (ના) નળી.
બીબાંમાં (ના) આકારવાળા ખોખામાં.
મળવણી (ના) ભેગ.
હાંડા(ના) મોટા લોટા.
ચાહાની (ના) ચાહ ઉકાળવાનું વાસણ.
આંચ (ના) ઝાળ.

**પાઠ ૪૫ મો.**

સફેદ (વિ) ધોળો; ઉજળો.
રંગીન (વિ) રંગેલા.
આસમાની (વિ) ભુરો.
સરસ (વિ) સારાં; મજાના.
ચીતારા (ના) ચિત્ર પાડનારા.
વિલાયત (ના) અંગ્રેજ લોકનો દેશ
સુઝે (ક્રિ) દેખાય, જણાય

## પાઠ ૪૬ મો.

છેટે (અ) આઘે; દૂર.
નાગળા (વિ) કમતર
ધરમશાળા (ના) પરદેશીઓને ઉતરવા સારૂ બાંધેલો મુકામ
સવાર (ના) ઘોડે બેસનારો
લાલચોળ=ધગ ધગતી.
મેંદો (ના) ઝીણો આટો.
સાજા (વિ) સારો.
ઉઘડયાં (ક્રિ) નીકળ્યાં.

## પાઠ ૪૭ મો.

વર્ણન (ના) બયાન; વાત.
વિદ્યાશાળા (ના) નિશાળ
પ્રતિષ્ઠા (ના) સ્થાપના; આબરૂ.
રાજધાની (ના) રાજગાદીનું મોટું શહેર.
વનરાજ (ના) વનનોરાજા
વસાવ્યું (ક્રિ) સ્થાપ્યું; ખરીદ કર્યું.
તાબો (ના) હવાલો; કબજો.
મામલતદાર (ના) સબઓર ડીનેટ માજીસ્ટ્રેટ.
ઉજ્જડ (વિ) જ્યાં લોકોની આવજાવ નથી તે.
પંચાસરા (ના) પંચાસર નગરના.
પારશનાથ (ના) જૈનધર્મના દેવની મૂર્ત્તિ.
મૂર્ત્તિ (ના) પુતળું.
શગન (ના) શરૂઆત; સુકન.
થાપના (ના) સ્થાપના; મંડાણ.
પોશાળ (ના) નિશાળ.
સહસ્ત્રલિંગ (ના) હજારલિંગ; હજાર મૂર્ત્તિ.
શિવલિંગ (ના) શિવની મૂર્ત્તિ.
દેરીઓ (ના) નાનાં દેરાં.
પડખે (ના) પાસે; સોડે.

## પાઠ ૪૮ મો.

મૂળસ્થાન (ના) ઉત્પત્તિનું ઠેકાણું; વતન.
કુળદેવિ (ના) ગોત્રજની માતા.
કુમારિકા (ના) કુંવારી છોકરી; બાળકી.
જૈન (ના) શ્રાવક લોકોનો ધર્મ—આચાર.
પુસ્તકભંડાર=ચોપડીઓનો સંગ્રહ.
તાડપત્ર (ના) તાડનાંપાતરાં
પટોળાં (ના) બાયડીઓના રેશમી લુગડાં.
ડાબલીઆળી (વિ) ડાબડીવાળી.
જાર (ના) જુવાર.
મૂળ (વિ) વતનની જગ્યા.
દેવી (ના) માતા.
ઉપડાવે (ક્રિ) ઊંચકાવે.

## પાઠ ૪૯ મો.

ખંડ (ના) જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા તે.
ગગન (ના) આકાશ
ઝગઝગે (ના) તેજ કરે છે.
અરુણ પ્રકાશ (ના) સૂર્યનું તેજ; સૂર્યનું અજવાળું
રત (ના) મોસમ.
ઠીંગણાં (વિ) બટકા.
કદરૂપાં (વિ) ખરાબશીકલના; બેડોળ.
ગંદાં (વિ) મેલાં.
રેતાળ (વિ) રેતીવાળી.
રબારી (ના) બકરાં ઘેટાં ચરાવનાર.
મુકામ (ના) રેહેઠાણ.

ગળચટો(વિ)જરા ગળ્યો
ઉદ્યમી (વિ) મેહેનતુ.
કસબ(ના)હુનર; કસબ.
તેજાના (ના) મસાલા.
જવાહીર(ના)ઝવેર, (હી-
રા માણેક વગેરે).
વર્ણ (ના) રંગ.
શામળો (વિ) જરા કાળો

**પાઠ ૫૦મો.**

ઉત્પત્તિ=પેદાશ; નીપજ.
પણ (ના) નીમ; બાધક.
જોદ્ધા (ના) લડૈયા.
બેસુમાર (ના) ઘણુંજ.
રૂપસુંદરી(ના) ખુબસુર-
ત; દેખાવડી સ્ત્રી.
ફુટડી (વિ) શોભાયમાન.
મહાબળવાન (વિ) ઘણો
જોરાવર; જોદ્ધો
દરબાર (ના) રાજકચેરી-
પાયદળ (ના) પગે ચાલ-
નારૂં લસ્કર
ચડાઇ(ના)હુમલો; હલ્લો.
વાટ (ના) રસ્તો; રાહ.
ભાટચારણ (ના) એક
જાતના કવિ લોકો.
લસ્કર(ના)ફોજ, સૈન્યા
પરાક્રમ (ના) ભારે કામ

**પાઠ ૫૧મો.**

પોહોટતાંજ (અ) સવાર
થતાંજ.
ગર્ભવંતી=દાહાડાવાળી.
ફળાદિ (ના) ફળ વગેરે
લાંછન(ના)એબ, કલંક.
રાન (ના)જંગલ; વન.
શત્રુ (ના) દુશ્મન; વેરી.
રણ (ના)સંગ્રામ: મેદાન
ગત (ના)ગતિ; હાલ.
વગડો (ના) વન; રાન
અવતર્યો (ક્રિ) પેદાથયો
સમજણો=અક્કલવંત.
કાસદ (ના) એલચીઓ.
અમલદાર (ના) હુકમત
કરનાર.
નગર (ના) શેહેર
રચ્યા (વિ) બનાવ્યા.
ઇનસાફી (વિ) વાજબી
ન્યાય કરનારો.
ઉલટું=સામું; અવળું.

**પાઠ ૫૨ મો.**

બખેડા=ઝગડા; હુલ્લડ.
રાજપાટ=રાજની ગાદી;
રાજનું કામકાજ.
ગાદી=તખત; આસન
વંશ(ના) ઓલાદ; કુળ.
મુદ્દલે=જરાએ; બીલકુલ
કાંપતાં (ક્રિ) ધ્રુજતાં.
ઠાઠ (ના) ભપકો; દોર.
સંતાન (ના) છોકરૂં.
પડ્યા (ક્રિ) મુઆં.
સમાપ્તિ=આખર; છેડો.
વેરે (અ) સાથે.
કુંવર- રાજાનો છોકરો.
મહાસમર્થ (વિ) ઘણો
જોરાવર; જબરો.
લટારો (ના) ચાંચીઓ.
વટેમાર્ગુ(ના) રસ્તે જતો
મુસાફર; પંથી.
ક્ષેત્ર (ના) ખેતર.
ઉગમણી= પૂર્વ તરફની.
આશ્રમ સારૂ ઠેકાણું.
દાન (ના) ધર્મ: પુન્ય.
દેહછોડી (ના) મરીગયો.
વંશજ=કુટુંબી, કુટુંબના
પડતી દશા (ના)નબળો
દહાડો. [સ.
માંહોમાંહે(અ)આરસપર
બહાદુરી (ના)જોર; શૂર.
રાજકન્યા (ના) રાજાની
છોકરી.

**પાઠ ૫૩ મો.**

સર કરવું=તાબે કરવું,
જીતી લેવું.
ચિતા(ના) ચેહ.
તૂટી પડ્યા (ક્રિ) એકદમ
ધસારો કીધો:
તુરકો (ના)તુરકસ્તાનના.
હુમલો(ના) ચઢાઇ;હલ્લો.

સરદાર=સગદાર; ઉપરી.
રક્ષણ (ના) સંભાળ
ખડકીને (ક્રિ) ગાદલીને.
ગંધાતા (વિ) વાસમારતા
ગુલામ (ના) વેચાણ લીધે-
લા ચાકર.

## પાઠ ૫૪ મો.

કુમક (ના) મદદ.
આપઘાત (ના) કોઇ માણ-
સ પોતાને હાથે જી-
વ કાહાડીને મરે તે.
ખરચી (ના) ખરચને વા-
સ્તે નાણું.
ચર (ના) પાડોશ
મેદાન (ના) ખુલ્લી જગ્યા.
ગભરાયા (ક્રિ) અકળાયા.
છાવણી (ના) મુકામ.
તમામ (અ) બીલકુલ.
ગુજરી (ક્રિ) મરી.
અપમાન (ના) ગેરઆબરૂ.
સહેવાયું (ક્રિ) ખમાયું.
સંપ (ના) એક દિલ, એક
મત.
ભેગાં (અ) એકઠા; સાથે
દગો (ના) કાવતરું; કપટ
વખેરાઇ (ક્રૂ) જુદા પડી.
તળેટી (ના) તળીઉં; ત-
ળીએનો ભાગ.
રોકડા (વિ) નગદ.

શુમારજ (ના) પાર; અડસ
દ્રવ્ય (ના) પૈસા; ધન. [ટો.

## પાઠ ૫૫ મો.

વતન=સ્વદેશ; જાગીરી
ખાલસા (વિ) સરકારી.
હરડતા (વિ) કહ્રા; જુલમી
લૂટફાટ (ના) જબરજસ્તી
થી ખૂંચી લેવું.
બુરી (વિ) ખરાબ; નઠારી.
મતલબ (ના) સ્વાર્થ.
મંદીર (ના) દેહેરૂં; દેવળ
દોસ્તી (ના) મીતરાઇ.
કોલકરાર (ના) વચન સા-
થનો બંદોબસ્ત.
જનશુ (અ) હમેશાં.
પ્રસંન (વિ) ખુશી; મગન
મહાપાપી (વિ) ઘણા દુષ્ટ
બાદશાહ (ના) રાજા; પાદ-
શાહ [સીરે.
વગર વાંકે (ના) બીનતક
ખુન (ના) જીવલેવો; હથી
આર વતી મારવું તે
તૈયાર (અ) હાજર; તમેર
જમાવ=એકઠું કરવું તે
રણ (ના) રેતીનું મેદાન.

## પાઠ ૫૬ મો.

મંડપ (ના) માંડવો.
શિવલિંગ (ના) માહાદે
વની મૂર્ત્તિ.

નીસરણી (ના) સીડી
પ્રાર્થના=સ્મરણ; સ્તુતી
સહાય (ના) મદદ; કુમક.
હહાવી (ક્રિ) પાછીકાહાડી
હાર (ના) પરાજય.
નિશાન (ના) વાવટો.
રગદોળાયું (ક્રૂ) પગ તળે
ચંપાયું.
દેવળ=દેહેરૂ; દેવસ્થાન.
હાથકર્યું (ક્રિ) તાબે કર્યું.
માન (ના) કીર્ત્તિ; જશ.
સુબો (ના) હાકેમ.
ખાળ્યો (ક્રિ) અટકાવ્યો.
તંગાશ (ના) ખોટ; તાણ.
હોંસહોંસે (ના) ઘણી ખુ
શીથી, ઉમંગભેર.

## પાઠ ૫૭ મો.

પાઠશાળા (ના) નિશાળ.
શૂરાતન (ના) બાહાદુરી.
સ્થાપી (ક્રિ) રચી.
ઇતિહાસરૂપ (વિ) ઇતિહા
સની ઢપથી.
કાવ્ય (ના) કવિતા.
રચના (ના) શોભા.
તરજુમો (ના) એકભાષા
માંથી બીજી ભાષામાં
ઉતારો કરવો.
કઠોર=ઘાતકી; વજ્જર.
અવગુણ (ના) નઠારીટેવ

ગુલામગીરી=દાસપણું.
શાબિત(વિ)સિદ્ધ;નક્કી
લોભી(વિ)લાલચુ
પરમુલક(ના)પારકોદેશ
કાળજી(ના)ચેટક; અરે.
કારભારી(ના) કામકાજ-
ના કરનાર: કરતા હ
પસરી(વિ) ફેલાઇ.[રતા
લાલચોળ(વિ) માતેલા.
બહીં(ના)બહન. [જોડા.
બુટ (ના) ચાંચવગરના
પેહેરવેશ(ના) પેહેરેલાપો
શાક; (પેહેરવાના જે
કપડાં)

**પાઠ ૫૮ મો.**

સુબો(ના) પરદેશમાંરાજ્ય
તરફથી કરતો હરતો
મર્યાદશીળ(વિ)સલુકાઇ
વાળા: સભ્યતાવાળા.
ગભરા(ના)દુ:ખ; આક્રંદ.
અમલ=સતા;અધીકાર.
અફધાન=પઠાણ લોકો.
ભોગેજોગે=એકાએક.
ઉગર્યો(ક્રિ)બચ્યો;જીવ્યો.
હાકેમ(ના) સરકાર.
તખ્ત=ગાદી; રાજ્યાસન
મમતા(ના) પ્યાર;હેત.
અધિકાર(ના)અખત્યાર
પદવી; દરજ્જો.

તૈયારી(ના)પેરવી; તાકીદ
પેગડા(ના)પાવડા.
બચાવ્યો(ક્રિ) ઉગાર્યો.
સોંપ્યો(ક્રિ)હવાલે કર્યો.
તપાસી આપ્યો.

**પાઠ ૫૯ મો.**

ભોળો(વિ)નીખાલસ;કપ
ટી નહીં તે; સાલસ
ધાણ(ના)નાશ;નખોદ.
સહિત(અ) સાથે.
સંતાપ=આનંદ;હરખ
દત્તક -છોકરોકરીલેવો.
ઝેર(ના)વિખ;સોમલ.
નબળા (વિ)કમજોર.
મોખરે(અ)અગાડી.
અસ્વારો(ના)ઘોડે બેસ
નારું લશ્કર.
ટુકડી(ના)કકડા; ભાગ.
દુશ્મન(ના)શત્રુ;વેરી.
જખમી(વિ)ઘાયલ.
સહીસલામત(વિ વગર
જોખમે; સારીપેઠે.

**પાઠ ૬૦ મો.**

ખુન્નસ(ના)ઝેર;કીનો;
છાપોમારવો(ક્રિ)એકદમ
તુટી પડવું.
કતલ (ના)ખુનામરકી;ખુ
નરેજી;કાપાકાપી.
નિરાંતે(અ)ચેનથી.

લશ્કરી (વિ) લશ્કરમાં
ધાલવાની.
જડાવ(વિ) જડેલાં.
બકતર(ના)લડાઇનિસાર
લોઢાનો અંગરખો.
જમાવાને (કૃ)એકઠી ક-
રીને.
વીખી(કૃ)ચુંટી, તારવી.
હલ્લો=હુમલો; ધસારો
ભુગવાણી(વિ) ખાખાવી-
ખી; પાએમાલ.
સેનાપતિ (ના) ફોજનો
સરદાર.
તંબુ(ના)નાનો ડેરો.
રઝળતા (વિ) રખડતા.

**પાઠ ૬૧ મો.**

નામના (ના) નામદારી.
સાવધ (વિ) હોશીયાર
ઠારકરવું(ક્રિ)કાપીનાખવું
સ્વતંત્ર (વિ) આપ અ-
ખ્તીઆર.
કૃત (ના) જશ; યશ.
ચાહનાર (વિ) પસંદ
કરનાર.
કાળ (ના) વખત; મોત.
કળા(ના)તદબીર; યુક્તિ
ગાંઠે=પતકરે; ગનકારે.
ટાંપી (કૃ) તાકી; ધારી.
દશા (ના) હાલ; હવાલ

ફાંસામાં (ના) કબજામાં.
ભળ્યો (ક્રિ) મળ્યો.
આથમણી (વિ) પશ્ચિમ. તરફની.
સમાચાર (ના) ખબર.

**પાઠ ૬૨ મો.**

ઉલટ (ના) હોંશ, ઉમંગ
ભેર (અ) સાથે.
મિજાજ (ના) પ્રકૃતિ.
દાથરો=મોંચડાવવું તે.
વદી=દશકે દશકે એક ગણીએ કરીએ તે.
ખોડ (ના) ખામી; ચુક.
ગુણાકાર (ના) ગણાકરવાનો હિસાબ.
માથાકૂટીઆ=કડાકૂટીઆ; ગુંચવણવાળા.
સુરત (વિ) આળસુ.
ચીડાઇ (કૃ) ખીજવાઇ.
ચૂક (ના) ભુલ; ગફલત.

**પાઠ ૬૩ મો.**

દયામણું (વિ) દયા ઉપજે એવું.
ડુસકાં (ના) રોતા આંચકા ખાવા તે.

દડદડ (અ) ટપકટપક.
ફળીઉં (ના) શેરી; મોહોલો
રોય (ક્રિ) રડે.
અકળામણ=ઘભરાટ.
કઠણ (વિ) અઘરા.
ઉમંગ (ના) ઉમેદ; ઉલટ.
આનંદ=સંતોષ; હરખ.
સોટી (કૃ) લુછી.
સાંભરતા=યાદ આવતા
જવાબ (ના) ઉત્તર.

**પાઠ ૬૪ મો.**

આનંદી=મગન; ખુશ.
ધુંધવાતું (વિ) રીસાળ; ચહડેલું.
વસમું (વિ) અઘરું.
પાડોશ (ના) પાસેનું ઘર
કાયર=હેરાન; દુઃખી.
કહેવત (ના) કેહેતી; કેહેણી.
ગોખી (કૃ) પાકે કરી.
પેટભરું વિ ગુજરો કરું.
હસમુખી (વિ) મગન.
તાળો (ના) કાંટો.
સ્વભાવ (ના) ખાશિયત.

**પાઠ ૬૫ મો.**

સમશ્યા (ના) ઉખાણું; કોહેડો; ભેદમાં પુછવાનું.
શ્વાન (ના) કૂતરો.
સુજાણ (વિ) સારી પેઠે જાણીતો.
મૃગ (ના) હરણ.
નર (ના) ભાયડો; મરદ.
ગળ્યો (ક્રિ) ઢાંક્યો.
શોભે (ક્રિ) સારો દેખાય.
ઉત્તમ (વિ) મોટા; શ્રેષ્ઠ.
સજ્જન=સારા માણસ.
તાત (ના) બાપ; પિતા.
વીવા=સગપણ, સગાઈ.
ફાળ (ના) કુદકો; છલંગ.
ચતુર=ડાહ્યા; શાણો.
નારી (ના) બાયડી, સ્ત્રી.
નિર્બળ (ના) કમજોર.
કોલ (ના) કોયલ.
વસે દરે=દરમાં રેહે.
પઢતો (ક્રિ) ભણતો.
પંડિત (ના) વિદ્વાન.
પૂર્યો (ક્રિ) ગોંધ્યો.
ચેતજે (ક્રિ) જાણજે.
મધુરો (વિ) મીઠા રાગનો
સામળભટ=એક મ્હોટો કવિ થઇ ગયો.

## (કવિતાની સમજુતી). (૬).

**એક નરે નરને** ઢાંક્યો, તેથી શરીર સારું દેખાય; તેમાં એક તો ઘણો

ઉમદા માણસ છે. ત્યારે તમે ચતુર પુરૂષ હોય તો સમજી લેઓ. એ શું છે? (**જામો.**).

મોટા કુળથી (દૂધથી) ઉપજી તેના બાપના જે બાપ (દહીં બાપ ને તેનો બાપદૂધ) તેની સાથે સગપણ કર્યું (છાશ નાંખી દૂધ જમાવ્યું) તો તમે શાણા એ વાતે સમજને એ શું છે? (**છાશ**).

કુદકો મારે પણ હરણ નથી. સસલો પણ નથી ને કૂતરો પણ નથી તેમ મોં ઊંચું છે પણ મોર નથી ત્યારે તમે ડાહ્યા સારી પેઠે જાણીતા સમજી લેઓ એ શું છે? (**દેડકો**).

રંગે પીળોછે પણ પોપટ નથી; કાળોછે પણ નાગ નથી; તેમ પાંખો છે પણ પંખી નથી; ને તે ઉડેછે ખરો પણ કાગડો નથી; ત્યારે એ શું છે બોલો? (**ભમરો**).

તે જાતે સ્ત્રી જાત છે પણ કમજોર નથી; કાળીછે પણ કોયલ નથી; તેમ દરમાં નાસેછે પણ સાપણ નથી ત્યારે એનો જવાબ બોલો એ શું છે? (**તલવાર**).

ભણુતો પણ વિદ્વાન નથી; ને ગોંધ્યો છે પણ ચોર નથી તમે ડાહ્યા હોય તો સમજી લેજો; એ મધુર રાગનો છે પણ મોર નથી; ત્યારે એશું છે બોલો? (**પોપટ**).

---

**પાઠ ૬૬ મો.**

પોરા (ના) ઝીણા જીવડાં.
વિદ્વાન (વિ) પંડિત.
સંખ્યા (ના) કંઇઆંકડો.
સૂક્ષ્મદર્શક (વિ) સૂક્ષ્મ તે ઝીણું, ને દર્શક તે દેખાડનાર; એટલેઝીણી ચીજ મોટી દેખાય એવો કાચનો સંચો. યંત્ર.
ખાબોચીઉં (ના) નાનો ખાડો.
અબજ (વિ) સો કરોડ.
જીરવે (ક્રિ) પચાવે.
ચતુરાઇ (ના) ડહાપણ.
ગળી (ના) એક જાતનો કાળો રંગ.
ભળ્યું (ક્રિ) મેળવ્યું.
પારદર્શક=જેમાંથીઆરપાર જોવાય તે.
ગળીઆર (વિ) કાળી.
કુંડાળાં (ના) ચકરડાં.
ભક્ષ (ના) સિકાર.
આમળા (ના) વળ.

સીપ (ના) છીપાણી.
નકશી (ના) કારીગરી.
કોહેલી (વિ) સળેલી.

## પાઠ ૬૭મો.

વર્ણન (ના) બયાન.
રમણિય (વિ) ખુશલાગે એવી; ખુશનુંમાં.
ગેંડો (ના)નાની બેંસના જેવું જાનવર થાયછે.
પુણ્યશાળી(વિ)ધર્માત્મા.
પ્રખ્યાત (વિ) નામીચા.
બાગ(ના)મોટો બગીચો.
ધર્મશાળા=પરદેશીઓને ઉતરવાનો મુકામ.
માંડવી (ના) રવેશ.
મહારાજા(ના)મોટારાજા.
બેડોળ(વિ)ઘાટ વગરનું.
વેપારી(ના)રોજગાર કરનારા; રોજગારી.
બુડાડે (ક્રિ) ડુબાવે.
તોપખાનું(ના)તોપો રાખવાનું ઠેકાણું.
સાહુકાર (ના) પૈસાવાળો આબરૂદાર ગ્રહસ્થ.

## પાઠ ૬૮મો.

ભદ્ર(ના) ભદ્રકાળી માતા ઉપરનું મકાન.
મોદીખાનું(ના)સીધું સામાન વેચવાની દુકાન.
ઘીકાંટો (ના)જથાબંધ ઘી વેચવાનું ઠેકાણું.
તમામ (અ) બીલકુલ.
પુર્વજો (ના) પિત્રુ.
કાંપ (ના) છાવણી
સાહેબલોક(ના) ગોરાલોક
લશ્કર(ના)ફોજ; સેન્યા.
બંગલા (ના) ઊંચી બાંધણીનું ઘર.
સવારી (ના) સ્વારી; હાથીઉપરનોવરઘોડો.

## પાઠ ૬૯મો.

અરૂણ (ના) સુરજ.
ઝગઝગે (ક્રિ) તેજ કરે.
વ્હેલ (ના) એક જાતનું મોટું મચ્છ; જેનેલોકો મગરમચ્છ કહેછે તે.
જળચર(વિ) પાણીમાંરેહેનારૂં.
ચરબી (ના) જનાવરના ચામડાનાપાતળા પડમાંથી જે ચીકણી વસ્તુ નીકળેછે તે.
વનસ્પતિ=લીલોતરી.
ગુજરાન (ના) ગુજારો.
નિર્મળ=ચોખ્ખું; સાફ.
ગરમી (ના) તાપ.
પુષ્કળ (વિ) ઘણું.
શિખર=ટોચ;ઉપલોભાગ
જવલે (અ) કોઈવખત.
બોલી (ના) ભાષા.
લિપી (ના) ભાષા.
ગોરા (વિ) સુફેદ;ઉજળા
આછા (વિ) થોડા.
માજરી(વિ)ભુરાંડોળાની.
ખ્રિસ્તી(વિ) ઇશુખ્રિસ્તને માનવું તે.

## પાઠ ૭૦ મો.

પરોપકાર=પરકલ્યાણ.
અભણ=વગરભણેલા.
દરકાર(ના)પરવા;જરૂર.
રળવા (ક્ર) પેદા કરવા.
બરદાશ (ના) બાલાસ.
જ્ઞાન=સમજણ; અક્કલ.
પાડોશ (ના) પાસેનું ઘર
ધંધેલાગીશ(ક્રિ) રોજગારે વળગીશ.
દેવું (ના) કરજ; રૂણ.
સ્થાપન (ના) મંડાણ.
વખાણ (ના) તારીફ.

## પાઠ ૭૧મો.

સ્વધર્મી=પોતાનાધર્મનો.
ભુંડું (વિ) ખરાબ
ભાંડે (ક્રિ) ખરાબ બોલે.
ખુલ્લું=ઉઘાડું; સાફ.
સદગુણી (વિ)સદાચરણ
લાયક (વિ) ઘટારત.
આદમી (ના) માણસ.

પ્રિતી (ના) હેત; પ્યાર.
આજ્ઞા (ના) હુકમ; રજા
પ્રસન્ન(વિ) ખુશ;મગન.
વેરી (ના) દુશ્મન; શત્રુ.
કલ્યાણ(ના)સારૂં; રૂડું.
દેશી (વિ)વતની; પોતાના.
 દેશનો.

**પાઠ ૭૨મો.**

દ્રષ્ટાંત (ના) દાખલો.
કૌવચ=એક જાતના વ-
 વળના પાંદડાંનું ઝાડ.
મોગરો (ના) એકજાતનું
 ખુશબોદાર ફુલ.
વાવ્યાથી (કૃ) રોપ્યાથી
બેટા (ના દીકરા.
અગત્ય (વિ) જરૂર.
મારરૂપી=મારના રૂપનું
મિઠાશ=ભલાઈ;નમ્રતા.
ભુલવી (ક્રિ) વીસરવી.
અંત(અ)છેવટે;આખરે

**પાઠ ૭૩મો.**

ભલુંભુડું-સારૂં નઠારૂં.
આશ (ના) આશા
વંદન=નમસ્કાર; નમવું
નિંદક (વિ) ચુગલીખોર
સાલસ (વિ) સારો; નમ્ર
પડછંદા=પડઘો.
માનવી (ના) માણસ.
કદાપી (અ) કોઇ વખત
લેશ (અ) જરા.
પ્યાર (ના) હેત; ચાહના
ખાર (ના) અદાવત; વેર
તોપ (ના) ઠપકો.
ચહાવીએ (ક્રિ)ઇચ્છીએ.
સુણો (ક્રિ) સાંભળો
નંદો (ક્રિ) બદગોઈ કરો.
ભુંડુ (વિ) બુરૂં.
ગંદ (વિ) ગોબર.
વદે (ક્રિ) બોલે.
જન(ના)માણસ; સખસ
તુર્ત (અ) તરત; ઝટ.
પડે (ક્રિ) થાય.

## ( કવિતાની સમજુતી ). (૭).

**લોકોમાં** પ્યાર મેળવનારા મોગરાનાં બી જેવા ( બી હોતા નથી ફુલ જેવા ) માણસના મીઠા બોલ તેમજ ખારમેળવનારા કૌવચના બી જેવા ( બી હોતા નથી ફાફડા જેવા ) કે જે જરા ડીલે લગાડીએ તો ખજવાળ આવે ને લાલ ચકામાં પડી રેહે તેવા કડવા બોલ કહીએ; મોગરાની કલમ કાપીને વાવી હોયતો તેમાંથી કૌવચ ન ઉગે તેમજ કૌવચ વાવી હોયતો તેમાથી મોગરો ઉગશે એવી જરાએ આશા રાખવી નહીં ( એટલે કોઈનું ભુંડું કરીશું તો તે ભલું કરશે એવી આશા થોડી ); તે માટે એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ. કે જેવા બી વાવીએ તેવાંજ ઝાડ ઊગેછે. લોકોની પ્રીતિ કે ખાર મેળવવો એનો ઇલાજ આપણા હાથમાંછે; તે માટે **દલપતરામ કવિ** કહેછેકે

(દુનિઆના લોકને તેટલા સારૂ ઠપકો ન દેવો. (૧)

**નમસ્કારનો શબ્દ કહીને નમસ્કારનો શબ્દ સાંભળો ને જો તમે કહી**

કોઈની નિંદા કરો તો તમે ચુગલીખોર કહેવાઓ: સભ્યતાનો શબ્દ કહીને સભ્યતાનો સાંભળો લુચ્ચો કહ્યાથી તે તમને લુચ્ચો કહે: ચોખ્ખો શબ્દ કહીને ચોખ્ખો શબ્દ સાંભળો ગોંઉંને કહ્યાથી તે તમને પાછો ગોંઉંને કહે, માટે માણસો એક બીજામાં જેવા સામસામા શબ્દ બોલે; તેવાજ તુરત તેનો પડઘો પડે, (એટલે) સામો માણસ પણ તેવુંજ બોલે. (૨).

**પાઠ ૭૪ મો.**

લક્ષ (ના) નિશાન
આલાન (ના) વનાં ફળ.
મિનારે = એક જાતની ગોળ ઉંચી પાતળી હોય એવી ઈમારત.
પક્કો (વિ) ખરો, સાબિત
નાનપણ (ના) બાળપણ.
ઉછરેલા=મોટા થએલા.
અપમ્યા=દાસ; ગુલામ.
વેઠતા=ખમતા, સહેતા.
હોશિયારી (ના) ખબરદારી; ચાલાકી.
જોગ (ના) દાવ, તાલ.
દરજ્જે=પદીએ; જગે.
હકુમત=સત્તા; હાકમી.
ખુબસુરત (વિ) રૂપવંતા.
મૂળ(ના)કારણ; બુનાદ
મહાકાળેશ્વર (ના) મોટી કાળકા માતા.
કુતબ મિનાર (ના)કુતબુદીનનો મિનારો.

**પાઠ ૭૫ મો.**

દૂર (વિ) પરા; અલિપ્ત.
બંડ (ના)હુલ્લડ; બળવો
બદચાલ=ખરાબ ચાલ.
બખેડો (ના) હુલ્લડ
અમલ (ના) સત્તા.
આધીન (ના) તાબે; વશ.
દમ (ના) હાંફ; શ્રમ.
શ્રમ (ના) દમ; જોર.
સ્ત્રી (ના) બઈરી; બાયડી
રક્ષણ=સંભાળ; આશ્રય
બેગમ (ના) બાદશાહ કે નવાબની ધણિઆણી.
રાજ કાજ (ના) રાજનું કામ કાજ.
આંટાઆંક (વિ) બેહદ.
ઇનસાફ (ના) ફેસલો.
અમીરો=મોટા માણસ.
સંકટ=દુઃખ; આપદા.

**પાઠ ૭૬ મો.**

પુસ્તકો (ના)ચોપડીઓ.
સખામણું (ના) સખાવત.
ફકીરી ફકીરના જેવી.
ખોટ (ના) ચૂક; ભૂલ.
ફેરફાર(ના)સુધારો;બદલવું તે
અક્ષર(ના) હરફ દસ્કત.
મૂળથી (અ) પહેલાંથી
દબાવાય (ક્રિ) દબાવાય
ફેરવ્યા (ક્રિ) બદલ્યા.
વજીર(ના)પ્રધાન; દીવાન
એક (અ) સાથે; ભેગા.
ઠરાવ્યા(ક્રિ)મુકરર કર્યા.
સત્તા (ના) અખત્યાર.
ઘોંઘાટ (ના) ખડકાર; શોર
ઓળંગી (ક્રિ)વટાવી.

**પાઠ ૭૭ મો.**

એલચી (ના) વકીલ.
સન્માન=માન; આદર.
વિસામો (ના) આરામ; વિશ્રામ.
દાવો (ના) હક.

ખુંચી (કૃ) છીનવી.
આશરો(ના)છાયાં; કુમક
કવિ=કવિતાબનાવનાર.
અસીલ=નરમ; શાલસ.
ગણકારે (ક્રિ) પતકરે
નિર્દયપણે=ઘાતકીપણે
ગરદનમાર્યા(ક્રિ) ઠારકર્યા
નીવડે (ક્રિ) નીકળે
અણબનાવ=અબનાવ.

## પાઠ ૭૮મો.

ભોગ (ના) કમબખ્તી.
સલાહ(ના)વિચાર; મત.
ઉંધા (વિ) ઉલટી.
બંભેર્યા(ક્રિ) કાન ભરીને; શીખવ્યો.
એશઆરામ (ના)મોજ-શોખ.
ઉદાસ (વિ) દલગીર.
નાદાન(વિ) અણસમજુ
મતિ(ના)વિચાર, બુદ્ધિ.
દિવાન (ના) પ્રધાન
દગા કટકા (ના)છળભેદ.
હોશ (ના) ગાતર; રામ;
છીનવી (કૃ) ખુંચી.

## પાઠ ૭૯મો.

સહવાસ(ના) પરીચય.
બલવો (ના)હુલ્લડ; દંગો.
અધિકાર (ના) દરજ્જાને.
અમીરી (વ) મોટા માણસના; ઊંચા.
ખાનદાન(વિ) ઊંચું કુળ.
વારામાં (ના) વખતમાં.
ફતેહ(ના)જીતણી; જીત.
કેદ્દા (વિ) હરકતો.
શિક્ષા (ના) સજા.
ભાળુ (વિ) રહેમ નજરવાળા.
કોમળ=કુમળા: નાજુક
અપરાધ(ના)ગુનો; વાંક
બુદ્ધીમાન = અક્કલવંત.
ઝાંપો (ના) દરવાજો.
કુંવર=રાજાનો છોકરો.

## પાઠ ૮૦ મો.

કુપાત્ર (વિ)નઠારોછોકરો.
અણઘટતું=નાલાયક.
તકસીર=વાંક; અપરાધ.
પરાજય (ના) હાર.
ફિતુર(ના) ઢોંગ કરનારા.
ગુનેગારો(ના)અપરાધી.
જાસ્તી(અ)વધારે, ઘણું
પચાવી (કૃ) દબાવી.
ધારી (વિ) શરીઆમ.
કેવળ(વિ) બીલકુલ;તદન
ઠંડા (વિ)ધીમાં; ટાઢા.
ગડબડ (ના) તોફાન.
મટાડીને (કૃ) દૂર કરીને.
આડ (ના) હદ; સીમ.
સમાચાર (ના) ખબર.
વચગાળે (ના) મધ્યભાગે.

## પાઠ ૮૧ મો.

દ્રવ્ય (ના) પૈસા; ધન.
ઝવેર=હીરા મોતી વગેરે.
દરશન(ના)દેખવું;ઝાંખી
બેશુમાર (વિ) ઘણોજ.
બેપાટી (વિ) જુદી; બનાવટની.
ગણો (ના) ગુણપાટની કોથળી
મદદ (ના) કુમક.
નિભાવ (ના) ગુજરો.

## પાઠ ૮૨ મો.

વિશ્વાસઘાતી (વિ) ભરોસો આપી દગો દેનાર.
કાળજું(ના)હૈયું; હૃદય.
ભુંડાઈ (ના)બુરાસ; વેર.
ઉમરાવો(ના) અમીરો.
નિશ્ચય (ના) નક્કી; ઠરાવ
અતિશે (વિ)ઘણો; બહુ.
ભરોસો (ના) વિશ્વાસ.
વહેમ (ના) શક; સંદેહ.
ઉલટો (વિ) સામો.
સાન (ના) ઇશારત.

## પાઠ ૮૩ મો.

ચઢિયાતો(વિ) ચઢતો.
લેખામાં(વિ) હિસાબમાં.
ગ્રેટબ્રિટન=અંગ્રેજ લોકોનો દેશ (ઈંગ્લાંડ.

સ્કૉટલંડ ને વેલ્સ,
ડાંગર (ના) ભાત.
નીપજે=પાકે; પેદાથાય.
વચ્ચોવચ (અ)બરાબર વચમાં; વચગાળે.
સુરંગ (ના) નેહેર.
આવજ્જ=આવવું જવું.
નામદાર(ક્રિ)પ્રખ્યાત;કીર્તિવંત; નામીચા.
દર (વિ) હરએક.
વસ્તી(ના)વાસો, મુકામ

**પાઠ ૮૪મો.**

મહારાણીજી (ના) મોટાં રાણી સાહેબ.
અચળ(વિ)જે ખસે નહીં તે; હમેશાં કાયમ.
કરૂણા (ના) દયા. | શાલ.
કુશળ(ના)તાજગી; ખુ.
વિધવિધ=તરેહતરેહ.
સંહાર(ક્રિ) નાશ, ઘાણ.
હામ (ના) હિમ્મત.
વિજ્યા કુંવરી=વિધારે જશવાળી છો કરી.

અમર વેલ(ના)મરે નહીં એવા વેલો
કૃપાનાથ (ના)દયા રાખનાર ધણી.
અખંડ (વિ)ખાંડો નહીં તે; આખા.
સોહાગ (ના) શોભાગ.
પરિવાર=કબીલો; વંશ
દીપાવંડા(વિ) શોભાવંતા
સમાજ-મંડળી; સભા.
અકૃતા(વિ) ફોકટ;મિથ્યા
વડાં (વિ) મોટાં.
કૃપા (ના)મેહેરબાની.
હૃદે(ના)દીલ, મન; હૈયું.
હર્ષ (ના) હરખ; ખુશી.
કલ્યાણ(ના)સારૂં; રૂડું,
દિનદિન=દાહાડે દહાડે.
ચડતીકળા=આબાદાની, આબાદી.
સંહારજે=નાશ કરજે.
દુષ્ટ (વિ) પાપી; ખુની.
વિજય (ના)વધારે જશ

જગપતિપણું (ના) દુનિયાનું ઉપરીપણું.
અખુટ (વિ)ખુટે નહીં તે.
સમય(ના)વખત; વેળા.
સહાય(ના) દુઃખ; સંકટ.
કષ્ટ(ના) દુઃખ; સંકટ.
કૃપાનિધિ (ના) દયાનો ભંડાર.
ઉપજ્યો (વિ) થયો.
અથાગ (વિ) જેનો થાંગ નહીં; ઘણોજ.
જગ(ના) જગત; પૃથ્વી.
ન્યાય (ના) મનસાફ.
સુજશ=સારો જશ;કીર્તિ.
નમજે (ક્રિ) પથરાજે..
ગુણીજન (ની)ગુણવાળો
દયાવંત (વિ) દયાવાળા.
દિસેછે(ક્રિ) દેખાયછે.
રાજસમાજ (ના) રાજમંડળી; રાજસભા.
રક્ષા(ના)રક્ષણ; સંભાળ.
જયજયકાર (ના) ફતેહ.

## ( કવિતાની સમજુતી ). (૮).

હે **પ્રભુ**! હમે એટલું માગીએછીએ કે, મોટી દયાળુ **વિક્ટોરિઆ** રાણી ઘણાં વર્ષ જીવો: તમો કરૂણા કરીને એટલું આપો કે હમારા દીલમાં પૂરો હરખ પામીએ (**વિક્ટોરીઆ** ઘણાં વર્ષ જીવો). (૧).

સદાકાળ એની હકુમત હમારાપર રાખજો. અને દયા લાવી- એનુ

રક્ષણ કરી કલ્યાણ કરજો; દહાડે દહાડે એની આબાદાની થઇને દોલત વધજો; જેથી કરીને એ ઘણી કીર્તિ પામો (**વિક્ટોરીઆ**). (૨).

એના સઘળા દુશ્મનોના બાણ વાળજો, પાપી માણસની મેહેનત જજો; એ વધારે જશવાળી કુંવરીના વધારે જશ વધારજો. જે કે દુનિઆનું ઊપરીપણું ચલાવવા જોગ છે. (**વિક્ટોરીઆ**) (૩).

**પ્રભુ** તું ખુટે નહીં તેટલી દોલત એને આપજે, ને સઘળા વખતે એની મદદમાં રેહેજે; રે, દયાના ભંડાર **ઇશ્વર** એના સઘળા દુઃખ કાહાડી નાંખજે, કે જેની કીર્તિ જગમાં ઘણી થાય (**વિક્ટોરીઆ**) (૪)

એના રાજમાં માણસ સુખી થયા. સદાકાળ એના શોભાગ આબાદ રેહેજો (ખંડીત થતા નહીં); જેથી કરીને ગુજરાતના દુઃખ દુર થયા, ને મનમાં અથાગ હરખ ઉપજ્યો (**વિક્ટોરીઆ**). (૫).

આખી પૃથ્વીપર સદાકાળ એ કાયમ રેહેજો. એનો ઇનસાફ સદા વાજબીજ છે; એનો સારો જશ જગત મધ્યે પથરાજો કે જે ગુણવાન માણસ પુસ્તકમાં લખ્યા જાય. (**વિક્ટોરીઆ**). (૬).

જેનાં સદગુણ રાજનું મંડળ દયા ભરેલું મઝાનું દેખાવડું જણાય છે; એને ચિત્તે ચોગણી હિમ્મત વધજો, ને મહારાજ (**ઇશ્વર**) એનું સારૂં રક્ષણ કરો. (**વિક્ટોરીઆ**). (૭).

જેના નાશ નહીંજ થાય એવા જેમ વેલા વધે, તેમ એનો પરિવાર વધજો; **દલપતરામ કવિ** કેહે સઘળા સારા માણસો, બોલો એકવાર **વિક્ટોરિઆ રાણીની** જે, જે. જે. **વિક્ટોરીઆ**). (૮).

## પાઠ ૮૫ મો.

ફૂટડાઇ (ના) શોભા.
ટાપટીપ(ના)તાલમેલથી શણગારવું તે.
જંગલી=બેવકૂફ;મૂર્ખ.
અજ્ઞાન(વિ)વગર કેળવાગલા, ભોળા.
હોંસેહોંસ(ના) ઉમંગથી.
ડોળ(ના) ચેહેરો, ભપકો.
જન્મથીજ (ના) અવતરે ત્યારથીજ.
ચોખંડા (વિ) ચોડા.
ડામ (ના)ધગધગતા લોઢાનો ઉનો ચમકો.

## પાઠ ૮૬ મો.

શિકલ (ના)મોંનો ચેહેરો

નામાંકિત (વિ) નામીચો.
કદરૂપાં (વિ) બેડોળ.
કસર (ના) ખામી.
વેહ (ના) કાણું, છિદ્ર.
ચીખું (વિ) બેડેલું, ચપટું.
રૂપાળું (વિ) દેખાવડું.
બ્રહ્મ (ના) કાનની સાલીઓ પરનો વચગાળેનો ભાગ.
વજન (ના) ભાર; આબરૂ.
દુ:ખી (વિ) હેરાન, કાયર.

**પાઠ ૮૭મો.**

કરોડ (ના) બરડાની વચમાંનું હાડકું.
પાંસળીઓ (ના) પાસા તરફની હાડકીઓ
દરદ (ના) દુખાવો: કળતર
સણકા (ના) ચસકા.
હડપચી (ના દાઢી આગળની જગા.
મેશ (ના) કાજળ.
ટપકાં (ના) ઝુંદણાં.
નીચવર્ણ (ના) હલકી જાત; હલકા લોક.
વેદના (ના) દુ:ખ; આપદા.
ખોટ (ના) તંગાસ; તોટો.
રેખા (ના) મેખા.

**પાઠ ૮૮મો.**

ચોધડીઉં (ના) આરઘડીનો વખત.
ગૃહસ્થો=મોટા માણસો
આરસપાહાણ (ના) આરસનો પથ્થર.
માનતા (ના) બાધા; આકીન; નીમ.
સિંહાસન (ના) ગાદી, (સિંહનું આસન)
દેવલ (ના) દેરૂં: મંદીર.
સેંકડો (ના) સેંકડો
થાંભ (ના) થાંભસો
સલાટ (ના) પથ્થર ટાંકનારા કડીઆ.
દાંતા (ના) ગુજરાતની ઉત્તરે એક ગામછે.
રાણા (ના) રાજા.
જાત્રાળુ (વિ) જાત્રાવાસી.
ભાટ (ના) નજરાણું.
કર (ના) વેરો.
પાળિઆ (ના) કારણ: કોર
આબુ (ના) ગુજરાતની ઉત્તરે એક પર્વત છે.

**પાઠ ૮૯મો.**

જવાળા (ના) બળતા; આગ
કમાણી=રળતર; કમાઇ.
દશાંશ (ના) દશમો ભાગ.
નગરશેઠ (ના) શાહેરનો શેઠીઓ.
ગુમાસ્તા (ના) વાણોતર.
બારસાખ=બારણાસાથેનું ચોખઠું.
લેખ (ના) દસ્તાવેજ.
દરસાલ=હર વરસ.
અર્પણ (ના આપવું; ચડાવવું.
ગબ્બર (ના) જબરોપર્વત.
જબર (ના) જબરા.
ચઢાવ (ના) ઢોળાવ.
જવાળામુખી (ના) બળતામોના પર્વત.

**પાઠ ૯૦ મો.**

માયાળુ (વિ) દયાળુ
ભાઇબંધી (ના) દોસ્તી.
ભાઇબંધ (ના) દોસ્તદાર,
વાંક (ના) તકસીર; ગુનો.
તંત (ના) બોહલસ.
નમીઓ (ક્રિ) વાંકાવળીએ.
ઇલાજ (ના) ઉપાય.
આપસ્વાર્થી (ના) પોતાની મતલબના; ગરજાઉ.
પરવા (ના) દરકાર; જરૂર.
સોબતી (ના) સાથી.
પરગજુ (ના) પરકલ્યાણી.
દયાળુ (વિ) માયાળુ.
ગોઠિઆ (ના) મસલતીઆ.
મોટા (વિ) ઉદાર; સખી.
દોષ (ના) અપરાધ; પાપી.

**પાઠ ૯૧ મો.**

રમુજી=ગમતપડે એવી.
ખડખડાટ(ના) અવાજ
બીનાં (ના) બીધાં.
હિંમત (ના) છાતી.
છાબલી (ના) છાબડી.
ભચરડાઇ (કૃ) દબાઈ.
ઘાટ (ના)આકાર, ડોળ.
ચતુરાઇ(ના)ડાહાપણ.
ફસાઇ(કૃ)કબજે આવી.
ધાસ્તી (ના) બીક; ડર.

**પાઠ ૯૨ મો.**

ભોજનક્રિયા (ના) જમવાની તરેહ-રીત.
સાહેબલોક(ના)અંગ્રેજ.
તરેહ(ના)રીત; યુક્તિ.
અણીદાર(વિ)અણીવાળી
અવઘડ (ના) અડચણ.
નરમ (વિ)પાણી જેવી.
વેલા (ના) આપદા. [ક.
ઘરધણી ના)ઘરનોમાલિ
ફાવતું(કૃ)ઠીક પડતું.
ટગરટગર(કૃ)એકીનજરે.
કકડીને(કૃ)ઘણીસખત.
ઘેંસ (ના) ભડકું.
ઘુણાવ્યું (ક્રિ) હલાવ્યું.
ગટગટાવી(કૃ) ઢાંસી; પી.
તરેહવાર (વિ) અજબ.

**પાઠ ૯૩ મો.**

ચોરસ (વિ) ચોખંડા.
પરોણો (ના) પરોણા ઉતરેલા તે, મેમાન.
ફાડીને (કૃ) ચીરીને.
ઢાલવી (કૃ) ખાલવી.
ખુમચા(ના) મોટી થાળી જેવું છાછરૂં વાસણ
કાવો (ના) ઉકાળો.
મોળી=ગળપણવગરની.
સુરમ(ના)સુગંધ;વાસ

**પાઠ ૯૪ મો.**

સંઘ=જાત્રાજનારૂં ટોળું.
ટુંક (ના) શીખર; ટોચ
રળિઆમણો (ના) શોભાવંતો; સારો.
મોકળો (વિ) પોહળો.
આનંદ=હરખ;સંતોષ.
ઘાટ(ના)ઓવારો; આરો.
વિસામા(ના) વિશ્રામ લેવાના ઠેકાણા
વગડો(ના)રાન;જંગલ.
નામીચા (વિ)પ્રખ્યાત.
ધનવાન(વિ)પૈસાદાર.
શિલાલેખ(ના) પથ્થરપર કોતરેલો દસ્તાવેજ.
હરસાલ (ના)વરસોવરસ
ઉચક્રો (ના) ઊધડ માપ; ઠેરવેલી રકમ.
પૂજારા(ના)પુજા કરનારા.
રાતવાસો=રાતનો મુકામ; રાતનો પડાવ.
ઠાકોર(ના)રાજા;રાણો.
સદાવ્રત (ના) ધર્માદ સીધું સામાન આપવાનું મોદીખાનું.
મરકી(ના)મરવાનોગળ.

**પાઠ ૯૫ મો.**

ભૂમધ્ય (વિ) જમીનની વચમાં આવેલો.
રેતાળ(વિ)રેતીવાળી.
રણ(ના)રેતીનું મેદાન.
વાયરો(ના)પવન; વા.
જવલ્લે(અ)કોઇ વખત.
ઝાડપાન (ના)ઝાડપાલો.
વાડી (ના) ઝાડપાન વાળી જગો.

**પાઠ ૯૬ મો.**

સારેછે(ક્રિ)પૂરી પાડેછે.
સાલ (ના) વરસ.
પૂર (ના) રેલ.
કાંપ (ના) કચરો.
શામળા (વિ) કાળા.
સીધી (ના) હબસી.
કદરૂપા(વિ)બદશીકલના.
નિમકહલાલ (વિ) ખાધેલા અન્નનો ઉપકાર કરનારો.
કેપ (ના) ભુશીર.
હિંસારી(વિ)હલાકરનારા

ઓળેઓળાં (ના) ટોળે ટોળાં
ખૂની(વિ) ઘાતકી ; નિર્દય

**પાઠ ૯૭ મો.**

પિતા ( ના ) બાપ ; તાત
સેવા(ના) ચાકરી ; અરદાસ
છટો(ના) એકલો.
છોટો(વિ) નાનો.

પાળીપોષી(કૃ) ખવડાવી-પીવાડી.
આભાર(ના) ઉપકાર, પાડ.
અંતર(ના) દિલ ; મન.
ભેદ(ના) સમજણ ; કારણ
કોટીકોટી(વિ) ઘણીઘણી.
કાયા(ના) શરીર, દેહ.
છત્ર(ના) ઢાંકણ.

પ્યાર(ના) હેત ; ચાહેના
અત્યંત(વિ) ઘણો ; ખુબ.
પાજી(વિ) નઠારો ; કપુત.
વડા(વિ) મોટા.
વાંક( ના ) ગુન્હો.
રાંક(વિ) ગરીબ ; અનાથ.
સ્નેહ(ના) હેત ; પ્યાર.
દેહે(ના) શરીર ; કાયા.

## ( કવિતાની સમજુતી ). (૯).

જ્યારે હું છેક નાદાન નાનો છોકરો હતો, ત્યારે પિતાજી તમે મને પાળી પોશીને મોટો કીધો; તે વખતે સારી રીતથી મને ખુશી ને ખુશી રાખતા; હવે એ તમારો પાડ હું કેમ વીસરું. (૧).

જે વખતે હું નાનો હતો તે વખતે છાતીએ ચડી તમારી મૂછ ખેંચી, ત્યારે તમે દિલમાં જરા પણ રીસ નહોતી આણી; જે મેં મ્હોડે કહ્યું તે બધી વાતની હા હા કહી; હવે એ તમારો૦ (૨).

મને સારી શીખામણ દઈને સુધાર્યો, અને વિદ્યા શીખવીને વિવેક કથી વધાર્યો; તેમ મને બધી વાતની સમજણ બરાબર આપી, હવે એ તમારો૦ (૩)

તમારી કાયાપર મારેવાસ્તે ઘણું ઘણું દુઃખ વેઠ્યું, મને છાતીએ દાબીને મારી આસનાવાસના કીધી; ને ખરા ભાવથી મારા ઉપર હેત રાખતા, હવે એ તમારો૦ (૪).

મને જોતા ત્યારે મનમાં ઘણો સંતોષ પામતા, ને જે વસ્તુ મ્હોડે મેં માંગી તે તરત લાવી આપતા; જે નઠારો છોકરો હોય તેજ એ તમારે પાડ ભુલે, તો હવે એ તમારો૦ (૫).

મારાથી કંઈ ખોટું કામ થાય ને મોટા ગુનામાં આવું તો નાદાન જાણી શિક્ષા કરવાને બદલે તમે મારાપર દયા લાવતા; ને પ્રિતી ન ઉતારત

મારા અંગને કંઇપણ દુઃખ ન દીધું, હવે એ તમારો૦ (૬).

**પાઠ ૯૮મો.**

| | | |
|---|---|---|
| લાવ (ના)લ્હાવો; લાભ. | સેવના(ના)સેવા; ભક્તિ. | સજ્યા (ક્રિ) બનાવ્યા. |
| સજવું (ક્રિ) રચવું. | ભાગ્યશાળી(વિ) નસીબવાન; નસીબવાળો. | નેત્ર(ના)આંખ, લોચન. |
| નિરખવું(ક્રિ) જોવું. | તુચ્છ(વિ) હલકો; નીચ. | નીર (ના) પાણી. |
| જગંનાથ (ના)જગતનો ધણી; ઇશ્વર. | ટાળી(ક્રિ)મટાડી. | ઉરે (ના) હૃદે; હૈયે. |
| હયાતી (ના)જીન્દગાની. | જનો(ના) માણસો. | ભાવ(ના)ચાહના; હોંશ. |
| | મધ્ય(અ)વચ્ચે; માંહે. | પિતુ(ના) બાપ, તાત. |
| | | શુભ(વિ)સારૂં, મંગળીક. |

## ( કવિતાની સમજુતી ). (૧૦).

**મને** ભણાવી ગણાવી નસીબવાન (લાહુર) બનાવ્યો, ને મારી ખરાબ તોછડી આદત મૂકાવી; જેથી કરી લોકોમાં મારી આબરૂ ફેલાઇ ગઇ, હવે એ તમારો૦ (૭)

મેં આ સારો (ઉપભોગ) ઓરીઓ લીધા ને હવે જે લહીશ તેનો આભાર બધો પિતાજી તમારો માનું છું. એ બધા ઉપાયો મારા સુખને-સારૂ તમે રચ્યા છે, હવે એ તમારો૦ (૮).

તમારી આંખોમાં પ્યારના આંસુ લાવીને મને જોતા ને પોતાના કલેજા સાથે લગાવીને દાબતાં; તે વખતે મ્હોંડે મીઠા શબ્દ બોલતા, હવે એ તમારો૦ (૯).

હું આજ સુધી નાદાન બચ્ચું ને અજાણ્યો હતો, તેથી તમારો ગુણ મેં મનમાં એકે જાણ્યો નથી; આજ હું હવે જાણીતો ( મોટો સમજણો) થયો છું, હવે એ તમારો૦ (૧૦).

જગતનો ધણી જે ઇશ્વર તે જો મને હયાત રાખે, અને મારી ને તમારી જીંદગાની સલામત રહે; તો સાચે ભાવે નિરંતર તમારી સેવા કરૂં, હવે એ તમારો૦ (૧૧).

હોંસથી ભણીને આ સારા છંદ ગણી રાખે; તો પિતાની સેવા

કરવાને નઠારા થશે નહીં; સારૂં જ્ઞાન મેળવીને પછી સારે કામે લાગશે ને આ સારા છંદ **દલપતરામ કવિએ બનાવ્યા છે.** (૧૨)

## પાઠ ૯૯મો.

વેરીઓ (ના) દુશ્મનો.
ઘાતકી(વિ)નિર્દય; ખુની.
શિકાર (ના) ભક્ષ.
લાગ (ના) દાવ; તક.
બેશુદ્ધ(વિ)ભાન વગરનો.
ફુલાડી (ક્રિ) ફુલાવી.
નિમકહરામી(વિ ઉપકારને બદલે અપકાર કરવા તે

## પાઠ ૧૦૦મો.

ખોરાક(ના)હંમેશાં ખાવાના પદાર્થ.
અહંખાઇ(ના)ખાર;કીનો
નિર્દય(વિ) દયા વગરનો
વાઘેલા (વિ) સોલંકી.

## પાઠ ૧૦૧મો.

વજીર(વિ)પ્રધાન;દીવાન,
પાધર(વિ)સીધો;પાધરો.
કુલ (વિ) બધા, તમામ.
કાફુર(ના)લુચ્ચોઆદમી.
મજલ(ના) વાટ, ટપો
પાટવી (વિ) ગાદીનો અધિકારી, મ્હોટો.

## પાઠ ૧૦૨ જો.

ફુરસદ (ના) નવરાસ.
ફુગમણુ(વિ)પૂર્વદિશા.
ખંડણી(ના) ચોથ ; કર.
આવકાર (ના)આદરમાન
ચડાઇ (ના) હુમલો
સમાપ્તિ(ના)આખર;છેડો
સિંહલદ્વિપ=લંકા બેટ.
પડતીદશા=નબળી દહાડો; બેડી.

## પાઠ ૧૦૩ જો.

નિમકહરામ(વિ) ધણીનું અન્ન ખાઇને તેનું ભુંડું કરે તે.
વિશ્વાસ (ના) ભરોસો.
અવિશ્વાસ(ના)બીનપતીજ, ભરોસો નહીં તે.
ઘરડપણ (ના)બુઢાપણુ
કલેશ=કજીઓ; કંકાશ.
પંડિતો (ના) વિદ્વાન.
અહંકાર(ના) અભિમાન.
બુદ્ધિવાન=અક્કલવંત.
આબાદી (ના) ચડતી.
ખાનપાન(ના)ખાવું પીવું, ખોરાકી પોષાકી
નીમ (ના) હદ; સુમાર.
સુપરમે (વિ) સારે ટાણે
ગુલામગીરી(ના)ચાકરડાપણું, દાસ પણું.

## પાઠ ૧૦૪થો.

મારા=કસાઇ,મારનારા.
માલિક (ના) ધણી.
કાચો (વિ) નબળો.
નીવડત (ક્રિ) નીકળત.
રંડીબાજી=વશ્યાનો સંઘ કરવોતે; છીનાળું.
મોજશોખ(ના)ચેનબાજી
લપટાઇ(કૃ) વીટલાઇ; ફસાઇ.
સગાવતાં=નરમપાડતાં.
રીબાવીને(કૃ) દુઃખદઇને.
નિર્દયપણે=ઘાતકીપણે.
કારભાર(ના)મુખ્ય કામકાજ.
સંતાપ=આનંદ, હરખ.
વગના (ના)તરફેણના.
નસંતાન(ના) સત્યાનાસ.

## પાઠ ૧૦૫મો.

રંગમહલ=રંગતાન કરવાનો મોટો મેહેલ.
દેવડી(ના) મથક; મકાન.
ઓલાદ (ના) વંશ; કુળ.
દુવાઇ (ના) આણ.
નીાન (ના) રીતસર ચાલ

વાનું ધોરણ.
ગડબડ (ના) તોફાન.
બંદોબસ્ત(ના) ગોઠવણ

**પાઠ ૧૦૬ઠો.**

સુબેદાર(ના)સરદાર;પલ
ટણનો-ઊપરી.
કાયમ (અ) બાહાલ.
મેળાપ (ના) મુલાકાત.
કાવતરૂં (ના) દગો.
ઓચિંતો(વિ) એકાએક
બોગજોગે(અ) એકાએક.
બનાવ (ના) હકીકત.

**પાઠ ૧૦૭મો.**

ગોળાર્ધ(ના) અરધોગોળ
વાહાણવટી(ના)નૌકા શા-
સ્ત્રના જાણનારા.
સમધાત (વિ) સરખા.
સુમારે (અ) આસરે.
વળગીને (કૃ) બાઝીને.
કડકા (ના) ભાગ.
ખબરદાર(વિ)હોંશિઆર
ખરેખાત(અ)સાચોસાચ
ઢગલે ઢગલા=ઘણુંજ.
નીપજ(ના)પાક;પેદાશ

**પાઠ ૧૦૮મો.**

અજ્ઞાની(વિ)અણસમજુ
ભોળા; વગરશીખેલા.
ભૂત (ના) પીશાચ.
ઝોડઝપટ (ના) સપડાવું.
નજર (ના) કુદ્રષ્ટિ.
પ્રકાર (ના) રીત; તરેહ.
સમજુ(વિ) વિચારવંત.
કરડી (વ) આકરી.
ધગધગતા(વિ)ઊનાઊના.
અંગારા(ના) દેવતાનાસ-
ળગેલા કોયલા

**પાઠ ૧૦૯મો.**

પ્રયોગ=કરી જોવું; અ-
ભ્યાસ કરવી તે.
મંછા (ના) ઈચ્છા.
શંકા (ના) વેહેમ.
ચીસ (ના) કીકીઆરી.
લગડી (ના) હાળકી.
પડછાયો (ના) ઓળો.
કસર (ના) ખામી.
પરસેવ (ના) પસીનો.
યુક્તિબંધ=હીકમતથી.
ખબરદારી=હોંશિયારી.

ચોકશી=બારીક તપાસ.
ડાકણ (ના)ચુડેલ.

**પાઠ ૧૧૦મો.**

વંત્રી(ના)ડાકણ. ચુડેલ.
આણ (ના) દુવાઈ.
રોણ (ના) તોફાન.
ભાવસાર (ના) જૈનધર્મ
પાળનાર હિંદુ લોક.
મધરાત(ના) વચલીરાત.
ચાંદરણું (ના) ચંદ્રમાનું
અજવાળું.
મૂંજવા (કૃ) બ્હીવા.
હામ (ના) હિંમત,છાતી.
ચોકીવાળા=પોહોરેદાર.
ડામચિઓ (ના) માચડો.
સ્વામી=ગુરૂ;ઉપદેશી.
શોર બકોર(ના) અવાજ
વિગત (ના) તપસીલ.
વિખ્યાત(વિ) નામાચું.
મસાણ (ના) સ્મશાન.
ફોસફરસ ( ના ) હવામાં
ખુલ્લો મૂક્યાથી જલ-
દી સળગી ઉઠે એવા
એક પદાર્થનું નામ.

## ( કવિતાની સમજુતી ). (૧૧).

**પવન** આવ્યાથી નેવાં આગળનું નળીઉં ખસીને હેઠે પડ્યું તે જો-
ઇને કૂતરું ભસવા મંડ્યું. ત્યારે ત્યાં ઘણો હો હાકાર થઇ રહ્યો; ત્યારે

માંહે કોઇ ક્હેવા લાગ્યો કે હા મેં ચોર દીઠોતો, પછી એ વિષે મ્હોટી મ્હોટી વાતો ઘણીએ કરે. (પણ તેમાંનું શું ?) તો એ પ્રમાણે **અખો સ્વામી** કહે છે કે ભાઇ વેહેમની વાત એવી સમજવી.

**પાઠ ૧૧૧મો.**

વશીકરણ (ના) વશ કરવાનો મંત્ર.
અપશુકન (ના) ખરાબ નિશાની; ખરાબશુકન
શુકન=ચિન્હ; નિશાની.
પોગળ(વિ)પોલું; જૂઠું.
ભુવો(ના) ભૂત પીશાચ કાહાડનાર; ઢોંગી.
શીખાઊ (વિ) ચેલો.
ચોટ (ના) ખેલ.
અજમાવી (કૃ) વાપરી.

**પાઠ ૧૧૨મો.**

હરતાળ=એક જાતની પીળા રંગની ધાતુ,
કાળ (ના) મોત.
અડતાં (કૃ) અડકતાં.
ખાલ(ના)છાલ,ચામડી.
ગાણા(ના)ગાયન; સારંગી નરઘાંથી ગાવું તે.
કુડાં (વિ)નઠારા; ખરાબ.
આળ (ના) તોહોમત.
અગ્નિ (ના) દેવતા.
ઝાળ (ના) આંચ.
લખમી (ના) પૈસા.
વાસીદું(ના)કચરો;પુંજો.
તાલ (ના) મજા, રમૂજ.
છછુંદર(ના) ચેણ.
છીંડુ(ના) વાડ કે ખેતરમાં જવાનો રસ્તો.
છટ (ના) જગો; બારી.
ફાંસ (ના) સરાક.
થોબ(ના) પાર; છેડો.

## ( કવિતાની સમજુતી ). (૧૨).

**અજમાં** જેમ કાચો ( માર્યા વિનાનો ) પારો ખાવો તેવું ચોરીનું ધન છે; કાચી હરતાલ ખાવી તેવો ચોરીનો માલ છે. (૧). માથા ઉપર જેમ મોત ભમેછે. તેવો ચોરીનો માલ છે; કૌવચ લાગેથી ખાલ ઊપડે (ચેળ આવે) તેવો ચોરીનો માલ છે. (૨). ગાયન ગાતાં કે સાંભળતાં હોય ત્યાં આવીને કોઇ નઠારા શબ્દ બોલે તેવો ચોરીનો માલ છે. (૩). દેવતાની કેવી ઊંની ઝાળ લાગેછે તેવો ચોરીનો માલ છે; કોઇ સખસ જીવતી માખ ગળે (તે પેટમાં રહે નહીં) તેમજ ચોરીનો પૈસો કોઇને પચે નહીં. (૪). આખા કોળાનું શાક નહિ થાય (મોળેલા કોળાના શાકમાં આખું કોળું ભૂલથી જાય નહીં.) તેમ કચરો વાળતાં ભૂલમાં સાંબેલું કહાડી નંખાયે નહીં; અને જો કહાડી નાંખીએ તો જોવા જેવો તમાશો થાય, તેવો ચોરીનો માલ છે. (૫). સાપ છછુંદરને મ્હોડામાં ઘાલેછે. હવે જો તે ગળી જાય

છે તો સાપ મરી જાયછે. ને જો સાપ તેને છોડી દે છે તો આંધળો થાયછે તેવો ચોરીનો માલ છે. ( એટલે એ માલ રાખે તોપણ દુઃખ ને બીજાને આપે તોપણ દુઃખ થાયછે.) (૬). છીંડું એટલે જવા આવવાનો રસ્તો ભાંગી મોટો રાખે અથવા જવા આવવાની છુટ રાખે તો અકરૂં કહાડતાં ઊંટ પેસે (કરવા જાય કંઈ પાકું નો થઈ જાય કંઇ વાંકું), સરાક કહાડતાં કંઇ મોટો ખીલો પેસી જાય (સાત સાંધે તો તેર તુટે, તેવો ચોરીનો માલ છે. (૭). ચોરીનો માલ કંઇ રાત દહાડો છાનો રહે નહીં, તેની વાત તો વા લઇ જાય; જેમ બિલાડી મોબામોબ ઊતરી જાય, તેમ અટકાવ કરતાં તેનો પાર આવે નહીં. (૮).

**પાઠ ૧૧૩ મો.**

પ્રસિદ્ધ (વિ) નામીચા
ધામ (ના)જગો,ઠેકાણું.
રચના (ના) શોભા.
હાળીઆં(ના)હળતાં છા-
પરાંની અડાળી.
ગૌશાળા(ના)ગાય બાંધ-
વાના ઠેકાણાં.
રસોડું (ના) રાંધણી.
નગારખાનું (ના)નગારા
વગાડવાની જગ્યા,
નોબતખાનું.
ચોરશી(ના)ચોઠા પથ્થર.

**પાઠ ૧૧૪ મો.**

સિંહાસન=ગાદી; તખ્ત.
ઝાકઝમાળ (વિ) ચળક
ચળક; તેજદારદેખાતું.
છપરખાટ (ના) પલંગ.
શણગાર (ના)લુગડાંઘરે-
ણાં વગેરે ભૂષણ
માણેકહારી (વિ)આસો-
સુદ પુનમનો દિવસ.
તલપૂર (વિ) જરાક.
ખરીદી (ના) હેરત.

**પાઠ ૧૧૫ મો.**

અંગે (ના)તાએઃ હવાલે.
સારેછે(ક્રિ) પુરી પાડેછે.
આરા(ના)ઓવારા;ઘાટ.
કમળ(ના) એક જાતના
ફુલ તળાવમાં થાયછે.
દેવસ્થાન=દેવનું ઠેકાણું.
સાધુ(ના)બાવો, વેરાગી.
વસુલ (ના) જમે.
દેવસ્થળ(ના)દેવનુંઠેકાણું.
બિચોબીચ(અ) પાસે.

**પાઠ ૧૧૬મો.**

હસ્પિતાલ(ના)દવાખાનું.
દાકતર(ના)અંગ્રેજ વૈદ.
કળતર(ના)દુખાવો;દરદ.
કરાર(ના)સુખ;ચેન[કહું.
ઝારવું(ક્રિ) ઊનાપાણીથીશે
બળતરા (ના) આગ.
જળો (ના) ખરાબ લોહી
ચુસી લેનારા લાંબાં
જીવડાં.
ખપાટીઆં (ના કામડી.

**પાઠ ૧૧૭મો.**

ગંઠાઇ=સંધાઇ; બંધાઇ.
કોકીલું (વિ)જરા ઊનું.
ટેભા (ના) ટાંકા.
ઘાએલ (વિ) જખમી.
દરદ(ના)દુખાવોઃકળતર.

**પાઠ ૧૧૮મો.**

પાસે (અ) બાજુએ.

ફેફસું(ના)જેણે કરીને દ-
મ લેવાય છે તે.
હચમચાટ(ના)હાલચાલ.
શ્વાસોશ્વાસ (ના)દમ પર
દમ; સાસ.
શેક(ના) દેવતાનીગરમી
ઉલટી(ના)ઓકારી.
સરવગ સરવગ=ખવળ
ખવળ.
ખૂન (ના) કારી.
કોવો(ના) ઉકાળો.

## પાઠ ૧૧૯મો.

વિકટ (વિ) ભયંકર.
અનાડી (વિ) મૂરખ.
ઓળેઓળાં(ના)ટોળેટોળાં.
ટક્કર (ના) ચોટ.
જોડાજોડ(અ)સાથેસાથે.
વતની (ના) દેશી.

## પાઠ ૧૨૦મો.

પાટવી(વિ)મોટો;ગાદીનો
અધિપતિ.
કોરટ (ના) દરબાર.
ન્યાયાધીશ (ના) ઇનસાફ
કરનારા.
અદાલત(ના) કચેરી.
ખાતર(ના)શરમ.
તરફદારી(ના)તરફેણ.
બેહૂદેકેલો(વિ)છાકેલો.
કુકર્મ(ના)નઠારાં કામ.
ગોઠિઓ (ના)મળતિઓ.
ઠર્યો (ક્રિ) સાબીત થયો.
સ્નેહ (ના) મિત્ર.
ક્રોધ(ના)રીસ, તામસ.
બેઅદબી(ના)અસભ્યતા
ન્યાય(ના)ફેંસલો; ચુકાદો
લપડાક (ના) લાત.
અમલમાં=બજાવવામાં

## પાઠ ૧૨૧મો.

નિર્ભયપણું (ના) બેધડક
પણું. કશોભો નહીં તે
ઉમરાવ(ના)મોટામાણસ
આતુર (વિ હોંશીલા.
દુરાચરણી (વિ) ખરાબ
ચાલચલણના.
દરમાયા=પગાર,મુસારા.
વીલો(વિ)ઝંખવાણો.
કારભારી=કરતાહરતા.
સમરશે (ક્રિ) સુધરશે.
તંગી(ના) ખરચનીવેલા.
નભે (કૃ) ગુજરો થાય.
બહાલ (ના) મુકરર.
હિંમતવાન=બાહાદુર.

## પાઠ ૧૨૨મો.

સપૂત (વિ) સારોછોકરો
કપૂત(વિ)નઠારો છોકરો
છિદ્ર (ના)એબ; કાણું.
સવાઇ(ના)ચડિઆતા પ-
ણું; સારૂં કામ.
કલંક(ના)એબ; દૂષણ.
વહેવાઇ(ના)ક્રમમા આ-
ણીને.
પૂઠ (ના) પાછળ.
જૂઠ (ના) જુઠાણું.
દાઝ (ક્રિ) દલગીર થાય.
દાતા (ના)સખી, દાતાર
નૂર (ના) પાણી; તેજ.
લજવ્યો(ક્રિ)શરમાવ્યો.
કવિજન(ના)કવિતાજોડ-
નાર; કવિલોક.
સકળ(વિ)સંપુર્ણ;આખી
લેશ (અ) જરાએ.
દુષ્ટ (વિ) પાપી.
રૂએ (કૃ) રડે.
બાપીકો (વિ) બાપનો.
બોળે (કૃ) ડબોવે.
આધીન(વિ) તાબે; વશ.
મરજાદા(ના)આબરૂ;અં-
દાજો; ભાર; વક્કર.

## ( કવિતાની સમજુતી ). (૧૩).

જે પોતાની **કમાણીનું** ખાય ને બાપથી સરસાઇ (ચડયાતાપણું)

કરે; શરીરને રોજ કામમાં આણીને (કસરત કરીને) કુળની એબ ઢાંકે, જેના પાછળ દુનિઆનાં લોકો વખાણ કરે, ને જૂઠું બોલતાં જેનો જીવ ઘણો દુખાય; ને સારા સજ્જન બાહાદુર નરથી જે શરમાવ્યો શરમાય જેના કવિલોકો વખાણ કરે તે સંપૂર્ણ બધાએ ગુણ જેનામાં હોય, તે વિષે **સામળદાસ કવિ** કહેછે કે હું સાચું કહુંછું કે તેનેજ લોકો સારો છોકરો કેહેછે. (૧).

જેને જરાપણ કુળની આબરૂ ( શરમ ) નહીં હોય ને પોતાના બાપથી માયાપુંજી જે કંઇ પહોંચી હોય ને ખુવે, દુશ્મનને નમતો જાય ને જે પ્રાપી માણસના મ્હોડા આગળ પોતાનું દુઃખ રડે પોતાના કૂળની એબ ઉઘાડે ને બાપના બોલ ઉથાપે (ડુબાવે); સારા આદમીને દુઃખ દે ને પોતાની એબ ઉઘાડે તાબે રહીને વાંકી મુડી ઘાલી અન્ન ખાય ( પ્રસાદ લયા કરે ) ને લજ્જા આબરૂ કશી ગણે નહીં, તેને વાસ્તે **સામળદાસ કવિ** કહેછે કે હું સાચું કહુંછું કે તેજ નઠારો છોકરો કેહેવાય છે. (૨).

**પાઠ ૧૨૩મો.**

એકલશૂરો (વિ)જાતેબાહાદુર;એક્લો શૂરો.
ઉદમાત=તોફાન, મસ્તી.
લક્ષણ(ના)ગુણ; ટેવ.
મશ્કરો(ના)ટાળિઆે.
ચપળ(વિ)હોંશિયાર
ઠાવકું (વિ)ડાહ્યું,શાણું.
ઉદ્યોગ(ના)મહેનત.
ગેરહાજર=હાજર નહીં.

**પાઠ ૧૨૪મો.**

નિભાવ (ના) ગુજરો.
તુરંગ(ના)વિચાર; ખ્યાલ.
રાંડીરાંડ=વિધવા સ્ત્રી
દળણા(ના) લોટ દળવાનું મજુરીનું કામ.
વેલા (ના) આપદા.
શિક્ષક(ના)શિખવનાર.
ઉમેદ (ના) હોંસ;ઊમંગ.
ભરણ પોષણ=ગુજરાન.

**પાઠ ૧૨૫મો.**

બાઇડો(ના)મરદ,માટીડો
વહાલ(ના)હેત; પ્યાર.
વાજ આવે=ભરી જાય.
સરદારી(ના)ઊપરીપણું.
ભંગ (ક્રૃ)ભાંગીનાખવું.
મળતાવડો (વિ) હળી જાય એવો.

**પાઠ ૧૨૬મો.**

ભંડાર(ના)ભર્પુરખજાનો
ખડક (ના) ખરાબો.
ખરાબો (ના) દરિઆના પાણીમાં ઢંકાયલા મજબુત પથરા.
લગભગ(ના) ઘણોખરો-
ઘોરી(વિ) શરીઆમ.

આળીઓ=ગાળા; કરાડી
કલ્પ્યા(ક્રૂ) અટકળથીના
મ આપ્યાં.
વિસ્તાર (ના) પથારો.

**પાઠ ૧૨૭મો.**

ધારણ કર્યું(ક્રિ) રાખ્યું.
ચરિત્ર(ના) હેવાલ; ચેન
ઝીણું (વિ) બારીક.
ભાન (ના) શુદ્ધિ; વકુફ
વેરો (ના) કર.
વાહોરવાને (ક્રૂ) ખરીદક-
રવાને.
રૂપ (ના) કાન્તિ; ડોળ.
પરગણા (ના) તાલુકા.

**પાઠ ૧૨૮મો.**

નિર્દય(વિ) દયા વગરનો.
ગડબડ (ના) તોફાન.
ઉતરડી (ક્રૂ) ઉતારી
સમ્યો (ક્રૂ) મટી ગયો.
બલવાખોર(ના)હુલડ મ-
ચાવનાર; ફીતુરી.
ગોઠવણ(ના) બંદોબસ્ત.

**પાઠ ૧૨૯મો.**

માઠીદશા=નબળા હાલ.
બેવકૂફી (ના) મૂર્ખાઈ.
આવકાર(ના) આદરમાન
સ્વતંત્ર (વિ ) આપ અ-
ખ્તિઆરી.
વસુલ(ના) જમાં;ઉઘરાત
ઈજારદાર(ના) ઈજારેરાખ-
નારા.
રાજકારભાર(ના) રાજનું
કામકાજ.
શાહજાદો (ના) બાદશાહ
નો છોકરો.
બરતરફ(વિ) નોકરીથીર-
જા આપવી તે.

**પાઠ ૧૩૦મો.**

દવાખાનું (ના) ઓસડ
કરવાનું ઠેકાણું.
હમામખાનું (ના) નાહા
વાની જગ્યા.
તરાપા(ના) લાકડા ઉપર
પાટીઆં કે બારણાં
બાંધી પાણીમાં ચ-
લાવેછે તે.
પૌત્ર=છોકરાનો છોકરો.
ઉઘરાતદાર (વિ) વસુલ
એકઠું કરનાર.
અણબનાવ=બેબનાવ.
બદી (ક્રિ) તાબે રહી.
રાજચિન્હ (ના) રાજની
નિશાની.

**પાઠ ૧૩૧મો.**

પુરૂષ(ના) ભાયડો;મરદ.
અભય વચન (ના) મારૂં
નહીં એવી કબુલાત.
કાપાકાપ (ના)ખુનામરકી
કાગળીઉં (ના) અઘઓક
જેટલું દોબસ્ત=બેતાલ.
અવસ્થા=હાલત, દશા.

**પાઠ ૧૩૨મો.**

ઉપમા (ના) મુકાબલો.
રાજકાજ=રાજનું કામ
ઢોંગી (વિ) બહાનાખોર.
આસ્તિક (વિ) પરમેશ્વર
ને માનનાર.
નાહક (અ) વિનાકારણે.
સ્તુતિ=સ્મરણ; પ્રાર્થના.
લોભી(ના)લાલચુ.
બાદશાહી(ના) રાજ ગા-
દીનો હોદ્દો.

**પાઠ ૧૩૩મો.**

ખ્રિસ્તી (વિ) વિસવાસી.
ઇશારત (ના) નિશાની.
મસળવા (ક્રૂ) ચોળવા.
વાયદાસર (ના) ઠેરવેલી
મુદત પ્રમાણે
અબઘડી(અ) હમણાં ને
હમણાં.
સઈ (ના) સુઇ, દરજી.
ભજન (ના) પરમેશ્વરનું
સ્મરણ.
ઘુમટો(ના) માથાનો છેડો
મોંપર ખેંચવો તે.

**પાઠ ૧૩૪મો.**

મુસાફરી=રટણ; અટણ

અહીંગી(અ) અધેલી.
બિરાજી (ક્રૃ)દીપી;શોભા.
ટકાઉ (વિ) મજબુત.
આપસ્વીપીઆ (વિ)તપા સી કામ કરનાર.
ઘાઘરો(ના)ઞણીઆ જેવું ઝુલતું લુગડું.

**પાઠ ૧૩૫મો.**

એડોળ(વિ)કદરૂપી ।રનું
એઢંગુ=કઢંગુ; ઢંગવગ
શામેલ (અ) દાખલ.
બહાવરૂં (વિ) ગાભરૂં.
ખુંધ (ના) ઢેકો.
ઉદાસી (વિ) દલગીરી.
ઠીંગણી (વિ) બટકી.
હૈયું (ના) મનં; દિલ.
દિંગ (અ) અજબ;ચક.

**પાઠ ૧૩૬મો.**

જટા(ના) ચોટલાની પેઠે ગુચવાયલા માથના બાલ.
ડાંગ(ના)લાકડી; ડંગોરી.
થરથરી=ધ્રુજી; કાંપી.
ખેતરવા (ના) ટીંબા.
બેનપણી (ના) સહીયર
ઉઝરડા(ના) કાપા;નોહર.
ચીલો (ના) ધરેડ.

**પાઠ ૧૩૭મો.**

દિલાસો (ના) ધિરજ

સરબંરા=સેવા; ચાકરી.
લોથ(ના) મુડદું;લાસ.
વીતેલી (ના)સહન કરેલી
થાક=આરામ,વિસામો.

**પાઠ ૧૩૮મો.**

વિસામો આરામ;થાક
સંકટ (ના) દુખ;વીપત.
પજવી(કૃ) દુખ દીધું.
અપરાધ (ના)ગુનો;વાંક
કોપ (ના) ગુસ્સો
દોહિલી(વિ)દુઃખ;હેરાન.

**પાઠ ૧૩૯મો.**

ઉપસેલી(વિ)ઉપસી આવેલી
ચપટી(વિ) બેઠેલી
જોશી (ના)જ્યોતિષ વિદ્યા જાણનાર.
દુરબીન (ના)આઘેનીચી જ જોવાનું યંત્ર.
વખુટા (વિ) જુદા.
ઢાલ-ઢોળાણ, ચઢાવ.

**પાઠ ૧૪૦મો.**

ટોચ(ના)ઉપલો ભાગ.
ગાળો (ના) ભાગ.
નિશ્ચય (ના) નક્કી;ઠરાવ
અટકળ(ના) કલ્પના.
સંદેહ (ના) વહેમ;શક.
ભાસે=દેખાય; જણાય

**પાઠ ૧૪૧મો.**

સાર(ના)મતલબ; તત્વ.
વિભક્તિ=શબ્દની સાથે આવેલો સંબંધી દેખાડનારો પ્રત્યય
સંબોધન (ના) સંબંધ રાખનાર, (આઠમી વિભક્તિ. બોલાવ.
ઇત્યાદી (અ)એશિવાય,
સબંધ (ના) લગાગણ.
પધારો(ક્રિ)આવો જાઓ.

**પાઠ ૧૪૨મો**

વિશેષણ (ના) ગુણ તથા સંખ્યા બતાવનારો.
સવાલ(ના)પ્રશ્ન [શબ્દ.
ભારે (વિ) મોટું.
ઇનામ (ના) સરપાવ.
મુકરર (વિ)નક્કી કરેલો.

**પાઠ ૧૪૩મો.**

ક્રિયાપદ (ના)ક્રિયા, સ્થિતિ વગેરે બતાવનાર શબ્દ.
શક્યભેદ(ના)શક્તિબતાવનાર ભેદ.
સકર્મક(વિ) કર્મ સહિત.
વર્તમાન(વિ)ચાલતોકાળ
અકર્મક (વિ) જેમાં કર્મ નહીં તે.
ભૂત(ના)ગયો કાળ તે.
મૂળભેદ(ના)નક્કીબતાવ-

નાર ભેદ.
ભવિષ્ય(વિ)આવતોકાળ

**પાઠ ૧૪૪મો**

ઉભયાન્વયી (વિ) બે શબ્દને જોડનારો અવ્યય
શબ્દયોગી (વિ) શબ્દને જોડનારો અવ્યય.
કેવળપ્રયોગી(વિ) હર્ષ, શોક, ગભરાટ વગેરે બતાવનાર અવ્યય.
ક્રિયાવિશેષણ (વિ) ક્રિયા પદનો ગુણ બતાવનાર શબ્દ.
અવ્યય(ના) જે શબ્દમાં ફેરફાર થતો નથી તે
અચરતી (ના) નવાઈ.
શોક (ના) દલગીરી.
ગભરા(ના)જોરસો.

**પાઠ ૧૪૫મો.**

સંપ=એકદીલ; એક્કો.
મોઝાર (અ) માંહે.
પહેરણું (ના) પહેરવાનાં.
અનુપ=ઘણુંજ[લુગડાં
અબળા (વિ) નબળા.
સબળ (વિ) જબરા.
જુથ (ના) જથ્થો, ટોળું.
મહીં(ના)દુનિયાં, પૃથ્વી.
દેહ (ના) શરીર; કાયા.
મતિ (ના) બુદ્ધિ, વિચાર.
સુસંપ (ના) સારો સંપ.
સંપત્તિ (ના) દોલત.
સાંપડે (ક્રિ) મળે; જડે.
તાંતણો (ના) તાર.
ઝુંડ (ના) જથ્થો.
એકલ (વિ) એકલું; નિરાધાર.
નિજ (સ) પોતાની.
તસ્કર (ના) ચોર.
ત્રાસ (ના) બીક; ડર.
ધકાવે (ક્રિ) ધસડી જાય.
મેહ (ના) વરસાદ; મેઘ.
પોઢી (વિ) મોટી.

## ( કવિતાની સમજુતી ). (૧૪).

જ્યારે **પૃથ્વી** ઉપર લોકોમાં જરાએ સંપ હતો નહીં ત્યારે તેઓ જંગલમાં રહેતા, અને એક બીજાથી ઘણાં ડરતા (૧) તેવારે લુગડાંને બદલે ઝાડની છાલ તથા પાંતરાં ગુંથીને પહેરતા ને જંગલમાં રહીને પોતાની કાયાપર ઘણું દુઃખ ભોગવતા. (૨). પછી જ્યારે ઇશ્વરે તેમનામાં સંપ કરવાની બુદ્ધિ આપી ત્યારે એક બીજાની મહેનતના ફળે તેઓને રહેવાને ઘરબાર મળ્યાં (૩). પછી જેમ જેમ સારો સંપ વધતો ગયો. તેમ તેમ હરકત દૂર થતી ગઇ, પછી લોકો દુઃખી ન થાય તેને વાસ્તે જોઇએ તેવી ગોઠવણના ઉપાયો રચ્યા (૪). એવી રીતે નબળા જોરાવર (ગરીબ ને પૈસાદાર બધા સુખી થયા ને તેઓનાં દુઃખ નાસી ગયા, માટે જરૂર ભાઇઓ તે બધું સંપના કારણથીજ છે એમ તમે સમજો. (૫). સઘળાં સુખ સંપ વડેજ મળેછે, જ્યાં સંપ નહીં ત્યાં ઉદાસપણું સમજવું; સંપના યોગે

પૈસાની પ્રાપ્તિ થાયછે ને લોકોમાં આબરૂ મળે છે (૬) એક તાર હોય ને તોડાવાની સૌ હિમ્મત ધરે પણ જ્યારે બધા તારનો સાથે જથ્થો કરી તેની જાડી દોરી કરીએ ત્યારે તે કોઇ કાપી શકતું નથી. (૭) આપણા કુટુંબમાં સંપ રાખીએ તો દુશ્મન શું કરી શકે? ઝાડ છે તે બધી ઝાડી ઝાડના જથ્થામાં રહેછે,જે એકલુ હોય તો ડાળ પાંખડાં કરીને કંઇ વારનું ભાગી જાય (૮). છોકરા પોતાની પાસે પડેલા પથરાને સારે ને કાપેછે. તેજ પથરાને જો કોટ બનાવીએ, તો પછી ચોરની ધાસ્તી રેહે નહીં. (૯) જ્યારે વરસા-દનો ઉઠાવ થાયછે ત્યારે ધુળને ધોઇને તે ઘસડી જાયછે. પણ જો પછી તે ધુળની મોટી પાળ બનાવીએ તો તેનું તળાવ બને (વરસાદનું પાણી ઘેરાઇ રહે). (૧૦). માટે હે માણસો તમે સઘળા મળીને સઘળે ઠેકાણે બનતાં ઉહતાં સંપ સંપ કરી રોહો. કે જેથી **દલપતરામ કવિ કહેછે** કે તમારા નશીબમાં હોય તેટલું સુખ દુઃખ તમે જાતે ભોગવો. (૧૧).

**પાઠ ૧૪૬ મો.**

વેહેવાર (ના) લેવડદેવડ, કે જમવા ખાવાનો સંબંધ

કાવતરૂં (ના)દગો ફટકો.

દામ (ના) પૈસા.

માપ(ના)ભરત;પરમાણું

શરત (ના)બોલી; પહણુ.

**પાઠ ૧૪૭ મો.**

બલા(ના)આપદા; પીડા.

ગેરવાજબી(વિ)ખોટું.

સંતોષ=આનંદ,હરખ.

ન્યાલ (વિ) નસીબદાર; ગબ્બર.

અધમ (વિ) ખોટું.

વક્કર (ના) ભાર;વજન.

જે(ના)જય;યશ;ફતેહ.

ખે (ના) ક્ષય; નાશ.

સોદો (ના) માલમતા.

**પાઠ ૧૪૮ મો.**

વીર (ના) બહાદુરનર.

લબાડી(વિ)જુઠો; લબાડ

સત્યવાદી(ના)સાચો.

ટેક (ના)નેક; મોટાઈ.

તોલ (ના) ભાર; વક્કર.

ધીર(ના)ધીરજ; સબુરી.

શુરવીરો(ના)બાહાદુરનર

વેણ(ના)વચન; સુકન.

અનાદી (વિ) અસલની; હમણાંની નહીં.

લાભકારી=ફાયદાકારક.

કાટે (ક્રિ) કરડે.

ઉપમા(ના)સરખાવવું.

લજ્જા(ના)લાજ; આબરૂ

વારી (ના) વખત.

ઊંચ (વિ) મોટો; ઊંચો.

# ( કવિતાની સમજુતી ). (૧૫).

**ટેક** વગરના માણસો જેઓ બોલેલું ફરી જાય તેઓ બહુ વાતો બકી જાયછે, પણ તેમાંનો એક બોલ પણ પાળતા નથી; માટે તમે તેવી ખરાબ આદત ન રાખો ને જેટલા બોલ પળાય તેટલાજ વિચારીને બોલો. ( ). પોતાનો બોલેલો બોલ પાળે તેનો ભાર વક્કર વધે, ને જેનો બોલેલો બોલ જુઠો પડે તેનો વક્કર ઘટેછે; પછી ભાયડા કે બાયડી કોઈ તેનો વિશ્વાસ કરે નહીં, માટે જેટલા બોલ૦ (૨) નાણું જાય તો ભલે પણ બોલેલા બોલ ફરશો નહીં, તેમ એ ગયલાં નાણાં વિશે હું પસ્તાવો પણ કરૂં નહીં; મનમાં ધીરજ ધરીને એવો ટેક રાખો. ને જેટલા બોલ૦ (૩) ઘણા બાહાદુર નરો સાચું બોલનારા સાંભળ્યાં છે, તેઓ વેણમાં ( બોલેલો બોલ પાળવામાં ) ખુઆર થઇ ગયા એવી અસલની રીત છે; તેમ એથી તેઓની જગત મધ્યે લાભકારક આબરૂ પણ વધી છે, માટે જેટલા બોલ૦ (૪) જે માણસ મ્હોડેથી બોલે ને તે કામ પછી કરે તેને મોટો જાણવો. ને જે બોલેલા બોલથી ફરી જાય તેને ખોટો સમજવો. ભાઇ એથી લજ્જા આબરૂ જતી રહેશે; માટે જેટલા બોલ૦ (૫) ભસે તે કૂતરો પગે કરડે નહીં ( કહે તે કરે શું ? ) તો લબાડ (જુઠું લવનાર) પણ તેવાજ રૂપમાં લેછે; ખોટો લવારો કરવો એજ આબરૂ જવા જોગ વખત છે; માટે જેટલા બોલ૦ (૬). શરીરે સુખ થાય કે દુઃખ થાય તોપણ જે રીતે બોલો એવેજ રંગે રાત દહાડો રહો, (મતલબ કે બોલેલું પાળો); એથી કરીને લોકોમાં ઘણો જશ પામશો, માટે જેટલા બોલ૦ (૭). સુતા ઉઠતા બેસતા સાચીજ વાત કહો; ને જો બોલેલો બોલ પળાય નહીં; એવી શકિત કાચી હોય તો મ્હોડેથી મ્હોટું વેણ બોલો નહીં; એ થકી તમે ઊંચે ઠેકાણે (મોટી પદીએ) જઇ બેસશો; આ સારા છંદ કવિ **દલપતરામે બનાવ્યાછે.** (૮).

**પાઠ ૧૪૯મો.**

અમલ (ના) સત્તા; હાકમી
અદલ (વિ) વાજબી; ખરો
જશ (ના) કૃતેહ; જશ.
તિરસ્કાર (ના) ધિક્કાર; તુચ્છકાર.
આકીન (ના) નીમ; આશા
અહંકારી (વિ) મગરૂર.
શખ્સ (ના) માણસ.

**પાઠ ૧૫૦મો.**

બાળચરિત્ર (ના) બચપણનાં ચેન.
લંબાણ=લાંબોવિસ્તાર.
શોક (ના) ચસ્કા; લત.
આદિ (અ) શિવાય, પેહેલું
કુદરતી (વિ) સ્વભાવિક; કુદરતી.
અવિચારી (વિ) વગર વિચારના.

**પાઠ ૧૫૧મો.**

અંકોડાબંધ (ના) આંકડા સાથે.
પાયદલ (ના) પગચાલના રૂં લસ્કર.
ધુલીઓ (ના) ધુળનો.
વીખરી (વિ) જુદી પડી.
ભરતખંડ=હિંદુસ્તાન- (ભરત રાજા પરથી નામ પડેલું)

સાંકડે=કળવંટે; ફ્રાંસામાં
કાળજું (ના) હૈયાં; મન.
ધડકવા (ક્રિ) થરથરવા.
કુરાન (ના) મુસલમાનનું ધર્મ પુસ્તક.
સોગન (ના) કસમ; સપત
બારેવાટ (વિ) વેરાનબેરાન
સરહદ (ના) સીમા
તાબો (ના) કાયર

**પાઠ ૧૫૨મો.**

આયુષ્ય (ના) આવરદા
પ્રદક્ષિણા=આસપાસ ગોળ ફરી વળવું.
ઉપાડી (કૃ) ઉંચકી.
બોર (ના) કમર.
આરસ (ના) આરસનો પથ્થર; સંગેમરમર.
વૃત્તાંત (ના) હેવાલ
મળતિઆ (ના) ગોઠિઆ
નેહેરો (ના) નીકો; નળ
ફળફૂલાદિ (ના) લીલામેવા ફૂલ વગેરે

**પાઠ ૧૫૩મો.**

લાલચ (ના) લોભ; ગળકો
ઝુમી (કૃ) લટકી.
શળકી (ના) ગળકોલાગ્યો
વિશાત (ના) માલ; જીત.
એકલપેટો=પોતાનુંજ પેટ ભરી જાણે તે.

**પાઠ ૧૫૪મો.**

ક્ષમા (ના) માફ; જવાદેવું તે.
વાંકો (વિ) ઝાંખો.
કમનસીબ (વિ) અભાગ્ય.
નિર્ધન (વિ) ગરીબ; રંક.
અમથા (વિ) જુઠા, ખોટા.
સમ (ના) કસમ; સોગન.

**પાઠ ૧૫૫મો.**

કંદી નાંખવું (ક્રિ) રેડી નાખવું.
કદાપા (ના) અફસોસ.
ખાતર (ના) ઘાસ છાણ વગેરે કોહી ગએલો કચરો.
ઉછેર્યો (ક્રિ) મોટો કર્યો.
ખાટું (વિ) હલગીર.
ભંગ (ક્રિ) ફોક; ભાંગી જવું, નિષ્ફળ થવું.
ખડખડાટ (ના) અવાજ.
જોસ (ના) જોરસો, જોર.
નિયમ (ના) ધારો; કાયદો.

**પાઠ ૧૫૬મો.**

ચોળાચોળ (વિ) ચકચોળ.
ઠીકઠાક (ના) દુરસ્ત.
ગાંઠ (ના) નિમ; નિશ્ચય
મરણતોલ=મરવાં જેવા.
અધમુઓ (વિ) અડધો મરેલો.
જળજળીઆં (ના) આંસુ.

### પાઠ ૧૫૭મો.

રહેણી (ના) ચાલ.
ભલામણ (ના) શીફારસ.
ઠાકોર (ના) જાગીરદાર.
આચરણ=આચરવાપણું.

### પાઠ ૧૫૮મો.

પરઠણું (ના) કરાર, સરત
જીયાન (ના) નુકશાન
ખરખરો (ના) પસ્તાવો
સામર્થ્ય (ના) જોર બળ
ગળગળાતે (અ) ધીમે.
ખટપટ (ના) કડાકુટ.
ભય (ના) ડર; [illegible].

### પાઠ ૧૫૯મો.

કષ્ટનાશક (ના) દુ:ખ- નીવારણ થાય તે વિષે આઠ છંદ.
કળાપો (ના) કકળાટ.
વિલાપ=શોક; પશ્ચાતાપ
નાશાષ્ટક=નીવારણથાય તેવિષેઆઠ છંદ.
વારે (ના) મદદ; કુમક.
તથપિ (અ) તોપણ
દીન (વિ) ગરીબ; રંક.
વૃથા (વિ) ફોકટ; મીથ્યા
પૂર્ણ (વિ) પુરેપુરો.
અત્યંત (વિ) ઘણોજ.
કૃપાનાથ=દયાનાધણી.
કથા (ના) વાત.
શિરે (ના) માથા ઉપર.
આરામ (ના) વિશ્રામ.
સંતાપ (ના) દુ:ખ.
શ્રેષ્ઠ (વિ) મોટો, ઉત્તમ.
સિંધુ (ના) દરિઓ, સાગર
સદ્ય (અ) તુરત.
પ્રલે (ના) નાશ; ફના.
સર્વથા (ના) સર્વ પ્રકારે.
સર્વદા (અ) હમેશાં, રોજ.
શુદ્ધ (ના) ભાન; ખબર.
કૃપાળુપણે (ના) દયાથી.
સાય (ના) મદદ, કુમક.
વેગ (ના) જોસ્સો.
દૃષ્ટિ (ના) નજર; નીઘા
કલેશ=કંકાશ; કજીઆ.
સરે (ક્રિ) થાય; બને.
અર્થ=મતલબ, માયના
થીર (વિ) હાલેચાલેનહીંતે

## ( કવિતાની સમજુતી ). (૧૬).

ઓહો પ્રભુ ? હું તો તારો સદા સેવક છું; મારા આત્મા કરતાં તું મને ઘણો વહાલો છે; હવે તમે મને ઘણો સંતોષ આપો ને હે દીનદયાળ (કૃપાના ધણી) મારૂં મોટું દુ:ખ કહાડી નાંખો (૧).

હું ઘણો દુષ્ટ પાપી જીવડો છું; તોપણ તમો તો મોટી રેહેમવાળા જણાઓ છો; તેથી જો આપની છાપ છાપો તો મારા પાપની મુક્તિ થાય; માટે હે દયાના ધણી૦ (૨).

મારો સગામાં સગો વહાલો પ્રભુ તુંજછે. તે શિવાયનો બધો અમથો ખાલી વાદછે તેની વાત હું શી વિસ્તારૂં ! તોપણ તમો મારે મસ્તકે હાથ મૂકો તો સૌ સારૂં થશે; માટે હે દયાના ધણી૦ (૩).

આ પ્રસંગે મને કોણ સુખ કરે; ને ઓલો તમો શિવાય બીજો આ પાપનો પરિતાપ કોણ સમાવે; હું તો નાનો બાળકછું, ને તું તો મારે માથે મોટો ગાજેછે, માટે હે દયાના ધણી० (૪).

મને આજને સમે આદુ:ખમાંથી બચાવો; ને શોક રૂપી દરિઆમાંથી તુરત મારો ઓધ્ધાર કરો; ઇશ્વર તમે આ મારા સઘળા પાપ ફલ્સ મુક્મ કરી નાંખો; ને હે દયાના ધણી० (૫).

તમે સઘળી રીતે રોજ મારી ખબર લીધી; ને દયા લાવીને દુ:ખની વખતે મારી સહાય કીધી; તેથી તમો શિવાય હવે આ મારા દુ:ખના પોકાર કોણ જાણે; માટે દયાના ધણી० (૬).

હું મારા મનમાં એક તમારી ઉમેદ રાખું છું. ને તમારા મ્હોડા આગળ દુ:ખે ગરીબાઇથી બોલું છું, મારા બધા પાપને તમે માફ કરો(તોટો), ને હે દયાના ધણી० (૭).

મોટો વેગ લાવીને જલદી મારી મદદ આવો; જ્યારે તમારી દ્રષ્ટી થશે ત્યારેજ મારી ફિકર મટી જશે, ને ત્યારે કાંઇપણ કંકાસથી પછી કકળાટ કેમ રૈહેશે ! માટે હે દયાના ધણી० (૮).

કષ્ટનષ્ટાષ્ટક ( દુ:ખ નીવારણ થાય તેવા આઠ છંદથી), કોઇપણ માણસ પ્રભુની પ્રાર્થના પૂરો પ્રેમ આણીને કરે તો તેના મનની ઇચ્છા પાર પડે સઘળા સ્થીર થઇને ઠેકાણે બેસે; આ સારા છંદ **કવિ દલપતરામે** બનાવ્યા છે० (૯).

**પાઠ ૧૬૦ મો.**

દૈત્ય (ના) રાક્ષસ.
વસ્તારી (વિ) છોકરાંછૈયાં વાળા.
ઘરડુંપાન(ના) ઘરડોમાણુસ.
ઉતારો (ના) મુકામ; રાતવાસો.
કોઢારૂં (ના) ઢોર બાંધવાની જગો.
ઉતાવળા(વિ) આકળા.

**પાઠ ૧૬૧ મો.**

ડમાડોળ (વિ) વાંકુંચુંકું, ડગમગ.
ગરક (ક્રિ) ડુબી જવું.
અગણોતરા (વિ) સંવત ૧૮૬૯ નો સાલ
શણગારીલું (ના) ઘર શણગારનો શોભતો.

લક્કડ વગેરે સામાન.
વાવાઝોડું(ના) વાનું તો-ફાન.
ટાંકણાં (ક્રિ) ટાંકણાથી ચાંળા માર્યા.
ચમત્કાર=નવાઇ જેવી.
નિહાળીને (કૃ) ધારી ધારીને; નજર કરીને.

**પાઠ ૧૬૨ મો.**

રાક્ષસ (ના) દૈત્ય.
પલાણ (ના) બેસાણું.
હાંફ્યાં=ગટગળીજવું.
ભલમનસાઇ (ના) સાલસાઇ, નેકી.
સપાટાબંધ(અ) પાધરો.
ફાળ (ના) બીક; ધાસ્તી.
ભોગ (ના) કમબખ્તી.
પુછપરછ (ના) તજવીજ.
પાંગોઠાં (ના) પગના બું-ટણ આગળનો ભાગ.
દરકાર (ના) જરૂર; પરવા.

**પાઠ ૧૬૩ મો.**

સરદી (ના) ભીનાસ.
મેડો (ના) માળ.
કરવત (ના) બે જણ સામસામાં વેહેરે એ-વી દાંતાવાળી આરી.
પીંડીઆં(ના)ભારોટીઆ.
ઝપાટાબંધ=જલદીથી.
કાલાવાલા (ના) વારેવારે કરગરીને કેહેવું તે.
પટલાણી (ના) પટેલની બાયડી; પટલેણ.
સંઘર્યો (કૃ) રાખીમૂક્યો.

**પાઠ ૧૬૪ મો.**

ભેટ (ના) નજરાણું.
અલમસ્ત (વિ) જબરા
મસ્તાન (વિ) ઉદમાતી.
ગુમસ્તા(ના)નોકર; ચાકર
જાજ (વિ લક્ષ્મી
ધર્મદાન=ખેરાત; પુન્ય
ઉદકપ્રવાહ(ના) પાણીનો ધોધ; પાણીનું વેહેવું.

**પાઠ ૧૬૫ મો.**

ચરચા(ના) ગપસપ: ચુ-માટો.
મગતરૂં=ઝીણું જીવડું.
વાતપ્રવાહ (ના) પવનનું ફુંકાવું.
બેસણે=બેઠકે; આસને.
મશ્કરી(ના)મજાક;હાંસી.
ધનધન (અ) સાબાસ, સાબાસ.
ચપટી(વિ) સાહેત; જરા
શેઠાણી=શેઠનીબાયડી.

**પાઠ ૧૬૬ મો.**

ખો (ના) ખાડ
વેંતીઆ(વિ)બીલસપુર.
જકર (ના) જીદ; જોસ.
ટાઢો (વિ) ઠંડો, ધીમો.
સમરી (વિ) સુધરી.
અનેક (વિ) ઘણું; બહુ

**પાઠ ૧૬૭ મો.**

બાગ (ના) સેંથ.
ઉકળતા બાઇ (ના) ગ-રમી નામે સ્ત્રી.
ખતરી ના) વણકરની એક જાત.
ગણતી (ના) હિસાબ.
બળીઆ (વિ) જોરાવર માણસ.
વિમાસવા(કૃ) વિચારવા.

**પાઠ ૧૬૮ મો.**

ડાટો (ના) ડૂંહો; મુચ
વરાળીઆ (ના) વરાળને રૂપે થયેલો માણસ.
શીરોઇ(ના) સાંકડા મોં-નું મુસાફરીમાં પાણી રાખવાનું વાસણ.
સજજડ (વિ) મજબુત.
વેહેલા=આપદા; દુ:ખ.

**પાઠ ૧૬૯ મો.**

દોલતવાળા(વિ) પૈસાદાર
બગાસાં ખાય(ક્રિ)આખી મારે; જોયા કરે.
છુટકો (ના) નીકાળ.
પસારીશ=પોહોળીકરીશ

**પાઠ ૧૭૦ મો**

અથડાવું (ક્રિ) અફળાવું.
અથંબથા=સામસામાં.
ઉંઘતી (વિ) સુમાયેલા.
વહેળા (વિ) નદી નાળા
જળચક્કી(ના) પાણીનાવેગથી ચાલે તે ઘંટી.

**પાઠ ૧૭૧ મો.**

પવનચક્કી (ના) પવનના જોરથી ચાલતી ઘંટી
લક્ષ (ના) ધ્યાન.
સોઅનીંજો(ના) સંચાતી
ખાતા (ના) કારખાના.
આચલ(ના) ઝળાકાર.

**પાઠ ૧૭૨ મો.**

વનિતા(ના) સ્ત્રી; બાયડી
દાવાનળ (ના) વગડાનો અગ્નિ.
સુત (ના) સુતર.
સેડક (ના) દેડકો.
ડરવું (ક્રિ) બીવું.
મહિમા=મોટાઇ; રચના વિશેષ=કાંઇએક: શ્રેષ્ઠ.
રણછોડ (ના) રણમાંથી છોડનાર.
ખોડ (ના) ખામી; ચુક.
સુરજ(ના) સુરજ.
કવડી(વિ) કડવી.
મંગળ(ના) કલ્યાણ; સુખકારી.
સુખમલ(વિ)સુખવાળા.
નિપટ (વિ) નિશ્ચય.
પનોતા(વિ)પવિત્ર ભાગ્ય
ધનપાળ(વિ)ધન આપનાર; દેનાર
ધરનીધર(વિ)પૃથ્વીધર
ગિરધર(ના)પર્વતધરનાર
સંતોષી (વિ) આનંદી.
શીખ (ના) શીખામણ
પ્રતાપ(ના)કીર્તિ;મોહોર.
નીર(ના) પાણી; તેજ.
કોય કોઇક.

## ( કવિતાની સમજુતી ). (૧૭.

પોતાના નામની મોટાઇ રાખ. એવો ભાગ્ય એકજ પુરો હોય નામ હોંશથી પાડેછે તો વખત અવપણમાંજ મરી જાય છે, (૧). રણછોડ નામ ધરાવે ને તે વ્યાજ ભરે એ તેનામાં મોટી ખામીછે; નામ જોગીદાસ (સાધુસેવક) ધરાવેછે ને પાસે બે બાયડીઓ રાખેછે. (૨). જેનું નામ સુરજ જેનું હોય છે તે આંખે કશું દેખતો નથી; શાકરનું નામ ને મીઠી રીત રાખે પણ તેની બોલી નઠારીછે એવું જાણવું (૩). હીરા, મોતી, ને ઝવેર રાખનારા પાસે ખાવા પૈસા હોતા નથી; તેમ મંગળ કલ્યાણ સરખું. પણ દાવાનળ દુઃખે તો પછાડી પસ્તાવું કરેલું (૪) નામ વાઘનું ધરાવે ને હાથીની રીત રાખે, પણ તેથી શેરનો બોજો પણ ઉંચકાય નહીં દેવ કૃષ્ણને રામ એ નામ હોય પણ તે શા કામ કરેછે તે

કોણુ જાણે. (૫). કુળનું નામ રેહે એવો છોકરો મળે નહીં તે હીરનું નામ ક્યાં સુતરથી કામ ચલાવે: તેમ ધનવાળો હોય તે ધંધો કરે ને ચરાચિર તે મજુરીએ કરે છે. (૬). ગીરધર નામ ઘણાના છે. તેમાં કેટલાકને ભાર ઉંચકવા પડે છે,— ડાહ્યો નામ ધરાવે ને બોલે ત્યારે ઘેલું ગેલું તમે માગો તે આપું તાણીને આગે. (૭). ભલા કહીએ તે ભુલવા જાણે; ને સંતોષી તે ઘણું ખાય (પરમેશ્વર તેને આપે); રાજારામ ભીખ માંગે તો એવા લોકોને શીખામણ દે છે. (૮). નાનો નામ હોય પણ વખતે તેનામાં ઘરડા જેટલી અક્કલ હોય, તેવારે પ્રતાપ નામ (કીર્તિ) મેળવેલો માણસ હોય તેને પણ કોઈ ન પુછે; જેનું નામ ચતુર હોય તે ચાડી કરે ને નાગ ને દેડકાથી બીએ: (એટલે વખતે મોટામાં નાના જેટલી હિંમત હોતી નથી. (૯).

**પાઠ ૧૭૩ મો.**

ચાલ (ના) રીવાજ, ધારા
એકસંપ (ના) એકદિલ
બાપદાદા (ના) વડવાવડદા
ખાદી (ના) દોટી.
ખટાટા (ના) ચલુખડા.

**પાઠ ૧૭૪ મો.**

ટેબલ (ના) મેજ
વારામાં (ના) વખતમાં.
વહેલ (ના) સ્વારીની ગાડી.
ફરક (ના) ફેર; તફાવત.
લાંછન (ના) એબ, બટ્ટો.
બટ્ટો (ના) કલંક, કુલખણું.

**પાઠ ૧૭૫ મો.**

આશિર્વાદ (ના) આશિષ; સારી દુઆ.
હજુરનો-ખીદમતગારીનો
ફાંસ (ના) અડેખાઇ.
દક્ષણા (ના) ધર્મદાખલ. બ્રાહ્મણને જે પૈસા આપવા તે
ફજેતી (ના) ગેરઆબરૂ
હેવડી (ના) મકાન.

**પાઠ ૧૭૬ મો.**

પાકું (વિ) વજ્જર; રીઢું
ફુગવું (વિ) બોલ્યું નપાળવું; ઠગવું.
ફિટકાર (ના) તુચ્છકાર.
ડગમગતું (વિ) હાલતું.
મરદ (ના) ભાયડો, નર.
આરંભ (ના) શરૂઆત

**પાઠ ૧૭૭ મો.**

ગિરીરાજ (ના) પર્વતનો રાજા.
ખ્યાત (વિ) પ્રખ્યાત.
મિષ્ટ (વિ) મીઠા.
સ્વાદુ (વિ) સ્વાદદાર.
વીજ (ના) વીજળી.
ટાણે (ના) વખતે.
સોમ (ના) ચંદ્ર.
ઝુકી (ક્રૂ) નમી.
નિર્મળા (વિ) ચોખ્ખાં.

| | | |
|---|---|---|
| ઝરણાં(ના) ઝરા; નાળા. | રોજગારી (ના) વેપારી. | જૈન (ના) શ્રાવક લોકો નો ધર્મ. |
| શીળો (વિ) ઠંડો; ટાઢો. | પરાં (ના) વેગળા. | |
| સુગંધી(ના)સુગંધવાળો | જતાવેત=જતાં વારને. | સ્થાન (ના)ઠેકાણું,જગો. |
| ઓપે (વિ) દીપે. | ટેવો (ના) ધારો. | દેવી (ના) માતા. |

## ( કવિતાની સમજુતી ). (૧૮).

જેમ આકાશમાં વરસાદ ચડી આવ્યો હોય, તેવો આબુ પર્વત વેગળેથી દેખતાં મનને ગમ્યો કુંડમાંનો દેવતા વીજળી જેવો દેખાય એવોજ આજે મોટો આબુ પર્વત (પર્વતનો રાજા) દીઠો. (૧). પૂનમને દહાડે સાંજના ટાણે સૂર્ય ને ચંદ્ર બેઊ ઘંટ બન્યા હોય ને કોઇ કહે કે દેવનો હાથી જેવો પર્વત દીપે છે. એવોજ આજે આબુ૦ (૨). તમે કદાચ ઊપર જઇને આંખ ઊઘાડીને જુઓ, તો ઝાડનાં ઝુંડની ઘણી ઝાડીઓ ઝુલાઇરહી છે,—ત્યાં માંગ્યો ઘણો સ્વાદદાર મેવો મળે, એવો આજે મોટો પર્વત૦ (૩). ત્યાં વાઘ, વાંદરાં, સિંહ ને હરણ રેહે છે ને હમેશાં નિર્મળ પાણીનાં ઝરણ વેહેછે, ઠંડો અને સુગંધદાર પવન વાય છે એવો આજે મોટાપર્વત૦ (૪). સારાફૂલની ઝાડીઓ પણ લેહેકાઈ રહીછે, અને કુવા વાવ કુંડ આગળ ઘણાં દીપેછે; મોટાં દેવનાં સ્થાનકોમાં દેવનો વાસો છે; એવો આજે મોટો પર્વત૦ (૫). જ્યાંહાં બંગળાં બંધાઇને બજારો થઇ છે, ને વેપારીઓ ધોકારે વેપાર કર્યા જાય છે; જેવો લેનારને માલ જોઇએ તેવો મળે છે. એવો આજ મોટો પર્વત૦ (૬). ત્યાં તે તેર ગાઊ ઘેરાવાના તળાવમાં; અગ્યાર ગામનાં લોક પાણી પીવા આવેછે:–જ્યાંહાં કે જેઠ માસમાં પ્રસેવો જરાએ જણતો નથી એવો આજે મોટો-પર્વત૦ (૭). અખાડ મહિનામાં આઘેનાં વાદળાં પાસે આવે. ને જતાં વારને જોવાની રીત દેખાય;—જેમ તમે ધૂણીનો ધૂમાડો કેમ ધારો, એવો આજે મોટો પર્વત૦ (૮) જેમાં જૈન ધર્મના હિંદુ લોકોનાં મોટા દેવસ્થાનકો છે, અને એમાં મોટી

પ્રખ્યાત અર્બુદા માતા છે; આ બધી વાતો જાણવાને વાસ્તેજ કહી છે, ને આ સારા છંદ **કવિ દલપતરામે બનાવ્યા છે.** (૯).

## (ગૂજરાત દેશનો ઇતિહાસ).
## (વાઘેલા વંશ સુધી).

**સવાલ**—ગુજરાત પ્રાંત ક્યાં છે, ને તે લાંબો પોહોળો કેટલો છે?

**જવાબ**—એ પ્રાંત હિંદુસ્તાનની પશ્ચિમ દિશા તરફ છે, તે આસરે ૩૦૦ ગાઉ લાંબો, ને ૧૮૦ ગાઉ પોહોળો છે.

સ—એવો ગૂજરાત નામ શાથી પડ્યું તે તમે જાણો છો!

જ—હાજી, રશિઆના રાજના સીમાડાપર જારજીઆ પ્રાંતછે ત્યાંથી ગૂજર લોક પંજાબ મારવાડ વગેરે ઠેકાણે આવીને વસ્યા, અને ત્યાંથી ઇસવીસન ૭૦૦ ની શાલમાં ગુજરાતમાં આવ્યા, ત્યારથી ગૂજરાત નામ પડ્યું એવું કેટલાક કહે છે.

સ—ગૂજરાત પ્રાંતની મર્યાદા બોલો!

જ—ઉત્તરે મારવાડ ને મેવાડનો કંઇક દેશ; પશ્ચિમે કચ્છનું રણ ને આર્બિ સમુદ્ર, દક્ષિણે આર્બિ સમુદ્ર ને થાણા જીલ્લો; પૂર્વે માળવા. ખાનદેશ, ને મેવાડનો કંઇક મૂલક છે.

સ—ગૂજરાત પ્રાંતના કેટલા ભાગ કીધા છે?

જ—એના જીલ્લા, ઇલાકા, તથા સંસ્થાન મળીને ૧૧ ભાગ કીધા છે, તેનાં નામ સુરત જીલ્લો, ભરૂચ જીલ્લો, ખેડા જીલ્લો, અમદાવાદ જીલ્લો, કાઠિયાવાડ ઇલાકો, પાલણપૂર ઇલાકો, મહીકાંઠા ઇલાકો, રેવાકાંઠા ઇલાકો, સુરત ઇલાકો, ગાયકવાડનું સંસ્થાન, ખંભાતનું સંસ્થાન.

સ—ગૂજરાત પ્રાંતના મોટાં મોટાં શહેરો બોલો!

જ—સુરત, ભરૂચ, ખેડા, અમદાવાદ, ખંભાત ભાવનગર, રાજ-

કોટ, ધોરાજી, ધોળેરા, જુનાગઢ, માંગરોળ, મોરબી, નવાનગર, પાલણપુર રાધણપુર, ડીસા, સાદરા, ઈડર, લુણાવાડા, વડનગર, વીશનગર, પાટણ નાંદોદ, ને વડોદરું.

સ—ગૂજરાતમાં અસલ મોટાં શહેરો કયાં હતાં?

જ—દ્વારીકાં, પ્રભાસ પાટણ, વલભીપુર, ચાંપાનેર, ને પંચાસર.

સ—ગૂજરાતની મોટી નદીઓ બોલો?

જ—તાપી, નર્મદા, મહી, ઢાઢર, સાબરમતી, સરસ્વતી, ભાદર, બનારસ, ભોગાવો, અને શેત્રંજી.

સ—ગૂજરાતના મોટા મોટા પર્વતો બોલો?

જ—ગીરનાર, શેત્રુંજો, પાવાગઢ, ચોટીલા, અને તારંગા પાહાડ.

સ—ગુજરાતમાં મોટી હિંદુઓની તીર્થની જગ્યાઓ કઈ છે?

જ—ડાકોર, ગોહલવાડ, ગીરનાર, દ્વારીકા બેટ, પાલીતાણા, પ્રભાસપાટણ, અંબાજી, બહુચરાજી, ને શામળાજી.

સ—ગૂજરાતની અસલની રાજધાની કઈ ને હાલની રાજધાની કઈ અને તે બંને કઈ નદીઉપર છે?

જ—અસલની રાજધાની પાટણ સરસ્વતી નદી ઉપર, ને હાલની રાજધાની અમદાવાદ સાબરમતી નદીઉપર છે.

સ—સુરત, ભરૂચ, વડોદરું, ખેડા, નડિઆદ, અમદાવાદ અને આખા ગુજરાતમાં કેટલા માણસની વસ્તી છે?

જ—સુરતમાં ૧૦૯૮૪૪, ભરૂચમાં ૭૩૨૮૦, વડોદરામાં ૧૩૦૦૦૦ ખેડામાં ૧૨૦૦૦ નડિઆદમાં ૨૮૩૦૪, અમદાવાદમાં ૧૩૦૦૦૦ અને કુલ ગૂજરાતની વસ્તી આસરે ૭૦ લાખ છે.

સ—ગૂજરાતની મુખ્ય પેદાશ શું છે?

જ—ગોળ, કપાસ માહું, તમાકુ, અફિણ, કીનખાબ મસરૂ, [કાચ, સાબુ વગેરેને,

## ( ચાવડા વંશ ).

સ—વળા ગામ ક્યાં છે. અને અસલ વલ્લભીપુર નગર ક્યાં હતું ?

જ—કાઠીઆવાડમાં ભાવનગર પાસે ગોહેલવાડમાં ચમારડીના પાહાડો છે તેના થડમાં વળા ગામ છે. ને તેજ ઠેકાણે પૂર્વે વલભીપૂર નગર હતુ.

સ—વલ્લભીપૂરમાં કોણ રાજા રાજ કરતો હતો, ને પછી એ [નગરનો કોણે નાશ કર્યો ?

જ—એમાં શીલાદીત નામે રાજા રાજ કરતો હતો, શીલાદીત લડાઈમાં મરાયો ત્યારે મલેચ્છ રાજાએ એ નગરનો નાશ કર્યો.

સ—વલ્લભીપૂરના નાશ વીષે અસંભવિત વાતો શું ચાલેછે ?

જ—એવી ગપ ચાલેછે કે એ શેહેરમાં ઇસાવળાના ડુંગર આગળ એક સાધુ પોતાના ચેલા સાથે ઉતર્યો હતો, તે ત્યાં ભીખ માગવા ગયો પણ કોઇએ તેને ભીખ આપી નહીં. તેથી તેણે બદનો લઇ ઊંધો વાળતાં કહ્યું કે આ શેહેર ઊંધુ વળજો ને ધૂળ મળજો. તે કહેતાંજ વલભીપૂર દટાઇ ગયું.

સ—વલ્લભીપૂરના નાશ વિશે માનવા જોગ વાતો શું છે ?

જ—માનવા જોગ વાતો એવી છે કે એ શહેરમાં મારવાડના પાલી શહેરથી કોઇ કાકુ વેપારી આવીને વસ્યો હતો, તેની છોકરી પાસે જડાવ સોનાની એક કાંસકી હતી, તે એક દિવસે એ શીલાદીત રાજાની છોકરીએ જોઈ, તેથી તે કાંસકી જોરજુલમથી શીલાદીતે તેની પાસેથી લઇ લીધી તેથી કાકુ મલેચ્છ રાજા પાસે ગયો ને તેને એક લાખ સોનૈયા આપવા કબુલ કરીને શીલાદીત પર ચડાઈ કરાવી, જેમાં શીલાદીત માર્યો ગયો, અને **વલ્લભી પૂરનો નાશ** થયો. [ ને તેઓએ ક્યા નગરમાં રાજધાની કરી ?

સ—વલ્લભીપૂરનો નાશ થયા પછી ગૂજરાતમાં ક્યાં રાજાઓ આવ્યા

જ—ચાવડા જાતનાં રાજપૂત રાજા આવી વસ્યા, ને પંચાસર નગરમાં

પોતાની રાજધાની કરી. [રની ગાદીએ ક્યારે બેઠો

સ—ચાવડા વંશનો પહેલો રાજા કયો, ને તે પંચાસર નગ.

જ—પહેલો રાજા **જયશીખરી,** તે સન ૬૯૬ માં ગાદીએ બેઠો,

સ—જયશીખરી સાથે કયા રાજાએ લડાઇ કરી, ને તેમાં શું થયું ?

જ—જયશીખરી સામા પહેલો કલ્યાણીનો **ભુવડ રાજા** થયો તેણે લડાઇ કરી, તે લડાઇ બાવન દિવસ ચાલી, તેમાં આખરે જયશીખરી હાર્યોને **ભુવડ** જીત્યો. [ઉસ્કેરાયું

સ—ભૂવડ રાજાનું જયશીખરી સાથે લડાઇ કરવાનું મન શાથી.

જ—કોઇ શંકરનામે કવિ એક વખત કલ્યાણી ગયો, ને કલ્યાણીના **ભુવડ** રાજાના દરબારમાં કેટલાએક કવિતો કહીસંભળાવ્યાં નેગુજરાતના, એવાં વખાણ કર્યા કે ઘણો ફળદ્રુપ છે ને એમાં ઉપજ નીપજ સારી છે ત્યારથી ભૂવડ રાજાનું મન ગૂજરાત પર ચઢાઇ કરવાને ઉસ્કેરાયું, તેમાં પહેલી જયશીખરી સાથે લડાઇ કરી તેનું રાજ જીતી લીધું.

સ—કલ્યાણી તથા પંચાસર નગર ક્યાં છે ?

જ—**કલ્યાણી** દક્ષિણ હિંદુસ્થાનમાં છે. **પંચાસર** ઝીંઝુવાડાની પાસે કચ્છના રણ આગળ છે. [હાલ થયા ?

સ—જયશીખરીના સાળા તથા બાયડીનું નામ શું. અને તેનાં શા

જ—જયશીખરીનો **સાળો સુરપાળ** ને તેની બાયડીનું નામ **રૂપ સુંદરી** ભૂવડ રાજાની સાથે લડતી વખત **રૂપસુંદરી** દહાડાવાળી હતી તેથી જયશીખરીએ પોતાના સાળાને કહ્યું કે તું તારી બેનને કોઇ નિર્ભય જગ્યાએ મૂકી આવ, કે એને છોકરો થાય તે મારૂં વેર વાળે. તે પ્રમાણે સુરપાળ **રૂપસુંદરીને** મૂકી આવ્યો, ને પાછો આવીને જોયું તો પોતાનો બનેવી જયશીખરી મરાયો દીઠો, તેથી તે પોતાની

બ્હેનને મોં દેખાડતાં લજવાયો માટે ગીરનારના પાહાડમાં ભરાઇને તે સારા અવસરની રાહ જોતો હતો.

સ—રૂપસુંદરીની બરદાસ વનમાં કોણે કરી અને તેને શું અવતર્યું?

જ—એક ભીલડીએ રૂપસુંદરીની બરદાસ કરી, ને છોકરો અવતર્યો?

સ— એ છોકરાનું નામ શું અને તે કોણે પાડ્યું?

જ—શીલગુણસુરી નામના સાધુએ એનું નામ વનરાજ પાડ્યું.

સ—વનરાજ એટલે શું, અને તે નામ શાથી પડ્યું?

જ—વનરાજ એટલે વનનો રાજા, કેમકે તે વનમાં જન્મ્યો હતો.

સ—વનરાજે કયું શહેર વસાવ્યું, અને તે કયા વરસમાં?

જ—અણહિલવાડ જેને હમણાં પાટણ કહેછે તે સન ૮૦૨ માં.

સ—પાટણનું નામ અણહિલવાડપાડવાનું વનરાજને શું કારણ હતું?

જ—**અણહિલ** કરીને કોઇ ભરવાડ હતો, તેણે વનરાજને જવા આવવાના રસ્તા બતાવ્યા તે ઉપરથી વનરાજે પોતાની •રાજધાનીનું નામ **અણહિલવાડ** પાડ્યું.

સ—વનરાજ કોની ગાદીએ બેઠો, તે ક્યા વરસમાં?

જ—પોતાના બાપ જયશીખરીની, સન ૭૯૬ માં.

સ—વનરાજ ગાદીએ બેઠો ત્યારે તીલક કોની પાસે કરાવ્યું; અને તેની પાસે કરાવવાનું કારણ શું હતું?

જ—શ્રીદેવી નામે કોઈ વેપારીની સ્ત્રીએ વનરાજને જમાડયો હતો તેથી તેની પાસે ટીલક કરાવ્યું.

સ—વનરાજે પ્રધાન કોને બનાવ્યો, ને તે પ્રધાને કયું શહેર [વસાવ્યું?

જ—ચાંપો નામે વેપારી હતો તેને પ્રધાન બનાવ્યો, એણે રેવાકાંઠામાં ચાંપાનેર શહેર વસાવ્યું.

સ—વનરાજ કેવો રાજા હતો; ને કેટલાવરસ રાજ કરી ક્યારે મરણ [પામ્યો?

જ--વનરાજ એ મહા જોરાવર અને બહાદુર રાજા થઈ ગયો તે ૬૦ વરસ રાજ કરીને સન ૮૦૬ માં મરી ગયો.

સ—વનરાજ મૂઆ પછી એક પછી એક ક્યા રાજાઓ થયા?

જ—વનરાજ પછી તેનો છોકરો યોગ્યરાજ; પછી તેનો છોકરો ખેમ-રાજ, પછી તેનો છોકરો **ભુવડ** અથવા **પીથુ,** પછી તેનો છોકરો **વીજયસીંગ,** પછી તેનો છોકરો **રત્નાદીત,** ને છેલ્લા રાજા રત્નાદીતનો છોકરો **સામતસંગજી** થયો.

સ—એ બધા રાજાઓમાં યોગ્યરાજ કેવો રાજા થઈ ગયો, અને એના વખતમાં કોઇ વેપારીનાં વહાણો કોણે લૂટયાં હતાં?

જ—**યોગ્યરાજ,** મોટો બાહાદુર ને ઘણું ભણેલો હતો, તેમંજ તે તીર મારવાનું કામ સારૂ જાણતો હતો. એના વખતમાં એના દીકરા **ખેમરાજે,** પાટણ સોમનાથને બંદરે કોઇ વેપારીનાં વહાણો લૂટયાં તેથી યોગ્યરાજે તેને ઘણો ઠપકો દીધો, ને કહ્યું કે તેં મારી આજદીન સુધીની મેળવેલી આબરૂ ધુળ કરી નાંખી.

સ—ખેમરાજ કેવી રીતનો માણસ હતો?

જ—ખેમરાજ મીજાજી સ્વભાવનો હતો. અને સગાં સાથે તેને સંપ નહોતો.

સ—ચાવડા વંશના છેલ્લા રાજા સામતસંગજીને પેટે છોકરૂં ન [હતું તેથી તેની ગાદીએ કોણ બેઠું?

જ—સોલંકી વંશમાંનો એની બહેનનો છોકરો મૂળરાજ ગાદી ઊપર બેઠો.

સ—મૂળરાજને સામતસંગજીએ ખુશીથી ગાદી ઊપર બેસાડયો કે [તે પોતે જોરજુલમથી બેઠો?

જ—કેટલાંએક એમ કહેછે કે સામતસંગજીએ દારૂની ઘેનમાં મૂળ-રાજને ગાદીપર બેસાડયો, પણ શુદ્ધિ આવી ત્યારે ના કહી; ત્યારે **મૂળરાજે**

ફોજ જમાવી હુમલો કરી ગાદીપર બેઠો,

સ--સામતસંગજી એ કેવો માણસ હતો. ને તે ક્યારે મરી ગયો ?

જ --એ સાચો માણસ નહીં હતો. હમણાં બોલે કંઈ ને ફરીને બોલે કંઈ, ગુણ અવગુણની તેને જાણ નહોતી, તે સન ૯૪૨ માં મરણ પામ્યો.

સ ચાવડા વંશ કેટલાં વરસસુધી ચાલ્યો ?

જ સન ૬૯૬ થી તે સન ૯૪૨ સુધી; એટલે ૨૪૬ વરસ.

## ( સોલંકી વંશ ).

સ --સોલંકી વંશનો પહેલો રાજા ક્યો. અને તે કોનો છોકરો ?

જ--**મૂળરાજ,** એ કલ્યાણીના ભુવડ રાજાની ચોથી પહેડીએ ભુવનાદીત્ય રાજા થયો, તેને ત્રણ છોકરા હતા (રાજ, બીજ, દંડક) તેમાં રાજનો એ છોકરો થાય.

સ--રાજ એ કેવો માણસ હતો, અને તે કોની સાથે પરણ્યો હતો ?

જ --એ શગો ને કીર્તિવંત હતો, તે સામતસંગજીની બહેન લીલાદેવી સાથે પરણ્યો હતો. [પડયું ?

સ--મૂળરાજ ક્યારે ગાદીએ બેઠો, ને તેનું નામ મૂળરાજ શાથી

જ --સને ૯૪૨ માં પોતાનો મામો સામતસંગજી મરી ગયો ત્યારે તેની ગાદીએ તે બેઠો, એ મૂળ નક્ષત્રમાં જનમ્યો તેથી એનું નામ **"મૂળરાજ"** પડયું. [તેનું શું થયું ?

સ--મૂળરાજ ગાદીએ બેઠો ત્યારે કોણ કોણ ચહડી આવ્યા. અને પછી

જ--મૂળરાજપર પહેલી ચહડાઇ અજમેરના રાજાએ કરી, અને તેની સાથે તેલંગણના રાજાએ ફોજ આપી પોતાના સરદાર બાર્પને મોકલ્યો. તેમાં અજમેરના રાજાને તો કાંઇક આપીને મૂળરાજે પાછો કહાડેલો અને તેલંગણના સરદાર બાર્પ ઉપર હુમલો કર્યો, તેમાં તે

સરદાર મરાયો અને તેનું લશ્કર નાસી ગયું. [કોને માર્યો ?

સ—ત્યારપછી મૂળરાજે ક્યાં ચહડાઇ કરી, અને પોતાની આણ મનાવી

જ—પછી મૂળરાજે સોરઠ ઉપર ચહડાઇ કરી, અને ત્યાંના રાજાને પોતાની આણ મનાવી કચ્છના રાવ **લાખાને** માર્યો.

સ—મૂળરાજે કેટલા વરસ રાજ કીધું,ને તેની પાછળ ગાદીએ કોણ બેઠું?

જ—૫૫ વરસ-તેના પછી તેનો છોકરો ચામુંડ ગાદીએ બેઠો.

સ—ચામુંડ ક્યારે ગાદીએ બેઠો ને કેટલાં વરસ રાજ કીધું ને તેણે ક્યા મુલક જીત્યા હતા ? [મિહાની પેલી તરફના મુલક જીત્યા હતા.

જ—એ સન ૯૯૭ માં ગાદીએ બેઠો ને ૨૯ વરસ રાજ કીધું, એણે ન-

સ—ચામુંડના વખતમાં ક્યો પરદેશી રાજા ગુજરાતમાં આવ્યો અને ત્યાં તેણે શું કીધું ?

જ—ગીજનીના રાજા સુલતાન મહમૂદે સન ૧૦૨૪ માં એકદમ ગુજરાત માં પાટણ આવીને જીત્યું એટલે ચામુંડ ત્યાંથી નાસી ગયો પછી મહમૂદ ત્યાંથી જઈ એજ વરસમાં સોમનાથનું દેહેરું લુટ્યું.

સ—ચામુંડને કેટલાં છોકરા હતા, ને તેઓના નામ શું ?

જ—વલ્લભસેન, દુર્લભસેન; ને નાગરાજ એવા ત્રણ છોકરા હતા.

સ—વલ્લભસેનનું રાજ કોને મળ્યું અને તે શા કારણથી ?

જ—જ્યારે મહમૂદ પોતાને સ્વદેશ જવાને નીકળ્યો ત્યારે **વલ્લભસેન** તેને નમ્યો નહીં તથા વિવેક પણ દેખાડ્યો નહીં, તેથી તેના ભાઇ **દુર્લભસેનને** ખંડણી બેસાડીને તે રાજ સોંપ્યું.

સ—દુર્લભસેને કેવી રીતે અને કેટલાં વરસ રાજ કીધું, અને તેમાં તેણે શું શું કામો કીધાં ?

જ—એણે બહુ નીતિથી રાજ ચલાવી દેશની આબાદાની કરી. દહેરાં બંધાવ્યાં, ને બીજા ધર્મનાં કામો કીધાં. એણે ૭ વરસ રાજ કીધું.

સ—દુર્લભસેન કોની સાથે પરણ્યો હતો. અને તેનું ઘરડપણ થયું ત્યારે તેણે પોતાનું રાજ કોને સોંપી દીધું ?

જ—મારવાડના મહેંદ્ર રાજાની બહેન **દુર્લભદેવી** સાથે તે પરણ્યો હતો. એનું ઘડપણ થયા પછી એણે પોતાના ભાઇ નાગરજના છોકરા **ભીમદેવને** પોતાનું રાજ સોંપી દીધું. [કયા રાજાને તેણે જીત્યો ?

સ—ભીમદેવ કેવો માણસ હતો. તે ક્યારે ગાદીએ બેઠો, ને પહેલાં

જ—એ રાજા બાણાવળી ને મહાબળીયો હતો, તે સન ૧૦૩૨ માં ગાદીએ બેઠો. એ રાજાએ પહેલાં **સિંધના** તથા **ચીંદીના** રાજાને જીતી પોતાની આણ મનાવી. [લુટી ગયું ?

સ—ભીમદેવે સિંધપર ચહડાઈ કરી ત્યારે પાટણ કોણે

જ—ભીમદેવ જ્યારે સિંધપર ચહડાઈ કરી ત્યારે ભોજ રાજાએ પોતાના સેનાપતી **કુળચંદને** ગુજરાત જીતવા મોકલ્યો હતો; પણ તે પાટણ લુટીને પાછો આવ્યો. [ને કયા વરસમાં ?

સ—ભીમદેવને કેટલા છોકરા હતા, તેમાં ગાદીપર કોને બેસાડ્યો

જ—કરણ, મૂળરાજ, ને ખેમરાજ એવા ત્રણ છોકરા હતા—તેમા ઉધામતી રાણીના છોકરા કરણને ૧૦૭૨ માં ગાદીએ બેસાડ્યો.

સ—કરણ રાજાએ કયા લોકોને વશ કર્યા અને તે કોની સાથે પરણ્યો હતો ?

જ—**મેવાસી** લોકોને રાજા કરણે વશ કર્યા, તે દક્ષિણમાં ચંદ્રપુરનો રાજા રાજકેશી હતો તેની છોકરી **મીનળદેવી** સાથે પરણ્યો હતો.

સ—કરણ રાજા ક્યારે અને કેટલાં વરસ રાજ કરીને મરણ પામ્યો; અને તેના પછી ગાદીએ કોણ બેઠો ?

જ—૧૨ વરસ રાજ કરીને સન ૧૦૮૪ માં મરણ પામ્યો: એના પછી એનો છોકરો **સીદ્ધરાજ જયસીંહ** ગાદીએ બેઠો.

સ—સિદ્ધરાજ નાનો હતો તેથી તેનું રાજ થોડાં વરસ કોણે ચલાવ્યું; અને ચલાવ્યું તેણે તેમાં મોટાં નામદારીનાં કામો શાં કીધાં ?

જ—એ મોટો થયો ત્યાં સુધી એની મા **મીનળદેવીએ** ૧૦ વરસ એના નામથી રાજ ચલાવ્યું એ **મીનળદેવીએ** વીરમગામ કસ્બામાં એક **માનસર** નામનું. અને ધોળકા કસ્બામાં **મલાવ** નામનું એવાં બે તળાવો બંધાવ્યાં.

સ—સિદ્ધરાજ અને જ્યારે તેની મા નર્મદા તરફ ગયાં ત્યારે તેનું રાજ કોણ ચલાવતું હતું, અને તે વખતે પાટણ ઉપર કોણે ચહડાઇ કરી હતી અને તેને શું થયું ?

જ—એ વખતે તેનો પ્રધાન રાજ ચલાવતો હતો, તેવામાં માળવાના રાજા **યસોવરમાએ** પાટણ ઉપર ચહડાઇ કરી; તેવારે સિદ્ધરાજના પ્રધાને તેને કંઇક ધન આપી પાછો મોકલ્યો પણ એ વાત સિદ્ધરાજને ગમી નહીં; તેથી તેણે માળવા ઉપર ચહડાઇ કરીને ૧૨ વરસ સુધી લડાઈ કરતાં અંતે તે શહેર જીતી લીધું, ને રાજા **યસો રમાનને** કેદ કીધો.

સ—સિદ્ધરાજનો વિવાહ કોની સાથે થયો હતો, અને તે કુંવરીને કોણ હરી લઇ ગયું હતું ?

જ—એનો વિવાહ **રાણીકદેવી** સાથે થયો હતો. એને સોરઠનો રાજા એંગાર હરી લઇ જઇને પરણ્યો, તેથી સિદ્ધરાજ ફોજ લઇને જુનાગઢ ગયો ને તે રાજાને મારી નાંખી તે દેશ પોતાને હાથ કરી લીધો.

સ—પછી તે રાણી **રાણીકદેવી** સિદ્ધરાજને હાથ આવી કે નહીં [હાથમાં ગયું ?

જ—હાથ આવી તો ખરી. પણ તે સતી થઇને વઢવાણમાં સિદ્ધરાજની નજર આગળ બળી મુઈ.

સ—સિદ્ધરાજે કેટલાં વરસ રાજ કીધું, ને પછી એ રાજ કોના

જ—એની માએ રાજ ચલાવ્યું તે સાથે સન ૧૦૮૪ થી તે સન-

૧૧૪૩ સુધી ૪૯ વરસ એણે રાજ કીધું, સિદ્ધરાજ ને છોકરો હતો નહી તેથી એના પીતરાઇ કાકા **ખેમરાજના** વંશમાં ગુજરાતનું રાજ ગયું.

સ--ખેમરાજને કેટલા છોકરા હતા, અને તેમાં સિદ્ધરાજની ગાદી કોને મળી?

જ--ખેમરાજને **દેવપ્રસાદ** કરીને એક છોકરો હતો, દેવપ્રસાદને **ત્રીભોવનપાળ** છોકરો હતો, ત્રીભોવનપાળને (**મહીપાળ, કીરતીપાળ ને કુમારપાળ**) એવા ત્રણ છોકરા હતા. તેમાં **કુમારપાળને** સિદ્ધરાજની ગાદી મળી.

સ---એ **કુમારપાળને** સિદ્ધરાજની ગાદી શી રીતે મળી?

જ--કોઇ સામુદ્રકીએ સિદ્ધરાજને કહ્યું કે તારી ગાદીએ કુમારપાળ બેસશે, તેથી તેનાઉપર ખાર લાવી તેને મારી નાંખવાને પોતાના માણસો તેની પાછળ ફેરવતો, તે જાણી જોગીનો વેશ લઇ કુમારપાળ નાસી ગયો, તેમાં એકવાર કુંભારે ને એકવાર ખેડુતે તેને બચાવ્યો, ત્યાંથી નાસીને પોતાના મિત્ર ઉદાયન પાસે તે ગયો ત્યાં હીમાચાર્ય હતા તેમણે કુમારપાળને કહ્યું કે તમે રાજ પામશો; તેથી ઉદાયન પાસે થોડું નાણું લઇને તે માળવે ગયો એટલે સાંભળ્યું કે સિદ્ધરાજ મરી ગયો, તેવાજ તે પાટણ આવ્યો ને કાહ્નદેવની મદદથી પચાશ વરસની ઉમ્મરે સન ૧૧૪૩ માં **કુમારપાળ** સિદ્ધરાજની ગાદીએ બેઠો. [કોને સુખી કર્યા?

સ--કુમારપાળ ગાદીએ બેઠો ત્યારે પ્રધાનવટી કોને આપી, અને

જ--કુમારપાળ ગાદીએ બેસતાંજ પોતાના મિત્ર ઉદાયન મંત્રીના છોકરા **વાઘભટ દેવને** પ્રધાનવટી આપી, તથા અગાઉના પોતાના જાન બચાવનારા **કુંભાર** તથા બીજો **ખેડુત** એ બંનેને સુખી કર્યા.

સ—કુમારપાળે કેટલાં વરસ રાજ કીધું, ને ક્યારે મરણ પામ્યો, ને પછી એની ગાદીએ કોણ બેઠું?

જ—૩૧ વરસ રાજ કરીને સન ૧૧૭૮ માં એના બાપ મહીપાળના દીકરા અજયપાળે ઝેર દીધું તેથી મરી ગયો; એના પછી તે **અજયપાળ** ગાદીએ બેઠો.

સ—અજેપાળે કેટલાં વરસ રાજ કીધું, ને તેની ગાદીએ કોણ બેઠું?

જ—૩ વરસ પછી તેનો છોકરો **બાળમુળરાજ** ૧૧૭૭ માં બેઠો.

સ—બાળમૂળરાજ શાથી નામ પડ્યું. અને એના વખતમાં ગુજરાત પર કયા મુસલમાને ચઢાઈ કરી હતી, અને તેનું શું થયું?

જ—બાળમૂળરાજને બાળપણમાં ગાદી મળી તેથી તે નામ પડ્યું છે; એના વખતમાં એટલે સન ૧૧૭૮ માં કોઈ **શાહબુદીનગોરી** નામના મુસલમાને ગુજરાતપર ચઢાઈ કરી હતી, પણ તેને બાળમૂળરાજના કાકા ભોળાભીમદેવે હરાવીને કાહાડી મુક્યો હતો.

સ—બાળમૂળરાજ કેટલાં વરસ રાજ કરીને ક્યારે મરણ પામ્યો ને એના પછી એની ગાદી કોને મળી?

જ—એણે બે વરસ રાજ કીધું. ને સન ૧૧૭૯માં મરણ પામ્યો; પછી એનો કાકો **ભોળો ભીમદેવ** તેજ વરસે ગાદીએ બેઠો.

સ—ભીમદેવના વખતમાં કયા રાજાએ ગુજરાત લૂટવાનો ઈરાદો રાખ્યો હતો, અને તેમાં તે ફાવ્યો કે નહીં?

જ—એના વખતમાં માળવાના રાજા **સાહદેવ** ગુજરાત લૂટવાને ઈરાદે આવ્યો હતો, પણ તેનું કંઇ વળ્યું નહીં?

સ—સોલંકી વંશ ક્યાં સુધી અને કેટલાં વરસ ચાલ્યો?

જ—સન ૯૪૨ થી તે ૧૨૨૫ સુધી એટલે ૨૮૩ વરસ.

## (વાઘેલા વંશ).

સ—સોલંકી વંશના છેલ્લા રાજા ભોળા ભીમદેવ પછી ગુજરાતનું રાજ કોના હાથમાં આવ્યું, અને ગાદીએ કોણ બેઠું?

જ— વાઘેલા વંશના પહેલા રાજા વીરધવળના હાથમાં સઘળો કારભાર આવ્યો, અને પછી તેનો છોકરો **વીશળદેવ** ગાદીએ બેઠો.

સ— વીરધવળ રાજાના પ્રધાનનું નામ શું, અને તેના હાથ નીચેના બીજા બે કોણ હતા?

જ— એ રાજાના પ્રધાન **બાહુડચીવ** નામે હતો, અને તેના હાથ નીચે બીજા બે **વસ્તુપાળ** અને **તેજપાળ** કરીને ભાઇઓ હતા, તેમણે રાજ ઘણું વધાર્યું હતું.

[કીલો બાંધ્યો હતો?

સ— વીશળદેવ રાજાએ ક્યા શહેરો વસાવ્યાં, અને તેણે ક્યો કિ-

જ— એ રાજાએ **વીસનગર** અને **વીજાપોર** એવાં બે શહેરો વસાવ્યાં, અને **ડભોઈનો** કીલ્લો બાંધ્યો હતો.

સ— વીસનગર, વીજાપોર અને ડભોઈ એ શહેરો ક્યાં છે?

જ— વીશનગર ગુજરાતમાં વડનગરની પાસે, વીજાપોર વિશનગરની દક્ષિણે, અને ડભોઇ ગુજરાતમાં વડોદરાની પાસે છે.

સ— ગુજરાતની ગાદીપર વાઘેલા વંશના કેટલા રાજાઓ થયા, તે દરેકના અનુક્રમે નામ દો?

[અને કરણ ઘેલો એવા ૭ રાજા થયા.

જ— વીરધવળ, વીશળદેવ, ભીમદેવ, અરજુનદેવ, સારંગદેવ.

સ— વાઘેલા વંશ શાથી નામ પડ્યું?

જ— કોઇ સોલંખી વંશના રજપૂત લવણપ્રસાદ કરીને વાઘેલા ગામમાં રહેતો હતો તેથી એ વંશનું નામ પડ્યું.

સ— વાઘેલા વંશના છેલ્લા રાજા કરણના હાથમાંથી ગુજરાતની ગાદી કોના હાથમાં ગઈ અને તે ક્યા સાલમાં?

જ— મુસલમાનના હાથમાં, સન ૧૨૯૭ માં.

સ— ગુજરાતની ગાદી મુસલમાનના હાથમાં શી રીતે ગઈ?

જ— રાજા કરણ જ્યારે ગુજરાતની ગાદીઉપર રાજ કરતો હતો

ત્યારે દીલ્હીની ગાદીઉપર જલાલુદીન ખીલજી નામે કોઇ મુસલમાન બા-
દશાહ હતો, તેના પછી કોઈ અલાઉદીન ખીલજી નામે પાદશાહ થયો
તેણે પોતાના ભાઇ અલફખાં તથા વજીર નસરતખાંને ગુજરાત જીતવાને
મોકલ્યા હતા, તેમાં તેમને ને રાજા કરણને લડાઇ થઇ તેમાં કરણ હારી ને
દેવગઢ તરફ નાશી ગયો; ને તેની રાણીઓ, છોકરા, હાથીઓ વગેરે
સર્વે મુસલમાનોના હાથમાં ગયું. [વિષે ભાટ લોકો શું કહે છે?

સ —ગુજરાતપર મુસલમાને શા કારણથી સ્વારી કરી હતી. અને તે

જ—ભાટ લોકો એવું બતાવેછે કે ગુજરાતના રાજા કરણ પાસે માધવ
અને કેશવ એવા બે પ્રધાન હતા. તેમાં માધવની બાઇરી રૂપવંતી હતી
તેને એ રાજાએ (કરણે) જબરજસ્તીથી છીનવી લીધી; અને વળી કેશવ
પ્રધાનને મારી નાંખ્યો; તે ઉપરથી માધવે દીલ્હી જઇને અલાઉદીનને
સમજાવી ગુજરાતઉપર ચહડાઇ કરાવી, ને ત્યારથી મુસલમાને એ રાજ
લઈ લીધું. [ની કઇને બાદશાહે પોતાની સ્ત્રી કરી રાખી હતી?

સ—એ વાઘેલા વંશની જે રાણીઓ લડાઈમાં પકડાઇ હતી, તેમાં-

જ—એ લડાઇમાં જે રાણીઓ પકડાઈ હતી તેમાંની એક **કોલાદેવી**
નામે હતી તે ઘણી રૂપાળી, બુદ્ધિમાન, અને ચંચળ હતી તેને બા-
દશાહે પોતાની સ્ત્રી કરી રાખી હતી.

સ—વાઘેલા વંશ ક્યાંથી તે ક્યાંસુધી, કેટલાં વરસ ચાલ્યો?

જ—સન ૧૨૨૫ થી ૧૨૯૭ સુધી એટલે ૭૨ વરસ.

## (ચાવડાવંશ).

## ગાદીએ બેઠા તથા રાજ કર્યાના વરસની વંશાવળી.

| રાજાનું નામ. | ગાદીએ બેઠો. | મરણ પામ્યો. | વરસ રાજ કીધું. |
|---|---|---|---|
| જયશીખરી. | ૬૯૬ | ૭૪૬ | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| વનરાજ. | ૭૪૬ | ૮૦૬ | ૬૦ |
| યોગ્યરાજ | ૮૦૬ | ૮૪૨ | ૩૬ |
| ખેમરાજ | ૮૪૨ | ૮૬૬ | ૨૪ |
| ભૂવડ (પીગુ) | ૮૬૬ | ૮૯૫ | ૨૯ |
| વીરસીંગ. | ૮૯૫ | ૯૨૦ | ૨૫ |
| રત્નાદિત્ય | ૯૨૦ | ૯૩૫ | ૧૫ |
| સામંતસિંહજી | ૯૩૫ | ૯૪૨ | ૭ |

## ( સોલંકી વંશ ).

| | | | |
|---|---|---|---|
| મૂળરાજ. | ૯૪૨ | ૯૯૭ | ૫૫ |
| ચામુંડ | ૯૯૭ | ૧૦૧૦ | ૧૩ |
| વલ્લભસેન. | ૧૦૧૦ | ૧૦૧૦ | ૦ |
| દુર્લભસેન. | ૧૦૧૦ | ૧૦૨૨ | ૧૨ |
| ભીમદેવ. | ૧૦૨૨ | ૧૦૭૨ | ૫૦ |
| કરણ. | ૧૦૭૨ | ૧૦૯૪ | ૨૨ |
| સિદ્ધરાજ જયસિંહ. | ૧૦૯૪ | ૧૧૪૩ | ૪૯ |
| કુમારપાળ. | ૧૧૪૩ | ૧૧૭૪ | ૩૧ |
| અજેપાળ. | ૧૧૭૪ | ૧૧૭૭ | ૩ |
| બાળમૂળરાજ. | ૧૧૭૭ | ૧૧૭૯ | ૨ |
| ભોળો ભીમદેવ. | ૧૧૭૯ | ૧૨૪૨ | ૬૩ |
| ત્રિભુવનપાળ. | ૧૨૪૨ | ૧૨૪૪ | ૬૪ |

## ( વાઘેલા વંશ ).

| | | | |
|---|---|---|---|
| વીરધવળ. | ૧૨૪૪ | ૧૨૪૪ | ૦ |
| વીશળદેવ. | ૧૨૪૪ | ૧૨૬૨ | ૧૮ |
| ભીમદેવ. | ૧૨૬૨ | ૧૨૬૨ | ૦ |
| અરજુનદેવ. | ૧૨૬૨ | ૧૨૭૫ | ૧૩ |
| સારંગદેવ. | ૧૨૭૫ | ૧૨૭૯ | ૪ |
| કરણ વાઘેલો. | ૧૨૭૯ | ૧૩૦૪ | ૨ |

# ( ગુજરાતી કહેવતો ).

૧ અણી ચુક્યો સો વરસ જીવે.
૨ અનુગે ગાંડા જીતકાય ચાંપા
૩ આળસ દારિદ્રનાનું મૂળ છે
૪ ઉડતો પવન વાતને લઇ જાય.
૫ ઉતાવળે આંબા પાકે નહીં.
૬ એક પંથ ઔર દો કાજ.
૭ આંગળીથી નખ વેગળા એટલા વેગળા
૮ કહ્યું તે કર્યા બરાબર ગણી લો.
૯ કપાળે કપાળે મત
૧૦ કાલની વાત કાલે છે.
૧૧ કુવાને મ્હોડે ઢાંકણું: કાંઇ જગતને મ્હોડે ઢાંકણું છે?
૧૨ કેડમાં છોકરું ને ગામમાં ઢંઢેરો
૧૩ ખાખરની ખિસકોડી સાકરનો સ્વાદ શું જાણે
૧૪ ચોરનારને ચાર આંખ, જાનારને બે.
૧૫ ચોર ચોરની વાત જાણે.
૧૬ જેનો ઇલાજ નહીં તે તો ભાગવેજ છુટકો.
૧૭ તમારૂં આવરદા મોટું છે.
૧૮ દેખવું નહીં ને દાઝવું નહીં.
૧૯ નવ બોલ્યામાં નવગુણ.
૨૦ નિંદરડે વખાણ.
૨૧ પૈસાને પાંખ છે.
૨૨ પોતે ખાતો પણ નથી ને બીજાને ખાવા દેતો પણ નથી, એ કોના બાપની રીત.
૨૩ પંચ બોલ્યા તે પરમેશ્વર.
૨૪ પાંચ આંગળે પહોંચો સરખા ના.
૨૫ ગાવે નહીં ત્યારે લાજ સમજવી.
૨૬ ભાવતું હતું ને વૈદે કહ્યું.
૨૭ મરજી હોય તો માગીને ખવાય.
૨૮ મ્હોડે મોહોરા પેટમાં કતી.
૨૯ મારે તરીએ તે ડગલા આગળનું આગળ છે, સાત સાંધે ને તેર તુટે.
૩૦ રોકડું નાણું અડી વખતની ઢાલ છે.
૩૧ વખત આવે બધું માલમ પડે.
૩૨ વિધાત્રાના લેખ ટાળ્યા ન ટળે.
૩૩ સમુદ્ર તરીને ખાબોચીઆમાં ડુબવું.
૩૪ સબરસે ભલી ચુપ
૩૫ સાત સોટ્યાણીએ વતર વંકે.
૩૬ સુથારનું મન બાવળીએ.
૩૭ સોમવતી અમાસને શુક્રવાર (એટલે કોઇ દહાડો નહીં.)
૩૮ હરખાને ઠકાણે પરખો નાકરતા.
૩૯ હડિઆને મન હસવું થાય, પણ દેડકાને મન પૂછવું થાય.
૪૦ હાથીની પછવાડે સો કૂતરા ભસેછે, પણ હાથી કાંઇ લખેછે?

## (દરેક શબ્દ સાથે તેનો વિરૂદ્ધ શબ્દ).

આગળા=ઉમાગું.
ઊંચ=નીચ
ઉતાવળે=ધીરે.
ઉદય=અસ્ત
ઉદ્યોગી=આળસુ
ઉપકાર=અપકાર
ભોળીઆ=કપટી.
કરેપત=અંગલી.
કુદરતી=બનાવટનું
કૃતઘ્ન=કૃતજ્ઞ.
ખુશબો=બદબો.
ખુશી=દલગીરી.
જુવાની=ઘડપણ.
ડાહ્યા=ગાંડા,
દાતાર=કૃપણ.
દાના=નાદાન.
ધર્મી=પાપી.
નફો=ખોટ.
નિર્મળ=મલિન.
નેકી=બદી.
પરણેલ=કુંવારો.
પૂરો=અધુરો.
પૈસાવાળો=ગરીબ.
પોતાનું=પારકું.
પહોર=હોણું.
ફળદ્રુપ=ઉજ્જડ.
બચરવાળ=વાંઝ.

ભણેલો=મૂર્ખ.
ભરેલા=ભુખ્યા.
ભારે=હલકા.
ભોગી=ત્યાગી.
મરદાની=જનાની.
મિત્ર=દુશ્મન
મીઠી=કરડી.
યાદ રાખવું=ભુલી જવું.
વધ=ઘટ.
શેઠ=ભિખાર.
વાયું=ગરમી.
વિવાહ=મૃત્યુ.
વૃદ્ધિ=ક્ષય.
શરમાળ=નફ્ફટ.
શરૂ=સમાસ.
શાહુકાર=ચોર.
શોભાસન=રાંડેલી.
શ્રેષ્ઠ=કનિષ્ટ.
સખી=સુમ.
સગા=સાવકા.
સધવા=વિધવા.
સફળ=નિષ્ફળ.
સંપ=ફૂટ.
સ્વર્ગ=નર્ક.
સુખ=દુઃખ.
સ્વતંત્ર=પરતંત્ર.
હરખ=શોક.

# THE ALPHABET (ધી ઍાલફાબેટ) મુળાક્ષર.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| A | a | *A* | *a* | ઍ | N | n | *N* | *n* | ઍન |
| B | b | *B* | *b* | બી | O | o | *O* | *o* | ઓ |
| C | c | *C* | *c* | સી | P | p | *P* | *p* | પી |
| D | d | *D* | *d* | ડી | Q | q | *Q* | *q* | ક્યુ |
| E | e | *E* | *e* | ઈ | R | r | *R* | *r* | આર |
| F | f | *F* | *f* | ઍફ | S | s | *S* | *s* | ઍસ |
| G | g | *G* | *g* | જી | T | t | *T* | *t* | ટી |
| H | h | *H* | *h* | ઍચ | U | u | *U* | *u* | યૂ |
| I | i | *I* | *i* | આઇ | V | v | *V* | *v* | વી |
| J | j | *J* | *j* | જે | W | w | *W* | *w* | ડબલ્યુ |
| K | k | *K* | *k* | કે | X | x | *X* | *x* | ઍક્સ |
| L | l | *L* | *l* | ઍલ | Y | y | *Y* | *y* | વાઈ |
| M | m | *M* | *m* | ઍમ | Z | z | *Z* | *z* | ઝેડ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |

# જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં ચોકબજાર, નાણાવટ અને ભાગાતળાવના બુકસેલરો; **મુંબઇમાં** ભુલેશ્વર આગળ માવજી જેરામના માળામાં **ડાહ્યાભાઈ જગજીવનદાસ;** કાળકાદેવી આગળ દામોદરદાસ ઇશ્વરદાસ, તથા ફરીઆદજી હોરમજજી, પંડીત જેઠારામ મુકુંદજી, વલનજી પરમાનંદ આટેનાળા; વિઠ્ઠલવાડીને નાકે કુંવરજી ભગલ બુકસેલરો; મીબીલતબાન આગળ એમ્રચશા બેજનજી કરાણી બુકસેલર, જકરીઆ મસીદ રઘનાથ પરશોતમ; કોટમાં જહાંગીરજી બેજનજી કરાણી તથા શાપુરજી ફરામજી માંડણ, તથા એમ. મારબી નીકું૦. બુકસેલરો; **વલસાડમાં** કુંવારકાદાસ પરભુદાસ બુકસેલર; **ભરૂચમાં** કંસારાના બજારમાં કાગદી કાદરભાઇ બુકસેલર; **રાજકોટમાં** ગંગારામ પરમાનંદ અને **કરાંચીમાં** સુંદરજી નેણશીરામ, નુરદીન ઇજીમાભાઇ બુકસેલર; **કચ્છમાંડવી** જીવરામ લધીરામ કરદવ, સાંપશા ભીમરાજ પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોય તો **મુંબઇમાં ડાહ્યાભાઈ જગજીવનદાસ** અને **સુરતમાં** સગરામપરે **શેઠ નગીનદાસ ફકીરભાઈ કાસીદાસને** પોષ્ટપેડ કાગળથી લખી જણાવવું, જથાબંધ લેનારને સારૂં કમીશન મળશે.

૦—૧—૬ ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.
૦—૨—૦ ગુ૦ બીજીના અર્થ.
૦—૩—૦ ગુ૦ ત્રીજીના અર્થ.
૦—૪—૬ ગુ૦ ચોથીના અર્થ.
૦—૫—૦ ગુ૦ પાંચમીના અર્થ.
૦—૬—૦ ગુ૦ છઠ્ઠીના અર્થ.
૦—૮—૦ ગુ૦ સાતમીના અર્થ.
૦—૩—૦ ગુ૦ બાળમિત્રના અર્થ.
૦—૨—૦ સુરત જીલ્લાની ભૂગોળ.
૦—૨—૦ મુંબઇ ઇલાકાની ભૂગોળ.
૦—૩—૦ હિંદુસ્તાનની ભૂગોળ.
૨—૦—૦ **છેલની વાર્તા** (બણીજ રમુજી).
૨—૦—૦ **બહીઅલજમાલ** પરીની વાર્તા (બણીજ રમુજી).
૦—૧૨—૦ સુરબાની વાર્તા.
૦—૮—૦ ચતુરસીંગની વાર્તા.

૦—૧૦—૦ **રસીલી મનોરંજક વાર્તા** શૂરો રાજા, અલાદીન, લાખ ગોવાળ, નાગજી આહીર, નાથાશા વાણીઆ, તથા બેચરાજીની વાર્તા.
૦—૬—૬ કોહેડા સંગ્રહ.
૦—૩—૦ મિત્રપાથી.
૦—૧—૦ આંકની ચોપડી.
૦—૧—૦ કક્કાની ચોપડી.
૦—૩—૦ ગ્રાઇમરના મીનિંગ.
૦—૪—૦ અંગ્રેજી પેહેલી ચોપડીના મીનિ...
૦—૬—૦ સેક... મી
૦—૧૦—૦ થે.
૦—૧૨—૦ ...
૦—૩—૦ ...